પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૧૨

જેવા મેં નિરખ્યા રે

૧

(પ્રમુખસ્વામી મહારાજના સાન્નિધ્યમાં સંતોએ અનુભવેલી
તેઓની દિવ્ય પ્રતિભા, પ્રસંગો દ્વારા)

સંકલિત

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

ક્રમિકા

અ.નિ. સંતવલ્લભ સ્વામી

સારંગપુર

પ્રશ્ન : ધારો કે શાસ્ત્રીજી મહારાજ અત્યારે સદેહે વિચરતા હોત તો, પ્રમુખ સ્વામી મહારાજે કરેલા કાર્ય માટે આપની દૃષ્ટિએ શાસ્ત્રીજી મહારાજ કેવો રાજીપો બતાવત ?

ઉત્તર : શાસ્ત્રીજી મહારાજ ને નિર્ગુણ સ્વામી અત્યારે હોત તો તો એ અઢળક ઢળી જાય - એવું કાર્ય થયું છે. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો પ્રમુખસ્વામી ઉપર બહુ રાજીપો હતો. વહેવાર સોંપ્યો એ વખતે પ્રમુખસ્વામી નાના. મુઠ્ઠી હાડકાં જેટલું શરીર, ધોળું-સુકલકડી શરીર.

શાસ્ત્રીજી મહારાજ કહે, 'આવા શરીરે ગાદી શોભે નહીં. માટે શરીર સારું કરો.' તે એમના આશીર્વાદે શરીર સારું થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજનો બહુ રાજીપો. અત્યારે શાસ્ત્રીજી મહારાજ ક્યાં પરોક્ષ છે! અંતર્યામીપણે જુએ છે. એમની દૃષ્ટિએ એ આપણને જુએ છે. એટલે અત્યારે તો આ જોઈને એટલા ખુશી થતા હશે કે 'અહોહો ! પ્રમુખસ્વામીએ શું મારું કાર્ય દીપાવ્યું છે !' એમ બોલતા હશે. નિર્ગુણ સ્વામી અત્યારે હોત તો એ તો આવું કાર્ય જોઈને ઘેલા જ થઈ જાત ! શાસ્ત્રીજી મહારાજ આપણી દૃષ્ટિમાં નથી, પણ દિવ્યદેહે અખંડ અહીં જ છે. વિચરે છે. તે ખૂબ રાજી થાય છે. ગુણાતીતાનંદ સ્વામી, મહારાજ બધા આ દૃશ્ય જોઈ રહ્યા છે. રાજી થાય છે.

શાસ્ત્રીજી મહારાજની એમના પર દૃષ્ટિ હતી અને કાર્ય સોંપ્યું. જ્યારે શાસ્ત્રીજી મહારાજ કાર્ય સોંપતા હતા - ચાદર ઓઢાડતા હતા ત્યારે મગનભાઈ, છગનભાઈ વગેરે બધા કહે : 'આ તો નાના છે. આ શું કાર્ય ઉપાડી શકશે ? આ શું સંપ્રદાય સાચવી શકશે ? સંપ્રદાય વેરવિખેર થઈ જશે. માટે એમને આ ન સોંપવું જોઈએ.' પણ સ્વામી શાસ્ત્રીજી મહારાજ કહે : 'હું જીવ ઓળખું છું. તમને એ ખબર ન પડે.' એમ સ્વામીએ એ કાર્ય

સોંપ્યું. આજે આટલાં વરસ થઈ ગયાં. શાસ્ત્રીજી મહારાજની કૃપા અને મહારાજનો પ્રવેશ, તેથી પ્રમુખ સ્વામી મહારાજે એટલી શાંતિથી કામ લીધું કે સંતો, હરિભક્તો, યુવકો - કોઈનું મન દુખાય નહીં, બધાયને સંતોષ થાય. બધાયનું સચવાય. એવું કાર્ય કરી બતાવ્યું. જોગી મહારાજ હયાત હતા ત્યાં સુધી આ સંસ્થાની એટલી બધી પ્રગતિ કરી ને સર્વોપરી કાર્ય કરી બતાવ્યું. શાસ્ત્રીજી મહારાજે કહેલું કે જોગી મહારાજની છત્રછાયામાં રહી એમની આજ્ઞા પ્રમાણે રહેજો. જોગી મહારાજને કહ્યું કે તમારા જેવા ગુણ ને સાધુતા આપજો.

શાસ્ત્રીજી મહારાજે પહેલેથી ચાદર ઓઢાડતી વખતે કહેલું કે અત્યારે યોગીજી મહારાજ મોટા પુરુષ છે એટલે તે સાધુઓને દીક્ષા આપવી એ બધું કાર્ય કરશે. પણ જોગી મહારાજ ન હોય ત્યારે એ તમારે સંભાળી લેવાનું. સાધુઓને દીક્ષા આપવાનું, સંસ્થાનું કાર્ય અને ગુરુપદ - બધુંય તમારે સાચવી લેવાનું એમ કહીને શાસ્ત્રીજી મહારાજે જોગી મહારાજના હાથમાં પ્રમુખસ્વામીનું કાંડું સોંપેલું.

જોગી મહારાજને અંતર્ધાન થયે ૧૫-૧૭ વરસ થવા આવ્યાં. આખી દુનિયા જાણે છે - જુએ છે કે પ્રમુખ સ્વામી મહારાજે કેવું કાર્ય કર્યું ! શાસ્ત્રીજી મહારાજ પોતાની હયાતીમાં બોલતા કે 'મારી પાછળ દસ વરસ આવું ને આવું કાર્ય થાય તો સત્સંગ બમણો વધી જાય.' પણ પ્રમુખસ્વામીએ બમણાને બદલ દસ ગણો સત્સંગ વધારી દીધો ને દસ ગણું કાર્ય કર્યું છે. અને શ્રીજીમહારાજ ને ગુણાતીતાનંદ સ્વામી અઢળક ઢળી ગયા છે. હજુ મહારાજ-સ્વામીની ઇચ્છા છે કે પ્રમુખસ્વામી દ્વારા જ અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના દુનિયાભરમાં પ્રગટ થવાની છે અને બધાય દેશોમાં અક્ષરપુરુષોત્તમનાં મંદિરો એમના દ્વારા જ એમના હાથે જ થવાનાં છે. એવી સ્વામી-મહારાજની ઇચ્છા છે એમ જણાય છે. એવું શક્તિ ને બળ મહારાજ-સ્વામીએ એમનું આપ્યું છે અને આપશે.'

* * *

'ગુણાતીતાનંદ સ્વામી તે આપણા માટે પરોક્ષ નથી. આ પ્રમુખસ્વામી બેઠા છે. અક્ષરધામના પુરુષ અહીં આવીને બેઠા છે. તેની આંગળી પકડી લઈએ તો વગર દાખડે અક્ષરધામ ! છૂટી ગયેલો ડબ્બો (ટ્રેનનો) રખડી પડે.

માટે આ સત્પુરુષ સાથે આંકડો ભરાવી દેવો તો છેલ્લો જન્મ.

'જે જ્ઞાની છે, બુદ્ધિશાળી છે તેમને મતે તો મહારાજ પૃથ્વી પર પ્રગટ છે, છે ને છે જ. (પંચાળા-૭) અને એવા બુદ્ધિશાળીઓને આ ગુણાતીત પરંપરા દ્વારા મહારાજનું પ્રગટપણું દેખાય.

'આજે ગુરુપરંપરામાં પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ છે. પ્રમુખસ્વામી પોતે જ પુરુષોત્તમ નારાયણ નથી અને આપણે એવું કહેતા પણ નથી. અને જો એવું કહીએ તો પરમાત્માનાના વ્યતિરેક સ્વરૂપનો દ્રોહ થાય. પણ પ્રમુખ સ્વામી મહારાજ પોતે અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુણાતીતભાવને પામ્યા છે. અને અક્ષરધામ થકી મહારાજ અણુમાત્ર અને ક્ષણમાત્ર પણ જુદા ન હોઈ શકે. કારણ કે એ બંનેનો અપૃથક્ સંબંધ છે. તેથી મહારાજ આજે પ્રમુખસ્વામીના ભાવને લીન કરીને પોતે જ સ્વરાટ્ થકા અખંડ પ્રગટ વિચરે છે.

'આપણાં ચર્મચક્ષુ છે તેથી પ્રમુખસ્વામી દેખાય છે, પણ અર્જુનની જેમ દિવ્ય દૃષ્ટિ થાય તો મહારાજ જ દેખાય. તેમનાં દર્શન તે મહારાજનાં દર્શન. (ગ. પ્ર. ૩૭, સારંગપુર-૧૦)

'પ્રમુખસ્વામીએ મહારાજને અંગોઅંગમાં ધાર્યા છે તેથી ભગવાનનું સ્વરૂપ કહેવાય.

'પ્રગટપણે સ્વરૂપનિષ્ઠા નહિ હોય તો વાંધો ભાંગવો કઠણ પડશે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની નિષ્ઠા હોય પણ આજે પ્રમુખસ્વામીની નિષ્ઠા દૃઢ ન થાય તો કલ્યાણમાં ખામી. આત્યંતિક કલ્યાણ ન થાય. પણ શાસ્ત્રીજી મહારાજને, યોગીજી મહારાજને મળ્યા હોઈએ, તેમનો સાચા અર્થમાં સમાગમ કર્યો હોય, ને તેમની સાચી દૃઢ નિષ્ઠા થઈ હોય તો આજે પ્રમુખસ્વામીમાં નિષ્ઠા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના વચને થવી જોઈએ. અને જો પ્રમુખસ્વામીમાં નિષ્ઠા નથી થતી તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની નિષ્ઠા કરી જ નહોતી, તેમને સેવ્યા જ નહોતા.

'વળી, પ્રમુખસ્વામી એ ગુણાતીત છે, દિવ્ય મૂર્તિ છે, ચૈતન્ય મૂર્તિ છે, ધામની મૂર્તિ છે, સાકરનું નાળિયેર છે. તેમાં દેહભાવ નથી, તેમાં ત્યાગભાગ નથી, તેમાં માયિકભાવ નથી... એવો દિવ્યભાવ દૃઢ કરીને તેમનો

તદાત્મકપણાથી નિશ્ચય કરી લેવો કે જેથી ગમે તેવા દેશકાળમાં પણ બીજો રંગ ન લાગે, ડગમગાટ ન થાય, તે સ્વરૂપમાં કદી પણ મનુષ્યભાવ ન આવે, સંશય ન થાય.

'ચાર વેદ, ઉપનિષદો, મહાભારત, ગીતા, રામાયણ, ભાગવત, કુરાન, બાઈબલ વગેરે શાસ્ત્રો વાંચીને, વિચારીને, સમજીને આપણે તો અત્યારે એ જ સમજવાનું છે કે પૂર્વે જે જે રામ-કૃષ્ણાદિ અવતારો તથા ઈશુખ્રિસ્ત, મહંમદ પયગંબર વગેરે પ્રગટ્યા છે, તે સર્વે તથા સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અને ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એ સર્વે આજે પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા સાક્ષાત્ પ્રગટ છે.'

(પ્રવચનનાં ચૂંટેલા અંશો)

* * *

બાલમુકુંદ સ્વામી
ગોંડલ

પરમપૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજના પ્રસંગમાં આવ્યા પછી એમની સાધુતાના ગુણો અને એમનામાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ રહ્યા છે, તેના અનુભવો લખું છું.

ભાદરા મંદિરની પ્રતિષ્ઠાનું કામકાજ ચાલતું હતું. ૧૯૬૯ની સાલમાં યોગીબાપા પ્રતિષ્ઠા પહેલાં ઘણો સમય ભાદરા રહેલા અને યુવકો-સંતોની સેવા ઉપર દેખરેખ, માર્ગદર્શન આપતા. કથાવાર્તા કરીને બળ આપતા. એ સમયે સ્વામીશ્રી(પ્રમુખ સ્વામી મહારાજ)ને તો ઘડીની નવરાશ રહેતી નહીં. રાતના પણ મોડે સુધી સેવામાં હોય. પાણીની પાઈપનું કામ ચાલતું ત્યારે એકવાર મેં એમને થાક્યા પાક્યા રેતીના ઢગલા ઉપર કાંઈ પણ પાથર્યા વિના સૂતેલા જોયા હતા ! સંસ્થાના પ્રમુખ, સંપ્રદાયના વડીલ સંત અને સેવકો એક કહેતાં પાંચ મળે એવી સ્થિતિમાં પણ એમણે ક્યારેય ગુરુભક્તિ માટે કે ઠાકોરજીની ભક્તિ માટે દેહને ગણકાર્યો નથી.

સ્વામીશ્રીની ભક્તવત્સલતાનો પાર નથી. બ્રહ્મસ્વરૂપ યોગીબાપા સ્વધામ પધાર્યા પછી એમણે યોગીબાપાની ખોટ સાલવા દીધી નથી. યોગીબાપા જે રીતે સુખ આપતા, લાડ લડાવતા તેવી જ રીતે પ્રમુખ સ્વામી મહારાજે લાડ લડાવ્યા છે.

સ્વામીશ્રી ૧૯૮૪માં પરદેશ હતા, ત્યારે મારે પથરીના દુખાવાને કારણે રાજકોટમાં ઑપરેશન કરાવવાનું થયેલું. અમદાવાદના સત્સંગી ડૉક્ટર બાજડિયા સાહેબ સેવામાં હતા. પરંતુ ઑપરેશન કરનાર ડૉક્ટરે કોઈને પૂછ્યા વિના મારી એક સાજી-સારી કિડની કાઢી નાખી હતી ! મને તો આ વાતની ખબર જ ન હતી. એવામાં ડાબી બાજુની ઓછું કામ કરતી કિડનીને કારણે બ્લડ યુરિયા વધતો ગયો. ડૉ. બાજડિયાએ તપાસ્યું ત્યારે ખબર પડી કે એક કિડની જ કાઢી લેવાઈ છે ! સ્વામીશ્રી મુંબઈ આવી ગયા હતા તેથી

ત્યાં ફોન દ્વારા જણાવ્યું. સ્વામીશ્રીએ તાત્કાલિક મને મુંબઈ મોકલી દેવા માટે આજ્ઞા આપી. અમે પ્લેનમાં મુંબઈ આવ્યા, ત્યારે સ્વામીશ્રીને પ્લેન દ્વારા અમદાવાદ જવા નીકળવાનું હતું. તેથી દાદર મંદિરના ચોકમાં મારી રાહ જોતાં ખુરશીમાં બિરાજ્યા હતા. હું મંદિરે પહોંચ્યો, ને એમ્બેસેડરમાંથી નીચે ઊતરતો હતો, ત્યાં સ્વામીશ્રી કહે : 'ઊતરશો નહીં, હું આવું છું.....'

પછી એકદમ નજીક આવી મને આશીર્વાદ આપ્યા. લાલજી મહારાજની મૂર્તિનાં દર્શન કરાવ્યાં. પછી ચાંદલો કરી મારે ખભે હાથ મૂકી કહે : 'હવે ઠાકોરજીનાં દર્શન કરીને દવાખાનામાં દાખલ થઈ જાવ, મહારાજ બધું સારું કરશે.....'

હું દવાખાને દાખલ થયો. ડૉક્ટરોએ રિપોર્ટ તપાસીને કહી દીધું કે આ કેસ બચે તેમ નથી ! પરંતુ સત્સંગી ડૉક્ટરોએ બે વાર ડાયાલિસીસ કર્યું. ત્યાં કિડની કામ કરતી થઈ ગઈ ! મને ૧૯ દિવસે રજા મળી. કાંઈ જ ખવાતું-પીવાતું નહીં. ગ્લુકોઝના બાટલા ચડ્યા કરતા. એકવાર મેં મનોમન બાપાને પ્રાર્થના કરી, 'હવે આપની શું ઇચ્છા છે ?' એ જ વખતે મને ઠંડું પાણી પીવાની ઇચ્છા થઈ. હું ક્યારેય કુલર કે ફ્રીઝનું પાણી પીતો નથી. પણ તે દિવસે ત્રણ ગ્લાસ ઠંડું પાણી પી ગયો અને ખાવા-પીવાનું પણ શરૂ થઈ ગયું ! ડૉક્ટરોને ચાર માસ બાદ બતાવવા ગયો, ત્યારે તેમણે કહ્યું હતું કે હવે તમારે દવાની પણ જરૂર નથી.

એ પછી થોડા સમય બાદ મને પોરબંદરમાં કિડનીનો દુખાવો શરૂ થયો. અમે ગોંડલ આવ્યા, ને કોઠારી જ્ઞાનપ્રસાદ સ્વામીએ સ્વામીશ્રીને અમદાવાદ ફોન કરીને જાણ કરી.

સ્વામીશ્રી કહે : 'બોટાદ ડૉ. ધાનાણીને બતાવો, ને ત્યાં ન પતે તો અમદાવાદ લાવજો....' પણ પછી તો સ્વામીશ્રીની આજ્ઞાથી મુંબઈ ડૉ. કિરણ દોશીની સારવારમાં જવાનું થયું ને પથરી પેશાબ વાટે નીકળી ગઈ. આમ બે વાર રક્ષા થઈ.

ખાસ લખવાનું કે આજે શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી સ્વામીશ્રી દ્વારા પ્રગટ છે અને સત્સંગમાં વિચરણ કરે છે. પોતાના ભક્તોનાં કામ કરે છે. હું ગોંડળમાં ૧૯૭૦ થી ૧૯૮૧ સુધી કોઠારી હતો. તેમાં પણ અનેક પ્રસંગોએ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા, ને તે સેવા થઈ છે.

કારણ કે મેં મંદિરનો આવો મોટો વહેવાર કોઈ દિવસ પણ સંભાળ્યો નહોતો. પણ સ્વામીશ્રીની દયાથી સેવા થઈ. આજે પણ એમના બળથી જ, આશીર્વાદથી જ કથાવાર્તા થઈ શકે છે. આવી રીતે સ્વામીશ્રી કાયમ બળ આપતા રહે, ને સેવા થાય એ જ પ્રાર્થના.

* * *

સત્સંગનો બાળપણથી જ યોગ એટલે શરૂઆતનાં વર્ષોમાં પ્રમુખ સ્વામી મહારાજને 'નારાયણ સ્વામી' તરીકે નિહાળેલા. ત્યારે શાસ્ત્રીજી મહારાજનો જ પ્રભાવ સમગ્ર સત્સંગ સમાજ ઉપર છવાયેલો હતો. તેથી કેન્દ્રમાં તેમનું જ આકર્ષણ વિશેષ રહે. અમે નાના હોવા છતાં શાસ્ત્રીજી મહારાજ પ્રેમથી બોલાવતા - મળતા ને હેત કરતા.

નિર્ગુણ સ્વામી બાળકો-યુવકોને બોલાવતા, ને સત્સંગની સમજ આપતા ને કીર્તનો - 'દયાળુ પ્રભુ અક્ષરપુરુષોત્તમ'; 'અમે સૌ સ્વામીના બાળક' વગેરે શીખવતા. તેથી તેઓ પણ નજીક ખરા. તે જ રીતે યોગીજી મહારાજ પણ બાળકો-યુવકોને પ્રેમથી બોલાવતા ને સ્વામીની વાતો-ધૂન વગેરે શીખવતા - તેથી તેઓ પણ વધુ નજીક. કારણ, તેમનું સમગ્ર સાધુ વ્યક્તિત્વ બ્રહ્માનંદની મસ્તીમાં રમતું. સહેજે જ શાસ્ત્રીજી મહારાજ પછી સૌનાં તન ને મનમાં તેમનું વ્યક્તિત્વ આકર્ષણનું કેન્દ્ર બનતું.

ત્યારે મંદિરોમાં સારંગપુરનું આકર્ષણ વિશેષ રહેતું. કારણ, શાસ્ત્રીજી મહારાજ ઘણું ખરું ત્યાં બિરાજતા હોય અને મંદિરની ભવ્યતા ને સ્થળની પ્રાચીનતા બાળમાનસ ઉપર ગૌરવ સાથે દિવ્યતા હંમેશાં પાથરતી રહેતી.

ત્યાં પ્રમુખ સ્વામી મહારાજનાં દર્શનનો યોગ થતો. ઘણું ખરું તેઓ ત્યાં તે સમયે કોઠારી તરીકે સેવા આપતા. જૂના વૃદ્ધ સંત હરિકૃષ્ણ સ્વામીની સાથે વહીવટ સંભાળતા. વળી પ્રમુખસ્વામી કોઠારમાં સેવા કરતા. સંતસ્વામી, સનાતન સ્વામી તથા ધર્મકિશોર સ્વામી પૂજામાં હોય. હરિજીવનદાસ સ્વામી, રામજીભગત મંદિર બાંધકામ ને સેવામાં હોય.

તે વખતની એક વિશેષ સ્મૃતિ આજે પણ તાજી છે કે અમે નાનાં બાળકો - એટલે બીજા સંતો બોલાવે, ગમ્મત કરે, મજાક ખાતર થોડા હેરાન પણ કરે. પ્રમુખ સ્વામી મહારાજને કોઈ દિવસ અમને એવું કરતા યાદ

નથી. પહેલેથી જ ધીર-ગંભીરતા અને એક જાતની અદબ તેમના જીવનમાં નિહાળવા મળતી.

એ છાપ એટલી બધી દૃઢ બની રહી કે ત્યાર પછીનાં વર્ષોમાં જેમ-જેમ સત્સંગની સમજ આવતી ગઈ તો પણ એ પ્રતિભા એટલી જ અદબવાળી - મનોભૂમિકા ઉપર અંકાયેલી રહી. તેને કારણે તેમની નજીક આવવાનું બહુ ઓછું બન્યું.

સુવર્ણ જયંતી સભામાં શાસ્ત્રીજી મહારાજની સાથે કેળથી સુશોભિત મંચ ઉપર નાજુક કાયામાં બેઠેલા સ્વામીશ્રી હજુ યાદ છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણ સવામી ને બીજા સંતોની સ્મૃતિ તાજી છે. પણ હંમેશાં પાર્શ્વભૂમાં સેવા કરતા પ્રમુખ સ્વામી મહારાજની સ્મૃતિ ઝાંખી રહી.

પછી તો યુવક તરીકે યોગીજી મહારાજ સાથે ફરતા ત્યારે ઘણી વાર પ્રમુખ સ્વામી મહારાજ સાથે હોય. ત્યારે જો કે બહુ નજીકથી પરિચય ઓછો રહ્યો. તેઓ હંમેશાં તેમના કામમાં - ટપાલ લખવામાં - પધરામણીમાં હોય. અમે બધા અમારી પ્રવૃત્તિમાં ગુંથાયેલા હોઈએ. ગામડાંઓમાં ખાસ કરીને સત્સંગિજીવન, ભક્તચિંતામણિ વગેરે ગ્રંથોની પારાયણ કરતા. તે મને-કમને અમે સાંભળવા બેસતા. ખાસ તો યોગીબાપા બધા યુવકોને આગ્રહ કરી બેસાડતા.

પણ ૧૯૫૯-૬૦માં યોગીજી મહારાજની સેવામાં આફ્રિકા જવાનું થયું. ત્યારે પ્રમુખ સ્વામી મહારાજ સાથે હતા. સંતસ્વામી ને બાલમુકુંદ સ્વામી પણ સાથે હતા. મંડળ નાનું એટલે આમ તો સૌ સૌની પ્રવૃત્તિમાં હોય. વળી સંતસ્વામી ને બાલમુકુંદ સ્વામી પણ ઘણો સમય અમારાથી વિચરણને કારણે જુદા રહ્યા તેથી તો મંડળ ખૂબ જ નાનું થઈ ગયું. આવા સંજોગોમાં પ્રમુખ સ્વામી મહારાજ અમને જ્યાં જરૂર પડે ત્યાં તુરત મદદમાં આવી જતા. દરરોજ સવારે હરિકૃષ્ણ મહારાજને જગાડવા ને સ્નાન કરાવી તૈયાર કરવા ને યોગીજી મહારાજની પૂજા ગોઠવવાનું સ્વામીશ્રી નિયમિત પણે સંભાળતા! ટૂંકમાં ઠાકોરજીની સેવા એમણે સંભાળી લીધી હતી.

જાહેર સત્સંગ સભાઓમાં યોગીજી મહારાજ એમને આગ્રહ કરીને બોલાવતા. સ્વામીશ્રીને તે વખતે જાહેરમાં પ્રવચનો કરવાનું ગમે નહીં. પણ યોગીજી મહારાજ ઓળખાણ આપે કે 'હવે અમારી સંસ્થાના પ્રમુખ

નારાયણ સ્વામી પ્રવચન કરશે. સૌ શાંતિથી સાંભળશો...' એટલે એમને ન છૂટકે બોલવું પડે. ત્યારે ૨૦ થી ૨૫ મિનિટ વાતો કરતા. આત્મા-પરમાત્માની વાતનો સૂર મુખ્ય રહેતો.

આજે પણ એક અમીટ છાપ તે વખતની પડેલી છે. તે હજુ આંખ સામે જેમ છે તેમ તરવરે છે. તે વખતે હું સંતોની રસોઈ કરતો. તેમાં સંતમંડળ આખું મોળી રસોઈની રુચિવાળું હતું. યોગીજી મહારાજને મોળું ને ફીક્કું જમવાનું જોઈએ. તેલ-મસાલાનો તમતમાટ તેમને ફાવતો નહીં. સંતસ્વામી ને બાલમુકુંદ સ્વામી પણ મોળું જ જમતા. રહ્યા એક પ્રમુખ સ્વામી મહારાજ. તેઓ તીખું જમી શકતા ને તીખું હોય તો તેમને રુચે. પણ ૯ મહિના સુધી જે સર્વ સામાન્ય રસોઈ મને આવડે તેવી હું બનાવતો. કારણ, હું પણ શીખાઉ હતો. પરંતુ ક્યારેય પ્રમુખ સ્વામી મહારાજે રસોઈ અંગે ટકોર કરી નથી. રસોઈમાં ભૂલ થવાનો સંભવ હતો પણ એમણે ક્યારેય સૂચન કર્યું નથી કે 'આમ હતું કે તેમ હતું.' અથવા 'આમ કરવું કે તેમ કરવું.' તેમજ કોઈ વસ્તુ બનાવવાનું નાનું અમથું સૂચન પણ નહિ. પત્તરમાં જે પીરસીએ તે તેઓ નત મસ્તકે - મહારાજને સંભારીને જમી જતા. ત્યારે પ્રથમ પરિચય થયો કે આ વિભૂતિ સ્વાદથી પર છે.

આટલા બધા દિવસો-મહિનાઓ સાથે રહ્યા પણ કોઈ નિમિત્ત વગર એમની સાથે વાતચીતના કે ગમ્મતના પ્રસંગો પણ ખાસ બન્યા નહીં. ત્યારે એમના મીતભાષીપણાનો ને જ્ઞાનગંભીરતાનો વિશેષ અનુભવ થયો.

આફ્રિકાની યાત્રા પૂરી કરી અમે એડન શહેરમાં એક અઠવાડિયું રહેલા. એડનમાં હું એક નાજુક-સુંદર 'શેફર' બોલપેન બજારમાંથી ખરીદી લાવ્યો. પ્રમુખ સ્વામી મહારાજ સતત પત્રો લખતા તેથી થયું તેમને અનુકૂળ આવશે. ને આવી રૂપકડી પેન ગમશે પણ ખરી. એમણે પેન સ્વીકારી પણ ખરી. પણ ગમા-અણગમાનો કોઈ વિશેષ પ્રતિભાવ જણાવ્યો નહીં. ત્યારે ખબર પડી કે માત્ર મને રાજી કરવા જ ગ્રહણ કરી છે.

એ વખતે એક બીજો પણ અનુભવ થયો. એડનથી મુંબઈ આવવા અમે રાત્રે પ્લેનમાં નીકળ્યા. ત્યારે અમારે બંનેને સાથે બેસવાનો અવસર આવ્યો. અને જીવનમાં પહેલી જ વાર એમની સાથે કલાકો સુધી વાતો થઈ. તે વખતે મુંબઈ પહોંચતાં જ યોગીબાપા અમને દીક્ષા આપવાના હતા. તેથી

યુવકોના સાધુ થવા અંગેની ઘણી વાતો થઈ. કોણ-કોણ તૈયાર છે અને શું તેમની ભૂમિકા - વિગતો છે તેની પણ ઘણી ચર્ચાઓ થઈ.

ખાસ તો તે વખતે સંસ્થામાં રહીને - સંસ્થાના સિદ્ધાંત વિરુદ્ધ પ્રવૃત્તિ કરતા દાદુભાઈ પટેલ અને તેમના કુટુંબ-પરિવારની સમજણ ને વર્તણૂંક અંગે પણ ચર્ચા થઈ. જો કે તેઓ ઘણી બાબતોથી પરિચિત હતા, પણ અમારા યુવકોના સ્તરે પણ એ પ્રકારના કુસંગનું કેટલું બળ છે તેના કેટલાક ખુલાસાઓ થયા.

પછી તો અમને દીક્ષા મળી. તે પછી ૧૯૬૫ ફેબ્રુઆરીમાં શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ થયો ત્યારે સાથે સેવા કરવાનો અવસર મળેલો. જો કે મારે પ્રદર્શન ને સજાવટની જવાબદારી હતી. જયારે સ્વામીશ્રી તો સમગ્ર આયોજનમાં ઘૂમી વળતા ને રાત-દિવસ, દેહના આરામ કે ભોજનની પરવા કરતા નહિ.

વિશેષ નજીક આવવાનું થયું - ૧૯૬૬માં. પંચતીર્થીમાં - ડાંગરા મંદિરમાં, મંદિરના દેરાની બાજુમાં જ બુંગણ પર જ સાથે સૂવાનો લાભ મળેલો. ઘણા સંતો ને યુવકો સાથે જ સૂતા હતા.

ત્યાર પછી એજ વર્ષે એક વિશિષ્ટ દર્શન થયું. ૭૫મી યોગી જયંતી વિદ્યાનગરમાં ઉજવવાની અગાઉથી નક્કી થયેલી. પાછળથી સંસ્થામાંથી દૂર કરવામાં આવેલા દાદુભાઈ અને તેમના હેતવાળા આ ઉત્સવની તૈયારીમાં હતા. આ નિર્ણય થઈ ગયા પછી સંસ્થા તથા ધર્મનિયમ વિરુદ્ધની તેમની પ્રવૃત્તિને કારણે વાતાવરણ ઘણું ગુંચવાયું હતું. અને વિદ્યાનગરની જયંતીનો ઉત્સવ બંધ રાખવો એવું વિચારાઈ રહ્યું હતું.

આ સમાચાર મળતાં વિદ્યાનગરથી દાદુભાઈના માણસો, આફ્રિકાના બેચરભાઈ પટેલ, આણંદના ગોરધનભાઈ કોન્ટ્રાક્ટર અને સોખડાના જશભાઈ એકાએક અમદાવાદ આવી પહોંચ્યા. યોગીજી મહારાજ અને પ્રમુખ સ્વામી મહારાજ અમદાવાદમાં બિરાજતા હતા. સાંજનો સમય હતો. મંદિરના ચોકમાં સત્સંગસભા ભરાઈ હતી. ને તેઓ એકદમ આવીને સ્વામીશ્રીને મળવા માગતા હતા. યોગીજી મહારાજ અને સ્વામીશ્રી મંદિર પાછળના જૂના સભામંડપમાં તેમની સાથે ગયા. વિદ્યાનગરથી આવેલા સંસ્થાના વિદ્રોહીઓ ખૂબ ઉશ્કેરાયેલા હતા ને આવતા વેંત જ યોગીજી

મહારાજની હાજરીમાં સ્વામીશ્રીને જેમ તેમ બોલવા લાગ્યા ! જાણે તેઓ જ સંસ્થાના ધણી હોય તેમ, જેમ આવે તેમ પ્રમુખસ્વામીને ભાંડવા લાગ્યા. એક બે ભક્તો આ જોઈ ગયા. તેથી અમને કહ્યું. અમે સૌ ત્યાં ભેગા થઈ ગયા.

અહં, મમત્વ ને અવળા પક્ષને કારણે આ લોકો દિશા ભૂલ્યા હતા. ને યોગીજી મહારાજ કે સ્વામીશ્રીની મર્યાદા ચૂકીને- ખાસ તો પ્રમુખસ્વામીને બેફામ સંભળાવતા હતા... 'હવે તો તમારી તંગડી નીચે મૂકો' વગેરે...' આ શબ્દોથી કેટલાક યુવાન ભક્તો ઉશ્કેરાઈ ગયા અને સીધા જ ઓરડાનાં બારણાંને ધક્કો મારી અંદર પ્રવેશ્યા. સ્વામીશ્રીનું આવું હડહડતું અપમાન જોઈને કોઈ ઝાલ્યા રહ્યા નહીં. ને તે આગંતુકોને ત્યાં ને ત્યાં જ ઉધડા લીધા એ જોઈને પ્રમુખ સ્વામી મહારાજ અમને સૌને વારવા લાગ્યા, 'તમે બધા બહાર નીકળી જાવ. તમારે કાંઈ કરવાનું નથી. મારી સાથે વાત કરવા આવ્યા છે, તો પૂરી વાત કરવા ધો. તમે બધા જતા રહો.' એમ સ્વામીશ્રી પોતાથી બનતી બધી જ શક્તિથી અમને પાછા કાઢતા હતા. પણ સૌમાં ઉશ્કેરાટ ઘણો જ હતો. તેથી ત્યાં જ મિટિંગ પૂરી થઈ ગઈ. વિદ્યાનગરથી દોડાદોડ આવેલા વિરોધીઓ વાતાવરણને પામીને તુરત બહાર નીકળી ગયા. તેમને કોઈ કાંઈ કરે નહીં એ હેતુથી પ્રમુખ સ્વામી મહારાજ તેમને ઠેઠ દરવાજા સુધી આગ્રહપૂર્વક મૂકવા ગયા ને અમને સૌને બને તેટલા જોશથી પાછા કાઢ્યા. ત્યારે પરિચય થયો કે હડહડતું અપમાન કે વિદ્રોહને પણ આ પુરુષ ખૂબ જ સ્વસ્થતાથી ને શાંતિથી ગળી જઈ શકે છે. ને ગમે તેટલા વિરોધ કે અપમાનજનક આચરણને પણ સહજતાથી આદર આપી શકે છે.

તે વખતના ઘણા પ્રસંગોમાં સ્વામીશ્રીની ધીરજ, સ્વસ્થતા, શાંતચિત્તતા ને જ્ઞાનગરિમાનો અદ્‌ભુત અનુભવ થયો. વિરોધીઓના આક્રોશને પણ ઉદ્વેગરહિત આવકારીને એમના અવિચારીપણાને શાંતિથી સહી લઈને કંઈક સમાધાનકારી સારું પરિણામ લાવવાની તેમની તત્પરતા, આવા અતિ વિપરીત સંજોગોમાં પણ દેખાતી, સહેજે બહાર આવતી ત્યારે આશ્ચર્યમાં ખોવાઈ જવાતું હતું.

મેરુ જેવી તેમની સાધુસહજ નિશ્ચલતાનો ને નિર્ભયતાનો ખૂબ-ખૂબ પરિચય થયો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં દિવ્યકાર્યને અને આદેશને જ નજર સમક્ષ રાખીને પોતાની જાતને સતત અવગણીને વર્તવાની તેમની આ અલૌકિક રીત જ તેમના ગુણાતીત સ્વરૂપનાં દર્શન

સૌને કરાવતી હતી.

યોગીજી મહારાજના અમૃત મહોત્સવમાં તો સાથે જ સેવા કરવાનો લાભ મળ્યો. જો કે અમે તો પ્રદર્શન, સુશોભન, નગરયાત્રા વગેરેનાં આયોજનમાં હતા. પણ સ્વામીશ્રી એક સાથે અનેક આયોજનોને એકલે હાથે પાર પાડતા હતા. તમામ વિભાગના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા ને જરૂર પડે ત્યાં પોતે પણ જોડાતા. પોતાની જાત દેખરેખથી કામ લેવાની તેમની ચીવટ કાર્યને ખૂબ વેગ આપતી; કાર્યકર્તાઓને સતત બળ આપતી અને કઠણમાં કઠણ કામો પણ સહેજે પાર પાડતી. આવો જ અનુભવ ભાદરા-ગુણાતીત જન્મસ્થાન પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ થયો.

યોગીજી મહારાજના અક્ષરધામગમન પછી શ્રીજીમહારાજના દ્વિશતાબ્દી મહોત્સવે એમણે લીધેલો નિર્ણય આશ્ચર્યકારી હતો. બરાબર મહોત્સવ સમયે જ ગુજરાતમાં અનામત આંદોલન ફાટી નીકળ્યું અને મહોત્સવને પાછું ઠેલવાનું બધા વિચારતા હતા. પણ સ્વામીશ્રીએ મક્કમતાથી કહ્યું કે ઉત્સવની તૈયારી ચાલુ રાખો ને ઉત્સવ નિયત સમયે થશે જ, કરવાનો જ છે, ને મહારાજ દેશકાળ સારા કરી દેશે. એ પ્રમાણે જ થયું.

એવું જ ૧૯૮૫માં ગુણાતીત દ્વિશતાબ્દી પ્રસંગે થયું. વરસાદે ઘણું ખેંચ્યું હતું. સમાજના ઘણા બૌદ્ધિકો - સામાજિકો ના પાડતા હતા. પણ સ્વામીશ્રીના આશીર્વાદથી ઉત્સવ પહેલાના પખવાડિયામાં જ ખૂબ વરસાદ થયો. ને સૌની તરસ છીપી. ઉત્સવ રંગેચંગે પૂરો થયો.

સૌથી વિશિષ્ટ અનુભવ 'અક્ષરધામ' નિર્માણમાં થયો. સને ૧૯૭૧માં સાંકરી મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના આયોજન અંગે સંતોની એક મિટિંગ સ્વામીશ્રી સાથે યોજાઈ. આ પ્રાથમિક મિટિંગમાં એક પ્રસ્તાવ અમે મૂક્યો કે દ્વિશતાબ્દી સ્મારક રચવું. સ્વામીશ્રીએ તે વધાવી લીધો ને વધુ વિચારવા અનુમોદન આપ્યું.

એ પછી સ્વામીશ્રી તરફથી જે પ્રેરણા મળતી રહી તે ઘણી જ મહત્વની હતી. કારણ 'અક્ષરધામ' નિર્માણમાં અને તેની સફળતામાં તે પ્રેરણાનો મહત્ત્વનો ફાળો રહ્યો. શરૂમાં અમે સ્મારક નિમિત્તે એક કીર્તિસ્તંભ ઊભો કરવાનું વિચારતા હતા પણ તે વિચાર બદલાયો. તે પછી શ્રીજીમહારાજનું જીવનદર્શન કરાવતું એક પ્રદર્શન કરવાનું વિચાર્યું, જેના માટે એક સારી

ઈમારત ઊભી કરવી, એમ નક્કી થયું.

નાના બજેટમાં ને ટૂંકા ગાળામાં જ સ્મારક સર્જાઈ શકે તે માટે અમે ક્રોંક્રિટ(આર.સી.સી.)માં જ સારી ઈમારત ઊભી કરવા વિચારતા હતા ત્યાં સ્વામીશ્રીએ દિશા આપી કે સ્મારક ભવન પથ્થરનું જ, સારામાં સારું કરવું જેથી હજારો વર્ષો સુધી સ્મૃતિચિહ્ન બની રહે.

આ માટે સ્વામીશ્રીની કૃપાથી, કેટલાક સોમપુરાઓની સલાહથી બંસીપહાડપુરના ગુલાબી પથ્થરની ભાળ થઈ. જે સ્વામીશ્રીને પસંદ પડ્યો ને ખર્ચ વધે તેમ હતું પણ ગુલાબી પથ્થર જ વાપરવો એમ તેમણે બીજો નિર્ણય આપ્યો.

સ્થળ માટે પણ દ્વિધા હતી. ગઢપુર મહારાજનું ધામ, ત્યાં કરી શકાય. Tourism.ને મહત્ત્વ આપવું હોય તો અમદાવાદ કરવું. પણ છેવટે ગાંધીનગરમાં જ યોગીજીમહારાજની પ્રસાદીભૂત જગ્યાએ જ સ્મારક કરવાનો અંતિમ નિર્ણય સ્વામીશ્રીએ જ લીધો.

કેવું કરવું ? કેવું થશે ? વગેરે પ્રશ્નો તો અમને મૂંઝવતા જ હતા. પણ એમની પ્રેરણાથી જ દેશના જુદા જુદા નિષ્ણાત કલાકારો પાસેથી માર્ગદર્શન મળતું ગયું. ક્યાં ક્યાંથી આવી પડેલી સહાય આજે પણ અમને અચરજ પમાડે છે. ત્યારે એટલું જ સમજાય છે કે સ્વામીશ્રીએ જ વિવિધ સ્વરૂપે અમને આગળ દિશા સુઝાડી અને એમની ઉત્તમ પ્રેરણાઓના સરવાળે આજનું 'અક્ષરધામ' નિર્માયું.

વિશ્વના એક ઘણા અનુભવી અને વિખ્યાત કલાનિર્દેશક પ્રો. જેરોસ્લોવ ફ્રીચને પણ સ્વામીશ્રીનાં દર્શન ને સાધુતાથી જ પ્રેરણા થઈ કે મારે સ્વામીશ્રીની સેવા કરવી. અને વિશ્વના એક વિશિષ્ટ - મલ્ટી મિડિયા શૉ- નું નિર્માણ થયું. તેમાં વિષય પણ સ્વામીશ્રીએ જ સૂચવેલો જેમાંથી આત્મા-પરમાત્માની સનાતન ટેકનોલોજીનો આધુનિક ટેકનોલોજી સાથે સુમેળ સધાયો.

દાદાના દરબારમાં શ્રીજીની એ બોલતી પ્રતિકૃતિ, સંતોનું કીર્તનગાન ને ભક્તોની સભાનું દૃશ્ય - ઘણું મોઘું સર્જન. એ પણ સ્વામીશ્રીની પ્રેરણાથી જ સંપન્ન થયું.

આમ અક્ષરપતિ પૂર્ણ પુરુષોત્તમના આ સ્મારકને સર્વાંગ સંપૂર્ણ

બનાવવામાં સ્વામીશ્રીએ કેટકેટલી પ્રેરણાઓ આપી, કલાકો સુધીનો પોતાનો સમય આપ્યો ને આર્થિક દૃષ્ટિએ અશક્ય એવાં આયોજનોને બહાલી આપી.

છતાં છેવટની ક્ષણ સુધી અમે તો મુઝાતા જ હતા કે કેમ થશે ? કેવું થશે ? સ્વામીશ્રીને ગમશે કે કેમ ? તેમને પ્રાર્થના કરતા હતા. તેઓ પણ અમારી કસોટી કરતા હોય તેમ અવારનવાર અમને ટકોર કરતા ને ક્યારેક ઠપકો પણ આપતા કે જો જો સ્મારક સહેજ પણ ઊણું ન ઊતરવું જોઈએ, બરાબર મંડજો. સમયસર થવું જોઈએ, નહિ તો નાક કપાશે !

એથી તો અમારી મૂંઝવણ ઓર વધતી કે જે પ્રેરણામૂર્તિ છે તે જ આમ શંકા કરે છે તો શું થશે ? પણ છેવટે સમયની ભયંકર કટોકટી ને નાનીમોટી કસોટીઓને અંતે કેવળ એમની પ્રેરણાથી જ બધું સમુંસૂતરું પાર ઊતર્યું ને પોતે અક્ષરધામનાં સર્જક-પોતાની જ કૃતિ નિહાળી રાજી થયા ! સંતોષ વ્યક્ત કર્યો !

ગોંડલમાં સ્વામીશ્રીની ૭૧મી જયંતી પ્રસંગે ૧૯૯૧માં એક યાદગાર પ્રસંગ બની ગયો. સંતો સ્વામીશ્રીને ફૂલહાર અર્પણ કરતા હતા. મારે ભાગે એક ધાણીનો હાર આવ્યો હતો. મેં સ્વામીશ્રીને પહેરાવ્યો અને પગે લાગ્યો. ત્યાં મને કોઈએ કઠોળનો હાર સ્વામીશ્રીને ધરાવવા આપ્યો. તે બહુ જ ભારે, એટલે હાથમાં ઊંચકતા જ ભાર લાગે. તેથી હું સ્વામીશ્રીની નજીક ગયો ત્યારે મારાથી સહેજે બોલાઈ ગયું કે 'બાપા! આ હાર બહુ ભારે છે. નહીં પહેરી શકાય.' મારા મનમાં પણ તે પહેરાવવા અંગે ઘણો ખચકાટ હતો. મારું વાક્ય પૂરું થાય તે પહેલાં સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા, 'હલકો ને ભારે બંને પહેરવા પડે. સુખ ને દુઃખ બંને જોઈએ!' એમ કહેતાં ભારે હાર પણ અંગીકાર કર્યો. આ એક જ વાક્યમાં સ્વામીશ્રીએ પોતાના મિષે મને સમજાવી દીધું કે સુખ ને દુઃખ બંને જોઈએ. આમ તો સુખ ને દુઃખ મનના માનેલા છે. પણ જીવનમાં ભગવાન ને સંત બે જ પ્રધાન થઈ જાય તો સુખ- દુઃખ લાગે જ નહીં.

એક ઘટના અમેરિકામાં C.F.I. પ્રસંગે ૧૯૯૧માં બની. તે પણ ભૂલી શકાય તેમ નથી. ૨૦ જુલાઈનો દિવસ. ગુરુભક્તિ દિન સમારોહમાં ભક્તોના પ્રેમવશ સ્વામીશ્રી ન્યૂજર્સીમાં આવેલા વિશાળ Expo Hall માં પધાર્યા. બાળકો-કિશોરો-યુવકોએ નૃત્યગીત, વાજિંત્રો સાથે ખૂબ ઉત્સાહભેર

ને હૈયાના હુલાસથી સ્વાગત કર્યું. સ્વામીશ્રીને પાલખીમાં બેસાડી પ્રવેશદ્વારથી મંચ સુધી લાવવામાં આવ્યા. ત્યારે હજારો હૈયાં સ્વામીશ્રીને મનમંદિરમાં અતિ ઉલ્લાસથી આવકારી રહ્યા હતા. દિવ્યાતિદિવ્ય વાતાવરણમાં અક્ષરધામની જ અનુભૂતિ સૌ કરી રહ્યાં હતાં. ત્યારે પાલખીમાંથી ઊતરી આસને બિરાજતા પહેલાં અમને પાસે બોલાવી કહ્યું કે 'યોગીજી મહારાજની મૂર્તિ લાવ્યા છો? હમણાં જ મગાવી લ્યો.' તાત્કાલિક યોગીજી મહારાજની નાની મૂર્તિ લાવ્યા. ઘટસ્ફોટ તો ત્યારે જ થયો જ્યારે તેઓ તુલામાં બિરાજ્યા. ત્યારે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સાથે યોગીજી મહારાજની પટપ્રતિમાને પણ ખોળામાં રાખીને નત મસ્તકે સૌના ભક્તિભાવ ઝીલતા પોતે ફૂલની જેમ કરમાતા બિરાજતા હતા.

સ્વામીશ્રીનું વ્યક્તિત્વ કળવું ઘણું કઠણ છે. કારણ, પોતાના ગુણો છુપાવવામાં તેઓ ખૂબ કાબેલ છે. 'સબ ગુણ પૂરણ પરમ વિવેકી, ગુણકો માન ન આવે.' આ પંક્તિ એમને સહજસિદ્ધ છે તેથી એમની નજીકમાં રહેનારા પણ એમને સમજવામાં ગોથું ખાઈ જાય તો દૂરથી દર્શન કરનાર તો ભાગ્યે જ તે પામી શકે.

એમના મહિમાનો સાક્ષાત્કાર થાય એ જ પ્રાર્થના!

* * *

ધર્મજીવન સ્વામી

ભાદરા

અમદાવાદ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના હસ્તે સને ૧૯૬૨માં સંપન્ન થઈ. ધામધૂમથી સમૈયો ઉજવાયો. સૌ વિખરાયા. ઉત્સવના બીજા દિવસની સાંજ હતી. સ્વામીશ્રી સમૈયા માટે ગોંડળથી લવાયેલાં ગોદડાં-ગાદલાં તથા વાસણો ટ્રકમાં ભરાવી રહ્યા હતા. જે હરિભક્તોનો ઉતારો ખેંગારજીભાઈની શાળામાં હતો ત્યાં ગોદડાં ભરવા જવાનું હતું. સ્વામીશ્રીએ મને પોટલાં તૈયાર કરવાનું કહ્યું. હું તૈયાર થઈને આવ્યો. સ્વામીશ્રી ટ્રકમાં આગળની તરફ બિરાજ્યા હતા. સ્વામીશ્રીએ નિર્ણય આપ્યો કે ટ્રક ગોંડળ લઈ લો.

દિવસો સુધી થાક - ઊંઘ કે ભોજનની પરવા વગર એકધારી સેવાઓમાં જોડાઈ ગયેલા સ્વામીશ્રીને છેલ્લા કેટલાય દિવસોથી પૂરતો આરામ મળ્યો નહોતો. તેથી હાઈવે પર પહોંચ્યા ત્યાં તો સ્વામીશ્રીને ઝોકાં આવવા લાગ્યાં. એટલે ડ્રાઈવર કહે : 'મહારાજ, ઝોકાં ખાવાં હોય તો પાછળ જતા રહો..'

તેણે ટ્રક ઊભી રાખી એટલે સ્વામીશ્રી ગાદલાં ભરેલી ટ્રક પર મારી સાથે આવી ગયા. મેં બે ચાર ગાદલાં ઠીક ઠાક કરી આપ્યાં એટલે સ્વામીશ્રી સૂઈ ગયા. માંડ ૧૦-૧૨ દિવસે આવી ઊંઘ લીધી હશે. વહેલી સવારે સુરેન્દ્રનગરનું પાટિયું આવ્યું ત્યારે ડ્રાઈવરને પણ ઊંઘ ચડી હતી. તેથી બાજુમાં પાર્ક કરી તે પણ સૂઈ ગયો. સ્વામીશ્રીની આંખો ખૂલી ને પૂછ્યું, 'કેમ ટ્રક ઊભી છે ?'

મેં કહ્યું : 'સ્વામી ! ડ્રાઈવર ઊંઘી ગયો છે.'

'સારું.' કહી સ્વામીશ્રી ફરી પોઢી ગયા. આઠ વાગે અહીંથી નીકળ્યા ને ૧૧ વાગે ગોંડળ પહોંચ્યા ત્યાં સુધી સ્વામીશ્રીએ સમૈયાની, વહેવારની, સેવાભાવની ઘણી વાતો કરી. પછી નિત્યકર્મથી પરવારી ઠાકોરજીનાં દર્શન કરીને જમવા પધાર્યા.

રાતોની રાતો અનેક વાહનોમાં, અનેક ગામડાંઓમાં, અનેક પ્રકારની હાડમારીઓ વચ્ચે અને અનેક પ્રકારના લોકો વચ્ચે રહીને એમણે હસતા મોંએ મુશ્કેલીઓ સહન કરી છે, જેના અમે સાક્ષી છીએ. આ પ્રસંગ તો તેનો એક માત્ર અંશ છે !

૧૯૬૧-૬૨માં અમદાવાદથી તાત્કાલિક અટલાદરા જવાનું હતું. સેક્રેટરી રસિકભાઈ પટેલ બપોરે સાડા બારની વરતાલ લોકલમાં અમને સ્ટેશને મૂકવા આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું, 'કઈ ટિકિટ કઢાવું?'

'થર્ડ ક્લાસની.' સ્વામીશ્રીએ સહજતાથી કહ્યું.

તેઓ ટિકિટ કઢાવી આવ્યા. અમે થર્ડ ક્લાસના ડબ્બામાં બેઠક લીધી ને રસિકભાઈ સ્વામીશ્રીને પગે લાગી વિદાય થયા. અમારી સાથે કોઈ જ હરિભક્ત, યુવક કે કાર્યકર હતા નહીં. થોડીવાર થઈ ને એક મુસ્લિમ કુટુંબ જાન લઈને અમારા ડબ્બામાં ચડ્યું. આપણી મર્યાદા જરા પણ સચવાય તેમ લાગ્યું નહીં, એટલે સ્વામીશ્રી કહે : 'ચાલો સેકન્ડ ક્લાસના ડબ્બામાં.' અમે ત્યાં પહોંચ્યા તો ત્યાં પણ એવો જ પ્રશ્ન આવ્યો, એટલે સ્વામીશ્રી ઊતરીને પ્લૅટફૉર્મ પર ઊભા રહ્યા. મને કહે : 'હું પોટલાં સાચવું છું, રસિકભાઈને શોધી આવો...'

હું દોડ્યો. રસિકભાઈ તો સ્ટેશનની બહાર નીકળી ગયા હતા. સદ્ભાગ્યે તેમને દૂરથી જોયા એટલે મેં જોરથી બૂમ મારી. તેઓ આવ્યા. સ્વામીશ્રી કહે : 'રસિકભાઈ, બીજા ડબ્બામાં નિયમ રહે તેમ નથી. ફર્સ્ટ ક્લાસની જ ટિકિટ કઢાવી આપો.' રસિકભાઈએ તુરત એ વ્યવસ્થા કરી ત્યારે ટ્રેન ઉપડવાનો સમય થઈ ગયો હતો. અમે ઝડપથી ફર્સ્ટ ક્લાસમાં ગોઠવાયા.

મેં કહ્યું : 'સ્વામી ! આપણે પહેલેથી જ આ ટિકિટ લીધી હોત તો ! નકામા આમ હેરાન તો ન થવું પડે!'

સ્વામીશ્રી કહે : 'ધર્મજીવન, તમે સમજો, આપણા હાથે ઠાકોરજીનો એક પૈસો ખોટો ન વપરાવો જોઈએ. જે ઠાકોરજીના પૈસા ખોટા વાપરશે, તેને ભોગવવું પડશે. પણ જે કરશે તે ભોગવશે. માટે આપણે થાય તેટલી કરકસર કરવી. સેવા થાય તે કરી લેવી !'

સ્વામીશ્રીની આ અદ્ભુત વ્યવહાર દૃષ્ટિ, સંપ્રદાયની અપાર મમત્વ ભક્તિ અને શુદ્ધ ધર્મભાવનાનાં આ દર્શન મારે માટે અમૂલ્ય બની રહ્યાં.

* * *

દેવચરણ સ્વામી

ભાદરા

ગોંડલમાં યોગીજી મહારાજના અમૃત મહોત્સવની બધી તૈયારી અને વ્યવસ્થા યોગીજી મહારાજને રાજી કરવા સતત ૩॥ મહિના સુધી સ્વામીશ્રીએ જાતે રહીને કરી હતી. ઉનાળાના દિવસોમાં જન્મોત્સવ ઉજવવાનો, પાણીનો ક્યાંય અવકાશ કે શક્યતા નો'તી. વૈશાખના ધૂમ તાપમાં પથરાઓ સાથે અથાડીને ગોંડલનું સીમતળ, સ્વામીશ્રીએ નિષ્ણાતો સાથે રહીને તપાસ્યું, ક્યાંય પાણી ના જ મળ્યું. પણ યોગીજી મહારાજ દર ત્રીજે દિવસે પાણી માટે જ આશીર્વાદ-પત્ર લખતા. માણસ મોકલતા. સ્વામીશ્રીની ઉપર પણ પત્ર લખતા કે 'પાણીનો ધોધ છૂટશે, ઢગલાબંધ પાણી છે. આ જગ્યાએ બોર મુકાવજો.' એ સૂચના મુજબ સાત બોર કર્યા. ક્યાંયથી પાણી ન જ થયું ! કેવળ એક સ્વામીશ્રીની જ શ્રદ્ધા ન ડગી, અને સમૈયાનું સ્થળ ન જ ફેરવ્યું. એમ કે યોગીજી મહારાજની જ ઇચ્છા છે તો બધું જ સારું થશે. એ પછી સ્વામીશ્રીની શ્રદ્ધા ફળી. ડૅમ અને કૂવાઓમાંથી પાણી પણ મળ્યું, ઉતારા પણ આખા શહેરમાં કરાવ્યા. એક લાખ માણસને જમાડ્યા. હાથી ઉપર ઠાકોરજીને સુંદર નગરયાત્રામાં ફેરવ્યા. ૧૭ મે, ૧૯૬૭ના દિવસે યોગીજી મહારાજનો જન્મોત્સવ ભવ્યતાથી ઉજવાયો. યોગીજી મહારાજે આશીર્વાદ પણ બહુ સારા આપ્યા. પ્રમુખસ્વામીનો અથાગ પરિશ્રમ જે સૌ જોઈ રહ્યા હતા, તે વાત યોગીબાપાએ પોતાની વાણીમાં વણી લીધી : 'અમારા પ્રમુખસ્વામી સિવાય કોણ આવો દાખડો કરે ?' આ પછી વૈશાખ સુદી તેરશને દિવસે યોગીજી મહારાજ ગઢપુર જવા નીકળતા હતા ત્યારે સ્વામીશ્રીને બોલાવ્યા. કહે : 'સ્વામી ! તમો રોકાજો. બધું હંકેલીને ઠેકાણે પાડજો. હિસાબ કરાવી લેજો. પછી અમો બોલાવશું, ત્યાં આવજો.'

યોગીજી મહારાજ આ પછી તરત ગઢપુરમાં પારાયણ નિમિત્તે પધાર્યા.

ત્યાંથી ફરતાં ફરતાં સારંગપુર પધાર્યા. અહીં પૂર્વ આફ્રિકાથી આવેલા ૪૦૦ હરિભક્તોએ પારાયણ યોજી હતી. ૪ દિવસ બાદ પરદેશના હરિભક્તોએ પ્રમુખસ્વામીને બોલાવવા વિનંતી કરી. યોગીજી મહારાજે પૂર્ણાહુતિની આગલી સવારે આ સમાચાર સ્વામીશ્રીને ગોંડળ મોકલ્યા.

સ્વામીશ્રીની સાથે મુંબઈના ૫ સંતો તથા અમૃત મહોત્સવમાં નવદીક્ષિત બે સંતો હતા. સમૈયાનો તમામ હિસાબ તથા અન્ય વ્યવસ્થા સંપૂર્ણ રીતે પૂરી કરીને, સાંજે ૫ વાગે જીપગાડીમાં સારંગપુર જવા તૈયાર થયા.

નવદીક્ષિત તથા મુંબઈના સંતો સ્વામીશ્રીને કહે : 'અમને તમારી સાથે ફરવાનો લાભ મળે. અમે ભેગા આવીએ ?'

સ્વામીશ્રી કહે : 'તમે કાલે ટ્રેનમાં આવજો. ગાડી નાની છે. ગિરદી થશે. તમને ફાવશે નહીં.'

'ના, ના, ફાવશે, અમારે તમારો લાભ લેવો છે.'

સ્વામીશ્રી કહે : 'ચાલો, આવવું હોય તો પોટલાં મૂકો. સ્વામી પાસે પહોંચતાં મોડું ન થાય. રાત્રે દર્શન થઈ જાય.' એ જ જૂની ખખડધજ જીપમાં પાછળ ૬ સંતો, સાથે દરબાર હકાભાઈ, આગળ ડ્રાઈવર સાથે હું, પ્રગટ ભગત તથા સ્વામીશ્રી બેઠા. સાંજે ૫-૩૦ વાગે નીકળ્યા. અંધારું થતાં ગાડી ઢસા થઈને પાટણાવાળા રસ્તે કાળુભાર નદીના કાંઠે આવી. આગળ ઉપર કમોસમનો વરસાદ પડ્યો હતો. અહીં વાદળાં ઘેરાયાં હતાં અને ઝીણાં ઝીણાં છાંટે વગર નોતરે વરસાદ શરૂ થયો ! થોડીવાર ગાડી થંભાવી. બધા જ ગાડીમાં સૂનમૂન બેઠા હતા. દરબાર એમની લાક્ષણિક શૈલીમાં પાછળથી બોલ્યા, 'લ્યો ક્યાં જશો. તમને ૪ વાગ્યાનો કહેતો'તો. નીકળો નીકળો, પણ તમારે આખા ગામની પડેલી. આ આટલા બધા પાછળ હલોહલ ભર્યા છે. મંઈ હાંહ (શ્વાસ) નથી લેવાતો. હવે બોલો, શું કરશું ?'

સ્વામીશ્રી એક વાક્ય બોલ્યા : 'થોડીવાર ઊભા રહીએ. હમણાં પાણી ઊતરી જશે.'

દરબાર કહે : 'ચાલો, મા'ત્મા હેઠા ઊતરો, હાહ લેવાય.' પણ અંધારે અને વરસાદમાં જાય ક્યાં, તોય થોડા ઊતર્યા. વરસાદ વધ્યો, અંધારું ઘટ્ટ થવા લાગ્યું.

સ્વામીશ્રી કહે : 'આપણે નાહી લઈએ, એવો વિચાર થાય છે.' ગઢડાથી

૧૦-૧૨ કિ.મિ. દૂર જ હતા. તેથી મેં કહ્યું : 'સ્વામી ! ગઢડા જઈને નવાશે. અહીં ક્યાં જશો ?'

'ના, ના, લાવને લોટો, નદીમાં નાહી લેશું.' સ્વામીશ્રીએ કહ્યું. નીચે ઊતરી, વસ્ત્ર બદલી, નદીમાંથી લોટો ભરીને ઉપડ્યા, દૂર બહિર્ભૂમિ જઈ આવ્યા. પછી નદી કાંઠે નહાવા બેઠા. એક માણસ ટૉર્ચનાં અજવાળે આવતો'તો. સ્વામીશ્રીએ તેને ના'તાં ના'તાં બોલાવ્યો, 'ભઈ, અમારે ગઢડા જવું છે; કેટલો વરસાદ પડ્યો છે ? આ કાળુભાર ઊતરશે ?'

'અરે સ્વામી, આ તો સવારેય નોં ઊતરે. આ તો ધોધમાર પડેલો વરસાદ છે. બધે જ ખાબક્યો છે. પાછા વળવું પડશે.' પેલો એક શ્વાસે બોલી ગયો.

સ્વામીશ્રી કહે : 'પાછા વળીને ક્યાં જઈએ ? અમારે તો ગઢડા થઈ સારંગપુર જવું છે.'

તે કહે : 'તો સ્વામી, પાછા વળીને ભાવનગરવાળા રસ્તે વલ્લભીપુર થઈ, બરવાળા થઈને જાવ.' સ્વામીશ્રી કંઈક વિચારી રહ્યા. વરસતા વરસાદમાં કીચડવાળા નદી કિનારે નાહીને ધોતિયું બદલીને ગાડી પાસે આવ્યા. ત્યાં દરબાર બોલ્યા : 'કરીને, બાપજી ! ખરી કરી ! તમારો ભરોસો જ નથી હાલો હવે પાછા.'

સ્વામીશ્રી સ્મિત કરતા રહ્યા. ગાતરિયું ઓઢતાં કહે : 'પેલાએ કહ્યું એ રસ્તે જઈએ. આપણે પહોંચવું જ છે ને ! એ તો આવું થાય ત્યારે જ લાભની ખબર પડે.'

સૌ યથાવત્ ગોઠવાયા. બધા જ થોડાઘણાં તો ભીંજાયા જ હતા. ગાડી ભાવનગરને રસ્તે પડી. રાત્રિના ૯॥ વાગ્યા હશે. એવામાં દરબારે મિત્રભાવે કથા શરૂ કરી. ઢસા છોડી ભાવનગરના રસ્તે ચઢ્યા, ત્યાં વરસાદનું જોર ખૂબ વધ્યું. બરવાળા પહોંચતાં રાત્રે ૧॥ વાગ્યો. ત્યાંથી મેટલ રસ્તે સારંગપુર ૧૫ કિ.મિ. થાય. કાચા રસ્તે ગાડી ઉતારી. થોડીવારે ડ્રાઈવર નીચે ઊતર્યો.

સ્વામીશ્રી કહે : 'શું કામ ઊતર્યો ? જવા દે, જલદી પહોંચી જવાય ! વરસાદ થોડો બંધ રહ્યો છે. બેસી જા. કોરો રસ્તો મળે.' તેણે ફરી ગાડી સંભાળી. રાત્રે સારંગપુર પાસે ખાંભડા ગામના પાદરમાં વોંકળાનું પાણી ઠરીને ઠામ થયેલું, પણ ઘૂંટણભર પાણી હતું. ડ્રાઈવર ગાડી નાખતાં

સંકોચાતો હતો.

સ્વામીશ્રી કહે : 'કંઈ નથી થવાનું.' પેલાએ વિશ્વાસથી અને રાત્રી વીતતી જતી હતી, તેથી કંટાળામાં જીપ વોંકળામાં નાખી. તે થોડે પહોંચી અને બંધ પડી ગઈ.

સ્વામીશ્રી કહે : 'શું થયું ? કેમ બંધ પડી ? જો તો ખરો, ખાડામાં ફસાઈ નથી ને !' ડ્રાઈવર બહાર નીકળ્યો. બીજી તરફથી સ્વામીશ્રી ઊતર્યા. જોયું તો પેટ્રોલ ખલાસ.

તે કહે : 'સ્વામી ! પેટ્રોલ થઈ રહ્યું !'

દરબાર બોલી ઊઠ્યા : 'લે કરીને બાપજી, અડધી રાત્રે હલવાયા ! હવે પડ્યા રહો, રાત્રે કોને બોલાવશો ?'

સ્વામીશ્રી કહે : 'દરબાર ! કેમ કરશું ?'

'બાપજી, તમો જાણો.' તેમણે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'દરબાર ! તમે બેસી રહો, સામાન સાચવો, અમો ચાલવા માંડીએ.' એમ કહેતાં સ્વામીશ્રી તો પાણીમાંથી નીકળી સામે કાંઠે પહોંચી ગયા. બધાને બૂમ પાડીને બોલાવી લીધા. મુંબઈના લાભ લેવાવાળા પ્રેમી સંતો પણ પાણી ડહોળીને નીકળ્યા.

સ્વામીશ્રી કહે : 'આપણે ચાલતા જઈને ટ્રેક્ટર મોકલીએ...' પણ રસ્તો કાચો અને ધોવાયેલો. કોણ આગળ ચાલે છે તે દેખાય નહીં.

સ્વામીશ્રી કહે : 'બધા મારી પાછળ આવો. દેવ, પ્રગટ, તમો છેલ્લે પાછળ ચાલો.' રાત્રે ૨-૨॥ વાગે 'નગરયાત્રા' ઉપડી. અડધે રસ્તે જતાં, રસ્તો ન મળતાં, ખેતરાઉ રસ્તો સ્વામીશ્રીએ લીધો. પણ એ જમીન ખેડેલી તેથી પગ તો ફગી જાય ને ક્યાંક બે-બે વેંત અંદર જમીનમાં ઊતરી જાય !

મુંબઈના સંતો કહે : 'આ કયા રસ્તે જઈએ છીએ ?'

સ્વામીશ્રી આગળથી બોલ્યા : 'તમો બધા લાભ લેવા ભેગા આવ્યા છો ને ? આ લાભ સાચો ! બાપાનાં દર્શન કાંઈ એમનેમ થાય છે ? હમણાં સારંગપુર પહોંચાશે. ધીરે ધીરે આવો. જો કોઈ પડતા નહિ.' ત્યાં એક નવદીક્ષિત સંત બોલ્યા, 'અરે સ્વામી ! આવી દશા થવાની હોત તો હું કાલે જ આવત !'

સ્વામીશ્રી ખૂબ જ સ્વસ્થતાથી કહેતા હતા : 'આમાં શું, આ તો સરસ

છે. જો હમણાં સારંગપુર આવી જશે. રસ્તો દેખાય છે ને ! એકબીજાના હાથ ઝાલીને ચાલજો.' સવારે લગભગ સાડા ત્રણ વાગે સારંગપુર મંદિરનો દરવાજો સ્વામીએ ખટખટાવ્યો, 'જીવા, ચાલ ખોલ્ય દરવાજો.' ફાનસ લઈને દરવાનજીએ દરવાજો ખોલ્યો. અડધી ઊંઘતી આંખે પણ દરવાનજીએ સ્વામીશ્રીને જોયા અને બોલ્યો, 'અરે, નારાયણ સ્વામી ! અત્યારે ક્યાંથી ? આ ગારાવાળા પગે !' તે વખતે લાઇટ નહોતી, તેથી સ્વામીશ્રી મંદિરમાંય સભામંડપના દરવાજાની તિરાડમાંથી પડતા ફાનસની તેજ લકીરનાં આધારે પગથિયાં સુધી પહોંચ્યા. ઉપર અગાશીની પાળી(ઝેર્ય) આગળથી સંત સ્વામી બોલ્યા, 'નારાયણદા' આવ્યા ! પલળતા આવ્યા !' તેમણે બીજો દરવાજો ખોલ્યો. સભામંડપનાં પગથિયાં વટાવ્યાં.

સ્વામીશ્રી કહે : 'જાવ, બધા નાહી લ્યો. આપણેય નાહી લઈએ.' પછી ઉતારાને ઓરડે આવતાં જ જોયું તો યોગીબાપા ફાનસનાં અજવાળે મંગળ પ્રવચન કરતા'તા. સ્વામીશ્રી અને અમો બધા પ્રવેશ્યા. ત્યાં યોગીબાપા જોઈ ગયા, 'કોણ આવ્યું...? અહોહો, આ તો સ્વામી આવ્યા ! જાવ લ્યો, દર્શન થઈ ગયાં. નાહી લ્યો. આખી રાત તમારી વાટ જોઈ. કંઈ તકલીફ નથી પડીને ?' તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'ના, ના, બાપા.'

* * *

યોગીજી મહારાજના વખતમાં ગઢપુર મંદિરનું આરસના પથ્થરનું કામ ચાલતું. અમદાવાદના મંદિરના ઘુમ્મટનું કામ, બીજાં મંદિરોમાં આરસના પથ્થરોનું કામ કરાવવા, તથા તેને ખરીદવા માટે સ્વામીશ્રી જાતે જ મકરાણા જતા. ૧૯૬૮ના ફાગણ માસમાં ઈશ્વરભાઈ સોમપુરા સાથે મકરાણા જવા અમદાવાદથી દિલ્હી એક્સપ્રેસમાં સાંજના પાંચ વાગે નીકળવાનું થયું. અમદાવાદના પ્રતિષ્ઠિત અને શાસ્ત્રીજી મહારાજના સમયના ભક્તરાજ મગનભાઈ જીજીભાઈને અમે સવારે વાત કરી : 'અમારે પાંચ જણાને મકરાણા જવાનું છે, તો કોરો નાસ્તો ૮-૧૦ દિવસ ચાલે તેવો બનાવી લાવજો. સાંજે નીકળવાનું છે, માટે ૪ વાગે લાવજો.'

સાંજના ૪ વાગે શાહીબાગ મંદિરની ઑફિસ પાસે રસિકભાઈ સેક્રેટરી ઘોડાગાડી બોલાવી લાવ્યા. પ્રમુખસ્વામી, નિરન્નમુક્તદાસ, પતિતપાવનદાસ, સેવકો અને સોમપુરા સાથે નીકળ્યા. થર્ડ ક્લાસના રિઝર્વેશનના ડબ્બામાં

બેઠા. ટ્રેનમાં થર્ડ ક્લાસમાં ગમે ત્યાં જવાનું થાય, ત્યારે સ્વામીશ્રી રાત્રે ઉપરની સીટમાં સૂવાનું પસંદ કરતા. મુસાફરીમાં કદી બેડીંગ લેવા દીધું નથી. ભગવી ચાદર અને ઓશીકું રાખતા. ઓઢવામાં કેવળ ગાતરિયું જ હોય. તે મુજબ સૂઈ ગયા. સવારે ૭ વાગે ફૂલેરા જંકશન ઊતર્યા. પ્લેટફૉર્મ ઉપર જ સ્નાન કર્યું. બાકડા ઉપર પૂજા કરવા બેઠા. સ્વામીશ્રી મોટે ભાગે બધી જ ક્રિયા પોતાની જાતે જ કરી લેતા. સેવકોની પાસે કશી અપેક્ષા જ નહિ ! વળી સૌથી પહેલાં પરવારી જતા. આ સ્ટેશનમાં ૯ વાગે સામે નાની ગાડી (નેરોગેજ લાઇન) મકરાણા જવા આવે. જે ૧૦ વાગે ઊપડે. તેમાં જગ્યા શોધીને બેઠા. સાથે લાવેલા તે ભાતું થાળ ધરાવીને લીધું. ૧૦॥ વાગે ગાડી ઊપડી. બરાબર ૧॥ વાગે મકરાણા સ્ટેશન આવ્યું. ત્યાંના બધા જ કારખાનાંવાળા મુસ્લિમભાઈઓ સ્વામીશ્રીને 'નારાયણ સ્વામી' નામથી જ ઓળખતા. મુસ્તફા મિયાંજી તો સ્વામીશ્રીને ટ્રેન ઉપર કાયમ લેવા આવતા. ત્યાં રહ્યા દરમ્યાન સાથે જ ફરતો, અને પાછા વળાવવા પણ સ્ટેશને આવતો. સ્વામીશ્રીનાં પોટલાં પણ ઉપાડી લેતો. સ્વામીશ્રીને પણ તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ. સ્વામીશ્રી સવારે અને બપોરે તેને સાથે જમાડતા.

આ વખતે તો સ્વામીશ્રી આખો ફાગણ માસ રહ્યા. હોળી - ધૂળેટી અહીં રાજસ્થાનમાં જ કરી. ૨૯ દિવસ સતત ત્યાં રહ્યા. પણ તેટલા દિવસ પેલા સાથે લાવેલ ભાથાના 'અક્ષયપાત્ર'માંથી જ નાસ્તો કરતા. કોઈ દિવસ દૂધ-ઉકાળો તો માગ્યો જ નહીં, પણ રસિકભાઈ માટે મંગાવી લેતા. ગઢપુર મંદિરનું કામ પૂરું થતાં, તેના વધેલા પથ્થરો વેચવાના હતા. તેને જ માટે રોજ સવારે ૮ વાગે નીકળતા. બધા જ વાડામાં ફરતા. બપોરના ૨ વાગે પાછા આવતા. વળી ૩ વાગે નીકળી તે રાત્રે ૮॥ વાગે આવે. રોજ રાત્રે રસિકભાઈ અને સ્વામીશ્રી પથ્થર ગણે અને ઘનફૂટ કાઢે. ૯૦ થી ૧૧૦ જેટલા પથ્થર લગભગ ૨૦૦૦ થી ૩૫૦૦ ઘનફૂટ હતા. યોગીજી મહારાજની ઈચ્છા હતી કે આ પથ્થરો કાઢી નાખો તો સારું. જેથી નડતર ઓછું થાય. જગ્યા રોકાઈ ન રહે. આ વિચાર જાણીને જ સ્વામીશ્રીએ મકરાણામાં આ છેલ્લો પડાવ નાખેલો. ૨૨ દિવસ સુધી રોજ ફરતા, પણ ન તો ઘરાક મળે કે ન તો ભાવતાલમાં મેળ આવે ! નિરન્નમુક્તદાસ અને રસિકભાઈ તો કંટાળ્યા. સ્વામીશ્રીને ઘણી વાર કહ્યું કે 'આ મુસ્તફાને

સોંપીને હવે જઈએ, હવે બહુ રહ્યા.' આ બધો વિવાદ રાત્રે સમૂહમાં સૂતાં સૂતાં જ થાય. એક જ લાઇનમાં બધા ભોંય પથારીમાં સૂતા'તા એટલે સંભળાય ને ! ૨૪ દિવસ થયા. પણ પછી સ્વામીશ્રી કહે : 'આ તો યોગીજી મહારાજની મરજી - ઇચ્છા છે માટે કામ કરીને જ જવું છે.' તે જ દિવસે પ્રગટ ભગત બીમાર પડ્યા. એક રાતમાં સખત તાવ આવ્યો, ઊલટીઓ થઈ. સવારે સ્વામીશ્રીને નિરન્નમુક્તદાસે તથા મેં વાત કરી : 'સ્વામી ! આ પ્રગટને તાવ ધીખે છે, તો દવા-ટિકડી-ડૉક્ટરને બોલાવીએ તો સારું.'

સ્વામીશ્રી અત્યંત કામકાજ હોવાથી વાડામાં જવા નીકળી ગયા. બપોર થઈ. સાંજ પડી. બીજે દિવસે તાવે તો પ્રગટ ભગતને ન જ છોડ્યા ! તે રડ્યા જ કરે.

સ્વામીશ્રી બપોરે ૨-૨॥ વાગે આવ્યા. હું એની જ પાસે બેસીને માથું દબાવતો હતો પણ મનેય રડવું આવતું હતું. જમવાનો વખત, ફાગણનો બપોરનો તાપ. તે તાપમાંથી વાડે વાડે ફરીને, પદયાત્રા કરીને જ સ્વામીશ્રી આવ્યા. પણ થાળ ધરાવેલો નહીં. જેવા નાની રૂમમાં આવ્યા ને કહે : 'અલ્યા, રડો છો શું ? શું થયું છે ? તાવ આયો તે શું લૂંટાઈ ગયું ?' ઓટલા ઉપર પ્રગટની પથારીએ બેઠા, માથે હાથ મૂક્યો. ત્યાં તો સ્વામીશ્રીની આંખોમાં આંસુ આવી ગયા. કહે : 'અલ્યા, આટલો તાવ છે !' પછી સાંત્વન આપવા લાગ્યા. કહે : 'ચિંતા ના કરતા, હવે બે-ત્રણ દિવસમાં જવાનું છે. તાવ ઊતરી જશે...' પછી ભક્તિભીના અવાજે જાણે સ્વગત બોલતા હોય તેવા સૂરમાં મારી સામે જોઈને કહે : 'દેવ, તેં શાસ્ત્રીજી મહારાજને નથી જોયા. તેમની મરજીથી - આજ્ઞાથી આપણે આ સેવા કરવાની છે. સ્વામીની મરજી જોઈને જ પગલું ભરતો. સ્વામીએ એકલા જ હાથે સંસ્થા ઊભી કરી છે. સમજ્યો ? તેમાં માંદાહાજા થયા'તા ? એકલા હતા. આપણે તો ૬ જણા છીએ. તેમાં ગભરાવાનું શું ? રડવાનું હોય ? આ તો થયા જ કરે. જો આ અટલાદરાના પથરા વેરતા, ઉપાડતા, મારા આખા શરીરે લાલ ચકામાં થયેલાં, રહેવાય નહીં. સ્વામી (શાસ્ત્રીજી મહારાજ)ને ખબર પડી, હાથ ફેરવ્યો, તો બધું જ સારું થઈ ગયું. આ નાકે નિશાની રહી ગઈ, તેમ આનેય સાંજે સારું થઈ જશે. લાય ભાત ખવડાવીએ.' હું લઈ આવ્યો. એ ચમચીનો જમાનો જ ન હતો. સ્વામીએ બે કોળિયા લઈ પ્રગટ

ભગતના મોંમાં મૂક્યા. એને રાહત થઈ. સાંજે ૪ વાગે તો તે સ્વસ્થ થઈ ગયા ! તાવ નાબૂદ થઈ ગયો હતો ! બીજે જ દિવસે સવારે એક વાડામાં ગયા. આગ્રાથી સફેદ વસ્ત્રધારી એક મહાત્મા આવ્યા હતા, તે મળ્યા. તેમની સાથે પથ્થરની વાત કરી. તેમને આપવાનો સોદો કર્યો. સાંજે પથ્થર જોવા આવ્યા ને બધા જ તેમને યોગ્ય કિંમતે આપી દીધા. બરાબર ૨૯ મા દિવસે ત્યાંથી નીકળીને અમદાવાદ આવ્યા.

ત્યાર પછી સ્વામીશ્રી ક્યારેય મકરાણા ગયા જ નથી. ઈશ્વરચરણ સ્વામીને મોકલવાની એમણે શરૂઆત કરી.

* * *

તા. ૧૯-૧૦-૬૮, ધનતેરસની સવારે અક્ષરમંદિર, ગોંડળના પટાંગણમાં મોટો ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. અસંખ્ય હરિભક્તોએ લખેલી 'સ્વામિનારાયણ' મહામંત્રની મંત્રપોથીઓનું પૂજન તથા તે નિમિત્તે મંદિરની ડાબી તરફ એક આરસની છત્રી તૈયાર થઈ હતી. યોગીજી મહારાજના વરદ હસ્તે તેમાં ચરણારવિંદની પ્રતિષ્ઠા થઈ. યોગીજી મહારાજે તમામ વિધિમાં સ્વામીશ્રીને સાથે ને સાથે જ રાખ્યા હતા, 'હાલો, અમારા પ્રમુખસ્વામીને હારે લ્યો... સ્વામી સંસ્થાના ધણી કહેવાય. એમના વિના ખાતવિધિ નો થાય...' કાર્યક્રમ પૂરો થયો. સ્વામીશ્રીને સારંગપુર જવાનું હતું. સંત સ્વામીને પણ સારંગપુર પહોંચવા ઉતાવળ હતી, કેમ કે અન્નકૂટનો દિવસ નજીક જ હતો. યોગીજી મહારાજની રજા લેવા સ્વામીશ્રી આવ્યા, ત્યારે પ્રેમથી પૂછ્યું : 'શામાં જાવ છો ?'

'એ તો બાપા ! વ્યવસ્થા થઈ જશે. બસમાં જતા રહીશું...' સ્વામીશ્રીએ કહ્યું.

યોગીજી મહારાજે ઘસીને ના પાડી : 'એમ તમને બસમાં નો મોકલાય. સંતસ્વામીને પણ બોલાવો. જીપ ગાડી છે, તેમાં જજો...' એમણે ક્યારનીયે MICOના મોટા લેબલવાળી જીપ તૈયાર કરાવી રાખી હતી. સ્વામીશ્રીએ તેમાં સામાન ગોઠવાવ્યો. ગોંડળથી અન્નકૂટની સામગ્રીના કેટલાક મોટા મોટા બૉક્સ પણ હતા. સમય થતાં ગાડી ઉપડી. પૅસેન્જર અને સામાનથી ભરચક આ જીપ આટલું વજન કાં તો નહીં ખમી શકી હોય અથવા બીજા કોઈક કારણથી, હજુ તો દરવાજે જ પહોંચ્યા ત્યાં તો ગિયર ફસાઈ ગયો ! આ

જીપ સામાનની હેરાફેરી માટે જ ફરતી, તેથી તેમાં શું સારાવાટ હોય ? સ્વામીશ્રી નીચે ઊતર્યા. જાતે જ સૌની સાથે ધક્કા મારી રાયણ નીચે લાવ્યા, ને સામાન ઉતારવામાં પણ અમારી સાથે જ ભળી ગયા. ૩-૩૦ વાગ્યા સુધી સભામંડપના આંગણે બેસી રહ્યા. જે આવે તેને મળતા રહ્યા. અન્ય ગાડી તૈયાર થાય તે માટે વ્યવસ્થાપકે રાહ જોવા વિનંતી કરી હતી. પરંતુ ગાડી રિપેર ન જ થઈ. એવામાં યોગીબાપા અક્ષરદેરીમાં દર્શને જવા બહાર પધાર્યા. સ્વામીશ્રીને જોઈ તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'તમે નીકળ્યા નથી ?!'

કોઈએ ખ્યાલ આપ્યો કે ગાડી બગડી છે. ત્યારે કહે : 'આપણી નાની કાળી ગાડી લઈ જાવ...' છેવટે તે ગાડી તૈયાર કરવામાં આવી. હજુ તો કૉલેજ ચોક પાસે - સંગ્રામજી હાઈસ્કૂલના વળાંકે જ પહોંચ્યા ત્યાં ગાડી બંધ પડી ગઈ ! ચાલકે તપાસ કરી તો મશીનમાં ફૉલ્ટ જણાયો. આજે કોણ જાણે કેમ પણ વાહન-યોગનો મહાન પ્રશ્ન ઊભો થયો હતો.

સ્વામીશ્રી કહે : 'ગાડી મંદિરે લઈ લો, અને આપણે બસમાં જ જઈએ...' એમ કહેતાં ધક્કો મારતાં મારતાં મંદિરમાં લઈ આવ્યા. સાંજે ૭ વાગી ગયા હતા ! બપોરે બાર વાગે નીકળવાનું હતું તે સાંજે ૭ વાગી ગયા ! છતાં સ્વામીશ્રીની સ્વસ્થતા તૂટી નહોતી ! યોગીબાપાને જાણ થતાં ત્રીજી જીપ તૈયાર કરવા આજ્ઞા આપી. આ જીપ મણિભાઈ નાનાણી, મુંબઈવાળાની હતી. યોગીજી મહારાજના અમૃત મહોત્સવનું મોટા ભાગનું વિચરણ સ્વામીશ્રી તથા સિદ્ધેશ્વર સ્વામીએ આ જૂની જીપમાં કરેલું. તેથી તેની પ્રત્યેક વિશેષતા બંને જાણતા હતા, છતાં યોગીબાપાની આજ્ઞાથી તે ગાડીમાં સામાન ફેરવ્યો. આજે ને આજે આ ત્રીજી વાર વિદાય લીધી !

યોગીબાપા કહે : 'જાવ, હવે પૂગી જવાના ! હવે કાંય નો થાય !' પણ જેવા બહાર નીકળ્યા, ત્યાં તો અક્ષરદ્વાર પાસે જ એક સાથે બે વ્હીલમાં પંકચર ! સ્વામીશ્રી સ્મિત કરતાં નીચે ઊતર્યા. ને કહે : 'આપણે બધા અમથા તાલમેલ કરીએ છીએ. જાવ, સામાન કોઠારમાં મૂકી દો. લેવાય તેટલું લઈ લઈએ...' મંદિરમાં સંતોને આ જાણ થઈ એટલે ફરી સૌ પૂછવા લાગ્યા : 'શું થયું ? કેમ પાછા ? પ્રમુખસ્વામી ક્યાં ?'

'એ તો ચાલતાં ચાલતાં બસ સ્ટેન્ડ પર જવા નીકળી ગયા છે.' અમે

કહ્યું. આ વાત યોગીબાપાને મળી, ત્યાં તો યુવકોને દોડાવ્યા : 'એમને પાછા વાળો. એમને માટે મોટી ગાડી આવે છે. સ્વામીને બસમાં નો મોકલાય.' સ્વામીશ્રી પણ આ આજ્ઞા સાંભળતાં જ તરત પાછા વળી ગયા. એ જ ધીરજ, એ જ સ્વસ્થતા, એ જ તાજગી અને એ જ ગૌરવભરી છટાદાર ચાલ ! યોગીબાપા સભામંડપનાં પગથિયાં આગળ જ ઊભા ઊભા રાહ જોતા હતા. સ્વામીશ્રી પગથિયાં ચડતાં કહે : 'બાપા ! બસ મળી જશે. તેમાં જઈશું. આપ નાહવાનું મૂકીને શું કામ તકલીફ લો છો ?'

પણ યોગીજી મહારાજ કેફમાં હતા. રાજકોટના અરુણભાઈ અનડા આવી પહોંચ્યા. તેમની ડિસોટો ગાડીમાં જવાની બાપાએ આજ્ઞા આપી. ને કહ્યું : 'લો હવે જાવ. હવે સાચી વિદાય વેળા આવી. આ મોટરગાડી તમારે માટે જ આવી છે...'

અને સ્વામીશ્રી રાત્રે ૮-૪૫ પછી ગોંડળથી સારંગપુર જવા નીકળી શક્યા. ત્રણ ત્રણ વખતના આ ઉચાળા અત્યંત ચોક્કસાઈ અને ગુણવત્તાના આગ્રહી સ્વામીશ્રીને જરા પણ અકળાવી શક્યા નહોતા ! એક પણ શબ્દ કંટાળાનો કે કોપનો એમના મુખમાંથી સર્યો નથી ! સાચે જ એમનું ગુરુપ્રસન્નતાનું તાન અને ધીરજ આવા પ્રસંગો દ્વારા આપણને કાયમ પ્રેરણા આપતું રહે છે.

* * *

આત્મસ્વરૂપ સ્વામી

લંડન

આમ તો યોગીજી મહારાજનો ધબ્બો ચાખ્યો હતો, તેથી સત્સંગના સંસ્કાર તો હતા જ, પણ ૧૯૭૪થી સત્સંગ પ્રત્યેની અભિરુચિ વધતી ગઈ. એનું કારણ સ્વામીશ્રી સ્વયં હતા.

ભણવાના નિમિત્તે મુંબઈમાં રહેવાનું થયું ત્યારે સત્સંગી યુવાનોની મિત્રતા વધતી ગઈ. એમાં પણ સ્વામીશ્રી મુંબઈ પધારે ત્યારે અમારા સૌથી વધુ આનંદના દિવસો બની રહેતા. ધબ્બો મારીને હેત કરે ત્યારે યોગીજી મહારાજની સ્મૃતિ પણ થઈ જતી.

સ્વામીશ્રીની ધર્મધુરા ધારણ કર્યા બાદની પ્રથમ વિદેશયાત્રા હતી, અને સંજોગવશાત્ તરત ભારત પાછા ફરવાનું થયેલું ત્યારે સ્વામીશ્રી કેટલાક દિવસ મુંબઈમાં જ રોકાયા હતા.

એ દરમ્યાન શિવરાત્રિનો દિવસ આવ્યો. બપોરે થાળ થતો હતો ત્યારે સ્વામીશ્રી સાવ નીચે બેસી, અક્ષરભુવનના નાનકડા સભાખંડમાં પત્રલેખન કરી રહ્યા હતા. થાળ પછી હું મળવા માટે ગયો. સ્વામીશ્રી મારો હાથ પકડી મને યોગીબાપાના રૂમમાં લઈ ગયા. બહારની બાજુ જે બાલ્કની પડતી હતી ત્યાં સાવ નીચે જ મારી સામે બેસી ગયા. પછી ઘણી વાત કરી. નામ, વ્યવસાય, માતા-પિતા બધું પૂછ્યું. તેમાં વાત વાતમાં જ મેં કહ્યું કે આફ્રિકામાં મેં યોગીબાપાના ધબ્બા પણ ખાધા છે.

આ સાંભળતાં જ સ્વામીશ્રી એકદમ મારા પગને અડીને પોતાનો હાથ પોતાને માથે અડાડ્યો ! હું તો દિંગ થઈ ગયો.

સ્વામીશ્રી કહે : 'અહો ! તમે યોગીબાપાનો ધબ્બો ખાધો છે !!'

સંબંધવાળાનો આવો મહિમા મને પ્રથમ સંપર્કે જણાયો. પછી તો પ્રતિદિન ખેંચાણ વધતું ગયું.

* * *

૧૯૭૪માં મુંબઈ યુવક મંડળે જુદા જુદા સેવા વિભાગોની વહેંચણી કરી. મને 'સંપર્ક વિભાગ' સોંપાયો. એ પછી બધા યુવકો જૂના અક્ષર ભુવનમાં નીચેના માળે ઑફિસમાં આવ્યા.

સ્વામીશ્રી અહીં જ બિરાજ્યા હતા. સોફા પર ટેકો દઈને પગ ઉપર પગ ચડાવીને બેઠેલા સ્વામીશ્રીની મૂર્તિ સુંદર દેખાતી હતી.

સેવાની સોંપણીની વિગત જાણી સ્વામીશ્રી મારી બાજુમાં બેઠેલા ડૉ. કિરણ દોશીને સંબોધીને કહે : 'કિરણને સંપર્કનું સારું ફાવે.' પછી તો તેને અમેરિકા જવાની તીવ્ર ઇચ્છા અંગે વાત નીકળી.

સ્વામીશ્રી કહે : 'અમેરિકા કેમ જવું છે ? લક્ષ્મીજી જોઈએ છે ?'

તે હજુ કાંઈ જવાબ આપે તે પહેલાં તો સ્વામીશ્રી પોતાના ડાબા પગની પાની બતાવીને બોલી ઊઠ્યા : 'લે, જોઈએ તેટલી લક્ષ્મી અહીં પડી છે ! લઈ લે !'

અમે સૌ અવાક્ થઈ ગયા ! 'લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે....' આ નરસિંહ મહેતાનું પદ અમને ચરિતાર્થ થતું દેખાયું.

* * *

એકવાર મુંબઈ યુવક મંડળે જૂના અક્ષર ભુવનની અગાશીમાં સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજ્યો. જેમાં એક પ્રશ્ન એ હતો કે આજે ૧૯૭૪-૭૫માં હિન્દુસ્તાનમાં ૪૦,૦૦૦ ડિગ્રીધારી અને ૬૦,૦૦૦ ડિપ્લોમાધારી ઇજનેરો બેકાર છે. તેનો આપની પાસે ઉકેલ ખરો ?'

સ્વામીશ્રી માથું ધુણાવતાં સ્મિત કરતાં કહે : 'એ બધા અહીં સાધુ થઈને બેસી જાય, તો ભગવાનની સેવા થઈ જાય ને બેકારી પણ ટળી જાય !'

આવો અનપેક્ષિત જવાબ સાંભળી સભામાં આનંદનું મોજું ફરી વળ્યું. પણ એ પછી સ્વામીશ્રીએ કહ્યું : 'એમ કોઈ સાધુ થતા નથી. એ તો લલાટમાં લખ્યું હોય તે જ સાધુ થાય. બાકી ફર્યા કરે...'

એક લાખ સાધુ કરવાનો સ્વામીશ્રીનો સંકલ્પ હોય તેમ એ શબ્દો સ્વામીશ્રીના મુખેથી સહજ સરી પડ્યા હતા.

* * *

૧૯૭૫માં હું મુંબઈમાં નિર્લોન કંપનીમાં જોડાયો હતો. વ્યક્તિગત પૂજા શરૂ કરેલી, પણ તિલક-ચાંદલો કરવામાં શરમ આવતી. આથી રાતની

પાળીમાં કંપની પર જવાનું થાય તેથી તિલક-ચાંદલો પણ રાત્રે કરી જાઉં. તેવું વિચારી પ્રથમ જ રાત્રિએ તિલક-ચાંદલો કર્યો. સાથેના એન્જિનિયરો આ અંગે થોડી પૂછપરછ કરવા લાગ્યા. ને બધાને જવાબો પણ આપ્યા. પરંતુ એ જ વખતે રાત્રે દોઢેક વાગે ટેક અપ મશીનમાં ફોલ્ટ આવ્યો. તે તાત્કાલિક રિપેર ન થાય તો કંપનીને દર કલાકે સવા લાખ રૂપિયાનું નુકસાન થાય તેમ હતું. તેથી ઉપરી ઈજનેરોને બોલાવ્યા. વારાફરતી સીનિયર એન્જિનિયર, ડેપ્યુટી ચીફ એન્જિનિયર, ચીફ એન્જિનિયર અને જનરલ મૅનેજર સુધીના બધા જ ઉપરીઓ ભેગા થઈ ગયા... જેમનાથી મને શરમ લાગતી તે બધા જ એકસાથે ભેગા થઈ ગયા ને સૌ તિલક-ચાંદલા સામે જોતા પણ ખરા. પણ ફોલ્ટના પ્રશ્નની ગંભીરતા હતી તેથી કોઈએ કશું પૂછ્યું નહીં. એકાદ કલાકે મશીન રિપૅર થયું. પણ જેમની હાજરીમાં મને સંકોચ રહેતો, તે એક જ ધડાકે જતો રહ્યો ! ને તિલક-ચાંદલો પણ કાયમ રહ્યો, મને લાગ્યું કે સ્વામીશ્રીએ મારી નૈતિક હિંમત દઢાવવા જ આ પ્રસંગ ઊભો કર્યો હશે !

* * *

સ્વામીશ્રી ૧૯૭૫માં ભાદરાથી ભેંસદડ પધાર્યા હતા. સ્વામીશ્રીએ ઊંડ નદીમાં સ્નાન કર્યું હતું. પાણી પણ ઠંડું હતું. સ્વામીશ્રીની તબિયત પર તેની માઠી અસર થઈ ને સાંજે તો તાવ આવી ગયો. ભેંસદડ પહોંચ્યા ત્યારે શરીર ધગધગતું હતું. રાત્રે જ ઇન્જેક્શન આપ્યું. આરામ કરાવ્યો ને સંતોએ કહ્યું : 'આજે રાત્રે સભામાં આવવાની જરૂર નથી. અમે સભા કરી આવશું.'

પરંતુ સ્વામીશ્રી કહે : 'બધા હરિભક્તો આવ્યા હોય ને મહાત્મા સૂતા રહે, એવું ન હોય...'

'પણ બાપા !' સંતોએ દલીલ કરી, 'હજુ કાલે સવારે મહિલાઓના મંદિરમાં પ્રતિષ્ઠાનો ભીડો તો છે જ, માટે આરામ કરી લો...'

પણ સ્વામીશ્રી મૌન રહ્યા. સમય થયો, ને સભામાં પધારી ગયા. શરીરે કળતર હતું. મોં પર માંદગીનો અહેસાસ થતો હતો. સ્વામીશ્રીને ભીડો ન પડે તેથી નારાયણ ભગત(વિવેકસાગર સ્વામી) અને ડૉક્ટર સ્વામીએ પ્રવચનો ટૂંકાવ્યાં, ને સ્વામીશ્રીને કહ્યું : 'આપ ટૂંકમાં બોલજો, જેથી આરામ માટે પહોંચી જવાય...'

પરંતુ સ્વામીશ્રીએ વાતો શરૂ કરી, તે એકધારી સિત્તેર (૭૦) મિનિ સુધી બોલ્યા ! જાણે નખમાંયે રોગ નથી ! ટાઢ કે અશક્તિ નથી !

ગઢડા મધ્ય ૨૯માં મહારાજે કથાવાર્તામાં આસક્તિવાળાનાં લક્ષણ કહ છે કે ગમે તેવો રોગ આવી જાય તો પણ કથાવાર્તા કરે તો જાણે કોઈ રો છે જ નહીં....આ અમૃત વચનોનાં પ્રત્યક્ષ દર્શન થયાં !

* * *

૧૯૭૫, વૈશાખ સુદ ત્રીજની પ્રતિષ્ઠા પૂર્વે આગલા દિવસની સાં ઉમરેઠ ગામને પાદરેથી સ્વામીશ્રીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. વ્યવસ્થામાં સ્વામીશ્રીની શણગારેલી ગાડીની આગળ પાછળ ફરતો રહેતં અચાનક સ્વામીશ્રીએ મને બોલાવ્યો. ગાડીમાં ચડી જવા કહ્યું ને ચાલક પાસે બેસાડી દીધો. થોડીવારે કહે : 'આ આપણો વરઘોડો ! હવે બીજે ઘો ચડવું નથી... હવે એક ભગવાન જ વરવા છે !'

સ્વામીશ્રીએ મારી સાધુ થવાની વાતને વિશિષ્ટ રીતે દઢાવી. આ પ્રસં પછી ત્યાગી થવાની ઇચ્છાએ પ્રબળ વેગ પકડ્યો ! એમના નાદબ્રહ્મની કેવ અદ્‌ભુત અસર !

* * *

સ્વામીશ્રી તા. ૨૫-૧૨-૭૫ના રોજ નેનપુરથી અમદાવાદ પધાર્યા હત અહીં મંદિરમાં જ સંતો માટે 'શ્રીજી સ્વર કલા કેન્દ્ર' 'શ્રીજી લલિત કલ કેન્દ્ર' અને 'અક્ષરપુરુષોત્તમ સ્કૂલ ઑફ ફિલોસોફી'નો પ્રારંભ થવાનો હતો સ્વામીશ્રી તેના ઉદ્‌ઘાટન માટે પધાર્યા હતા.

એ સમયે પ્રારંભિક પ્રવચનમાં ડૉક્ટર સ્વામીએ કહ્યું કે 'સ્વામી, અ દેશ-પરદેશના ભણેલા સંતો છે, પણ બે દિવસ પહેલાં તેમને કહ્યું : 'આપણા મંદિરનાં જાજરૂ સાફ કરનારની ગેરહાજરીને કારણે ધોવાતાં નથી તો તમે એ સેવા કરશો ?' તો બધાએ ઉત્સાહથી સેવા કરવા તત્પરત દર્શાવી...'

સ્વામીશ્રીએ આ સાંભળી સંતો સામે જે અમીદૃષ્ટિ કરી, તેની દિવ્યતા તે જે માણે તે જાણે ! એ કૃપાદૃષ્ટિ સૌને પૂર્ણકામપણાનો અનુભવ કરાવી ગઈ!

...જી મહારાજે અં. ૨૭માં કહ્યું છે કે ભગવાનની મૂર્તિમાં પાંચે વિષયનું સુખ એક જ કાળે પ્રાપ્ત થાય છે, તે અનુભવ સ્વામીશ્રી આ... કોઈક સમયે

કરાવે, ત્યારે એમની દિવ્યતાનો વિશેષ ખ્યાલ આવે છે.

* * *

૧૯૭૬માં ચૈત્રી નોમ, હરિ જયંતીનો સમૈયો અમદાવાદમાં યોજાયો હતો. આજે સ્વામીશ્રીને પણ નિર્જળા ઉપવાસ હતો. સવારથી પધરામણીઓ શરૂ થઈ, તે બપોરે બે વાગ્યા સુધી અમદાવાદની કાળઝાળ ગરમીમાં, પાણી પણ પીધા વિના સ્વામીશ્રી હરિભક્તોનાં ઘરોઘર ઘૂમતા રહ્યા.

બપોરે આવ્યા પછી પત્રલેખન - સત્સંગના સામયિકોનું વાંચન કર્યું ને ચારેક વાગે ફરી પધરામણીનો દોર શરૂ થયો. સ્વામીશ્રી પાછા પધાર્યા ત્યારે પ્રગટ ભગતે બરફ મગાવીને ઠંડું પાણી સ્નાન માટે તૈયાર રાખ્યું હતું ! કેવી ભયંકર ગરમી હશે, તેની કલ્પના કરવા આ તૈયારીની વાત જ પૂરતી છે.

સ્વામીશ્રી ઠંડાગાર પાણીએ સ્નાન કરી રાત્રે શ્રીહરિ જયંતીની ઉત્સવ સભામાં પધાર્યા. અમને તો એટલો ઉપવાસ લાગ્યો હતો કે માંડ માંડ સૌએ રાત્રે બાર વગાડ્યા. રાત્રે જ કેટલાકે સ્નાન-પૂજા કરી પાણી પી લીધું. અમે પાણી પીને બહાર આવ્યા તો સ્વામીશ્રીના રૂમમાં લાઈટ ચાલુ જોઈ. રાત્રે ૧૨.૩૫ વાગ્યા હતા. સ્વામીશ્રીને ગરમી અને ઉપવાસને કારણે ઊંઘ આવતી નહોતી. પરંતુ મુખ ઉપર તો એવી જ તાજગી દેખાતી હતી !

૫૬ વર્ષની ઉંમરે આ પુરુષ આવા ભયંકર તાપ અને ઉપવાસના દિવસે મોંમાં પાણીનું ટીપું મૂક્યા વિના આટલી પધરામણીના પરિશ્રમ પછી રાત્રે પોણા વાગે આરામમાં પધાર્યા, ત્યારે અમે યુવાન સંતો પણ મનોમન શરમાઈ ગયા ! આટલું પૂરતું ન હોય તેમ સવારે સાડા સાત વાગે શણગાર આરતી બાદ માત્ર પોણી વાટકી મોસંબીનું શરબત લીધું. આવું આકરું તપ અમને સંયમના અનેરા પદાર્થપાઠ શીખવી ગયું.

ખરેખર, ગુરુ ૧૬ આની પાળે, ત્યારે શિષ્ય ૧ આની પાળે છે... 'વર્તન વાતો કરે' એ શબ્દનો અર્થ ત્યારે જ બરાબર સમજાયો હતો.

* * *

સ્વામીશ્રી ૧૯૭૭માં અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા હતા. મધ્યખંડ સામે ઊભા રહી નરનારાયણ દેવનાં દર્શનમાં તલ્લીન થઈ ગયા હતા. ક્યાંય પણ દર્શન કરે, ત્યારે મૂર્તિમાં ખોવાઈ જવાની સ્વામીશ્રીની વિલક્ષણતા છે. આ જ વખતે નિજમંદિરમાં ઊભેલા એક યુવાન

બ્રહ્મચારી સ્વામીશ્રીને સંબોધીને બેફામ રીતે બોલવા લાગ્યા.

તે કહે : 'પ્રમુખસ્વામી, તમે શું કરવા અહીં દર્શને આવો છો ? એક તો પાછી શિક્ષાપત્રી બદલી છે... ને ભગવાન થયા છો...'

તે ખૂબ બોલ્યો. પરંતુ સ્વામીશ્રી લેશમાત્ર ચલિત ન થયા. તેની સામે પણ ન જોયું. શાંતિથી દર્શન કરતા રહ્યા. અન્ય સૌ સમસમી રહ્યા હતા.

સ્વામીશ્રી ત્યાંથી નીકળી બ્રહ્મચારીઓના આવાસ તરફ દર્શને પધાર્યા. ત્યાં મુખ્ય બ્રહ્મચારી સ્વામીશ્રીને જોઈ ગયા. તેઓ ભાવવાળા હતા. તેથી પોતાને ઓરડે પધારવા માટે સ્વામીશ્રીને પ્રેમાગ્રહ કરવા લાગ્યા. સ્વામીશ્રી તેમના આગ્રહથી તેઓની રૂમે પધાર્યા ત્યારે સાથેના આપણા હરિભક્ત જયંતીભાઈ કોઠારીએ બ્રહ્મચારીને કહ્યું : 'તમારા શિષ્યે સ્વામીનું અપમાન કર્યું, ને જેમ તેમ બોલતા હતા...' પછી બધી વાત કરી ત્યારે તે મુખ્ય બ્રહ્મચારી ખૂબ દુખાઈ ગયા. ને માફી માગતાં કહે : 'સ્વામી ! એના વતી મને માફ કરશો. એણે અપમાન કર્યું તે બદલ ક્ષમા કરશો.'

સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'એનું અમારે મનમાં કાંઈ નથી. એવા તો નર્યાં (અપમાનોનાં) ઢોલાં અમારે માથે વાગ્યાં છે ! અમે રીઢા થઈ ગયા છીએ.' વાતાવરણમાં મુક્તાનંદ સ્વામીની પંક્તિ ગુંજી ઊઠી : 'માન-અપમાન મેં એકતા... સુખ-દુઃખ મેં સમભાવ...'

આ પછી સ્વામીશ્રીએ બ્રહ્મચારીને સમજાવ્યું કે 'અમે શિક્ષાપત્રી બદલી નથી, પણ સચિત્ર શિક્ષાપત્રી છાપી છે. તેમાં બધા શ્લોકો ચિત્રરૂપે રજૂ થઈ શકતા નથી હોતા, એટલે જે ચિત્રરૂપે રજૂ થાય તે જ પસંદગી કરીને લીધા છે. માટે શિક્ષાપત્રી બદલવાનો કોઈ ઇરાદો પણ નથી. આ તો સૌને સરળ પડે અને બાળકોને - બધાને યાદ રહી જાય તે માટે કર્યું છે...'

બ્રહ્મચારી પણ રાજી થયા. સ્વામીશ્રીની આ અદ્‌ભુત સ્થિતિ જોઈ તેમણે ઊઠતાં ઊઠતાં ફરી એકવાર માફી માગી લીધી....

* * *

સ્વામીશ્રીએ ૧૯૭૭ની વિદેશયાત્રામાં એટલો ભીડો વેઠ્યો હતો કે જે શરીરને માથું દુઃખવું એટલે શું તેની જાણ નહોતી, ત્યાં મોટી માંદગીના હુમલા શરૂ થઈ ગયા.

સ્વામીશ્રીની એ પ્રથમ મોટી બીમારી મુંબઈથી શરૂ થઈ હતી. સારંગપુર

અઢી માસ આરામ કર્યા બાદ સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા. હજુ અશક્તિ ઘણી વર્તાતી હતી. શ્રીહરિ સ્વામીએ સ્વામીશ્રીને સહજ મિત્રભાવે કહ્યું : 'સ્વામી ! આપની બીમારી અમને આપી ન દેવાય ? આપ બીમારી ટ્રાન્સફર કરી દો...'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'એ ટ્રાન્સફર થાય તેવી નથી. મહારાજની ઇચ્છાથી જે થયું તે સારું થયું. નહીં તો (વિદેશથી આગમન થયું તે નિમિત્તે) ગામોગામ નગરયાત્રા થાત, ને બેન્ડ વાજાં લાવત, ને આપણે 'ના' ન કહી શકત. (લોકોનો પ્રેમ હોય તેથી દુભવી ન શકાય)' એમ કહીને બોલ્યા : 'આ તો સહેજે ટાળ્યું !'

સ્વામીશ્રીના ઉદ્‌ગારોમાં સન્માનો ન થયાં તે પાછળની 'હાશ' વર્તાતી હતી, તે જોઈ અપાર આશ્ચર્ય થયું. આદર-સત્કાર અને માન-સન્માનને નિવારવા જાણે સ્વેચ્છાએ જ માંદગી ગ્રહણ ન કરી હોય ! તેવો ભાવ-જણાઈ આવતો હતો.

* * *

સ્વામીશ્રી ૧૯૮૦માં મ્વાન્ઝા (આફ્રિકા) પધાર્યા હતા. રાત્રે સંતોની કીર્તનઆરાધનાનો કાર્યક્રમ હતો. હરિભક્તો સ્ટેજ ઉપર વાજિંત્રો લઈ ટ્યુનિંગ કરી રહ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા એ જ વખતે અહીંના હરિભક્ત હસમુખભાઈએ સ્વામીશ્રીને પોતાનું દિલરુબા પ્રસાદીભૂત કરવા આપ્યું.

સ્વામીશ્રી દિલરુબા હાથમાં લઈને જોવા લાગ્યા. આજુબાજુ એકત્ર થયેલા હરિભક્તોને ગમ્મત કરતાં પૂછવા લાગ્યા : 'ક્યો રાગ વગાડીએ ?'

'માલકૌંસ.'

'ભૂપાલી.'

'કલાવતી.'

'મેઘ મલાર'... હરિભક્તો જુદાં જુદાં નામ આપવા લાગ્યા. સ્વામીશ્રી હસતાં હસતાં એકદમ કહે : 'આપણે રાગ 'સુખિયો' વગાડીએ !'

એમ કહીને થોડું વગાડીને દિલરુબા પાછું આપ્યું. એક અદ્‌ભુત સ્મૃતિ મળી.

'કહે નિષ્કુળાનંદ એને સંગે,
ઊગે અંતરે આનંદ સૂર, સંત તે સ્વયં હરિ...'

સંગીતના અનેક રાગો હશે, પણ 'સુખિયો' રાગ તો સ્વામીશ્રીની મોનોપોલીનો રાગ ! અખંડ ભગવાનના સુખે સુખી રહેતા ગુરુહરિને આ રાગે સૌના અંતર ભરી દેવાની જ એકમાત્ર તમન્ના રહી છે...

* * *

૧૯૮૦ની વિદેશયાત્રા દરમ્યાન સ્વામીશ્રી સાઉથ આફ્રિકામાં જહોનિસબર્ગ પધાર્યા હતા. ડૉ. રમેશભાઈ રણછોડભાઈને ત્યાં ઠાકોરજી જમાડી બપોરે આરામ કર્યો. જ્યારે જાગ્યા ત્યારે સ્થાનિક વર્તમાનપત્રના અંગ્રેજ પત્રકાર સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ લેવા આવ્યા હતા. વીસેક મિનિટ ચાલેલા આ વાર્તાલાપમાં હું સ્વામીશ્રીના દુભાષિયા તરીકે સેવા આપતો હતો.

સ્વામીશ્રીને હજુ પધરામણીઓ કરી રાધાસ્વામી સંપ્રદાયના વડાના ભાઈને ત્યાં જવાનું હતું, તેથી ઉતાવળમાં હતા. મેં રિપોર્ટરને કહ્યું : 'હવે છેલ્લો પ્રશ્ન પૂછી લો. સ્વામીશ્રી આગળના કાર્યક્રમમાં વ્યસ્ત છે.'

તેથી તેણે અંગ્રેજીમાં પ્રશ્ન પૂછી લીધો : 'Since you people keep away from the ladies, don't they feel neglected or discriminated against ?' (તમે સ્ત્રીઓને દૂર રાખો છો, તો તેઓ ઉપેક્ષાનો કે ભેદભાવ થઈ રહ્યાનો અનુભવ નથી કરતી ?)

આ પ્રશ્નનું ગુજરાતી રૂપાંતર કરું તે પહેલાં તો સ્વામીશ્રી એકદમ જવાબ આપવા લાગ્યા : 'એને કહો કે હિન્દુસ્તાનમાં પોતે આવીને જુએ ! લાખો સ્ત્રીઓ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે. પણ કોઈને એવો ભાવ થતો નથી...'

સ્વામીશ્રીના ગુજરાતી ઉત્તરનો અંગ્રેજીમાં અનુવાદ કરું તે પહેલાં તો પેલો ગોરો રિપોર્ટર અંગ્રેજીમાં લખવા મંડી પડ્યો. મને આ બીજું આશ્ચર્ય હતું. છતાં શંકા ગઈ કે રિપોર્ટર કઈ ઊંધું લખી બેસે તો તકલીફ થશે. તેથી તેને પૂછ્યું : 'તમે શું લખ્યું ?'

તેણે વાંચી સંભળાવ્યું કે 'Swamiji is telling me to come to India and see first–hand for myself that there are hundreds of thousands of women who worship Lord Swaminarayan and none of them feels discriminated against !'

હું આભો બની ગયો ! સ્વામીશ્રીના જ શબ્દોનું આ શબ્દશઃ ભાષાંતર

હતું. આ પ્રસંગે મને ખ્યાલ આવ્યો કે સત્પુરુષને ભાષાનાં બંધનો હોતાં નથી. તેઓ ભાષાઓથી પર છે. તેથી જ તેમની ભાષા સૌ કોઈ સમજી શકે છે. મને સેવા પૂરતો સાથે લીધો, તે તો તેઓની કૃપા હતી. બાકી તેઓને કોઈનીયે જરૂર નથી... પણ સૌને તેમની જરૂર છે...

* * *

૧૯૮૦માં લંડનના ફ્રેન્ડ્ઝ હૉલમાં સ્વામીશ્રીના આશીર્વાદ પૂર્વે મારે પ્રવચન કરવાનું હતું. તેમાં એક વાત કરી : 'ગુણાતીતાનંદ સ્વામીનો સંકલ્પ છે કે પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવું છે, પણ તે ક્યારે થશે ? તો જ્યારે આપણા રૂંવાડે રૂંવાડે ભજન થશે, ત્યારે પાંદડે પાંદડે ભજન થઈ જ ગયું સમજો !'

સ્વામીશ્રી આ વાત સાંભળી મસ્તક હલાવી પુષ્ટિ આપી રહ્યા હતા. પછી આશીર્વાદ આપતા આ જ વાતમાં મજકૂર લાવી દીધો અને કહ્યું : 'જેને રૂંવાડે રૂંવાડે મહારાજનું ભજન છે, એવા પુરુષ આપણને મળ્યા છે. તેના પ્રતાપે આપણે પણ રૂંવાડે રૂંવાડે ભજન થશે.... ને પાંદડે પાંદડે પણ ભજન થશે !'

સ્વામીશ્રીએ સ્વસ્થિતિનો અણસાર આપી સભાને પ્રાપ્તિના કેફને હિલોળે ચડાવી દીધી...

* * *

આ જ યાત્રા દરમ્યાન સ્વામીશ્રી લંડન હતા, ત્યારે ભારતથી એક પત્ર સ્વામીશ્રી ઉપર આવ્યો હતો. શ્વેતવૈકુંઠ સ્વામીએ વાંચ્યો પણ ઉકલ્યો નહીં. અમદાવાદથી આવેલો પત્ર હતો, તેથી હું કાંઈક સંદર્ભ જાણતો હોઈશ એ હેતુથી તેમણે મને આપ્યો. હું પણ વીસેક મિનિટની મહેનતના અંતે કશો જ સાર કાઢી શક્યો નહીં. ખરાબ અને તૂટક અક્ષરોને કારણે અમે બંને નિષ્ફળ ગયા. પણ એ પત્ર સ્વામીશ્રીને બતાવવો તો ખરો જ એમ નક્કી કર્યું.

સ્વામીશ્રી સાંજે Friend's Hallમાં સભામાં બિરાજ્યા હતા, ત્યાં આ પત્ર આપ્યો. ને કહ્યું કે કાંઈ જ ઉકલતું નથી. સ્વામીશ્રી ચશ્માં ચડાવીને બેસી ગયા. ૨૦-૨૫ મિનિટ સુધી એકધારો પ્રયાસ કરતા રહ્યા. અને વારેવારે એ પત્ર વાંચ્યો. અંતે સાર પકડી લીધો ! તરત પેડ લીધું અને ઉત્તર લખવા લાગ્યા !

આ તે કેવી આત્મીયતા ! એક સામાન્ય ભક્તના સામાન્ય પત્રને આટલી મહત્તા આપી તેની પાછળ આટલો બધો સમય આપવો એ કેવળ શ્રદ્ધાનું જ કામ નથી, પણ પ્રેમ-મમત્વ અને આત્મીયતામાંથી સર્જાયેલો ઉત્સાહ છે ! ભક્તો જ એમને મન મોટી મૂડી છે તો પછી તેઓ તેમને કેમ ન સાચવે ?

* * *

લંડન સત્સંગમંડળે ૧૯૮૦માં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં એક સુંદર વન-મહોત્સવ થાય તેવું આયોજન કર્યું હતું. આ માટે સૌએ Epping forestમાં સભા ગોઠવી હતી. ખૂબ મોટી સંખ્યામાં સૌ પધાર્યા હતા.

સ્વામીશ્રી પધરામણી કરીને અહીં પધારવાના હતા. તેથી સંતોએ સભા ચાલુ કરી દીધી. પરંતુ સમય પસાર થતો રહ્યો. સ્વામીશ્રીના હજુ કોઈ સમાચાર ન હતા. તે તરફ પધરામણીઓ વધતી રહી હતી. અને આ તરફ બી.બી.સી.ના રિપોર્ટરો તથા સમગ્ર સભા સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહ્યા હતા. B.B.C.ને 'Indian Dance & Festivities' કાર્યક્રમ માટે કવરેજ લેવું હતું, પરંતુ તેમની શ્રદ્ધા ખૂટી ને સૌ ચાલ્યા ગયા.

એ પછી અડધા કલાકે સ્વામીશ્રી પધાર્યા. હું સાથે જ હતો. હજુ સ્વામીશ્રી બેસે ત્યાં તો ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. સ્વામીશ્રીના માથે છત્રી ધરી હતી. એક વૃક્ષ નીચે બાંધેલા હિંડોળા પર સ્વામીશ્રી બિરાજ્યા. એવામાં વરસાદ ધોધમાર તૂટી પડ્યો. સભા વિખેરાઈ. સ્વામીશ્રી નજીકમાં જ આવેલી શાળાના હૉલમાં પધાર્યા. બધા જ સત્સંગીઓનો પર્યટન કરવાનો ઉત્સાહ ભાંગી પડ્યો હતો. સૌને લાગ્યું કે આખી સવાર સ્વામીશ્રીનો લાભ મળે તેમ હતું, પણ કેટલાક મોવડીઓ સ્વામીશ્રીને પધરામણીએ લઈ ગયા, તેથી બધો જ લાભ ગુમાવ્યો છે. આથી કેટલાક લોકો એ મોવડીઓ માટે જેમ તેમ બોલવા લાગ્યા કે 'તેમણે ધ્યાન રાખવું જોઈએ. આવો કાર્યક્રમ હોય ત્યારે બાપાની પધરામણી રખાય જ નહીં... માંડ માંડ B.B.C.વાળ આવેલા, તે પણ જતા રહ્યા... કોઈને હરિભક્તોની પડી નથી....' વગેરે

આ વાતો સાંજે સ્વામીશ્રીના કાને આવી. તેથી બીજે દિવસે સવા ઈસલીંગ્ટન મંદિરના હૉલમાં પૂજા બાદ કથા થઈ રહી ને સ્વામીશ્રીને માઈ ધર્યું, ત્યારે સ્વામીશ્રી એક સંતને કહે : 'ગ.પ્ર.૧૬મું કાઢો !' તેમણે એ વચનામૃત કાઢ્યું ને વાંચવા લાગ્યા. સ્વામીશ્રીએ નિરૂપણની શરૂઆત

આવી રીતે કરી : 'પ્રથમ તો એ વાત કરવાની કે ગઈકાલે જે બન્યું તેમાં વાંક ગુરુનો જ છે ! અમે જ પધરામણી ગોઠવેલી ને અમારાથી જ બહુ મોડું થયું હતું. એમાં કોઈનો કોઈ વાંક નથી. માટે માફ કરજો...'

સ્વામીશ્રી એટલા ભાવપૂર્વક બોલતા હતા કે હરિભક્તોનાં હૈયાં વીંધાઈ ગયાં. જે આવેશમાં આવીને બોલનારા હતા તેમને અંતર્દૃષ્ટિ થઈ. કેટલાય હરિભક્તોની આંખમાં પશ્ચાત્તાપનાં આંસુ હતાં. સભામાં અલગ પ્રકારનો સન્નાટો છવાઈ ગયો. અને પધરામણી કરાવનાર એ મોવડીઓને પણ ભૂલ સમજાઈ કે આપણો વાંક સ્વામીશ્રીએ ઓઢી લીધો છે ! તેમને પણ ખેદ થયો, ને વાત થાળે પડી ગઈ.

અન્યનો વાંક પોતાને માથે લઈ લેવાની ગુણાતીત રીત ગુણાતીત સિવાય બીજે ક્યાં મળે ? સ્વામીશ્રીની આ અદ્‌ભુત મહિમા દૃષ્ટિની પાછળ એમની અહંશૂન્યતા પ્રતિબિંબિત થઈ રહી હતી.

* * *

બીજી સપ્ટેમ્બર, ૧૯૮૦ના જન્માષ્ટમીના શુભ દિવસે આંખોમાં પાકેલા મોતિયાની તપાસ કરાવીને સ્વામીશ્રી એ જ દિવસે બોસ્ટનથી પાછા ન્યૂયોર્ક જવા નીકળ્યા. આજે સવારે ન્યૂયોર્કથી બોસ્ટન પણ આ રીતે જ આવ્યા હતા. આઠ કલાકની આ આવનજાવનનો પરિશ્રમ શરીર ઉપર વર્તાય એ સ્વાભાવિક હતું. સંતોની વિનંતીથી સ્વામીશ્રી વાનની પાછલી સીટ ઉપર પોઢ્યા હતા. વાનની ઉપરની બર્થ ઉપર ઠાકોરજીને પણ પોઢાડ્યા હતા. સંધ્યા ઢળી ચૂકી હતી. પહોળા રાજમાર્ગો ઉપર પૂરપાટ દોડ્યે જતા વાનમાં અચાનક ઉપરથી કાંઈક પડ્યાનો ધડાકો સંભળાયો. સૌની ભેગા સ્વામીશ્રી પણ 'શું થયું ? શું પડ્યું ?' કહેતાં સફાળા બેઠા થઈ ગયા.

એક સંતે કહ્યું : 'ઉપરથી ઠાકોરજી પડ્યા.' અને જાણે સ્વામીશ્રીના અંતરમાં બીજો ધડાકો થયો. શિથિલ ગાત્રે હેબતાયેલા સ્વામીશ્રી કહે : 'જરા જુઓ, ઠાકોરજી બહાર તો નથી પડી ગયા ને !' અંદર લાઈટ કરીને જોયું તો હરિકૃષ્ણ મહારાજ પેટીમાં પડખાભેર થઈ ગયેલા. સ્વામીશ્રી ખૂબ ખિન્ન થઈ ગયા. આંખમાંથી વહી જતી અશ્રુધારા સાથે કરગરતા હોય એ રીતે મહારાજના આખા શરીરે હાથ ફેરવતાં ફેરવતાં સ્વામીશ્રી વારે વારે કહેતા જતા હતા : 'મહારાજ, માફ કરજો. મહારાજ, માફ કરજો.' સાક્ષાત્

મહારાજને વાગ્યું હોય અને પોતાથી અપરાધ થઈ ગયો હોય એવા ભાવ સાથે વાનમાં જ સ્વામીશ્રી દંડવત્ કરવા લાગ્યા. એક... બે... ત્રણ... પાંચ... દસ... વીસ... પચીસ... નાદુરસ્ત તબિયતની તમા રાખ્યા વગર સ્વામીશ્રી દંડવત્ કર્યે જ જતા હતા. કોઈના રોક્યા રોકાય એમ હતું નહિ, હજી મન માન્યું ન હતું. ઠાકોરજીને રીઝવવા પ્રેમથી થાળ ધર્યો અને તે પછી આખે રસ્તે સૂનમૂન બેસીને ઠાકોરજી સમક્ષ સતત માળા જ ફેરવી. ન્યૂયોર્ક આવી ગયું. પરંતુ સ્વામીશ્રીના અંતરનો એ પશ્ચાત્તાપ એવો ને એવો જ રહ્યો. વાંક પોતાનો ક્યાં હતો ? પરંતુ આ નાતો જુદો હતો.

પ્રત્યક્ષભાવથી થતી ઠાકોરજીની સેવાભક્તિનાં આ ભાવભીનાં દર્શન હતાં. ઠાકોરજી પ્રત્યેની આવી પરાભક્તિનાં દર્શનથી જ જીવનમાં સાચી ભક્તિ પ્રગટે છે. શાસ્ત્રોમાં પરાભક્તિ કે પ્રેમલક્ષણા ભક્તિના શબ્દો વાંચ્યા, સાંભળ્યા છે પણ મૂર્તિમાન પરાભક્તિ કેવી હોઈ શકે એનાં આ દર્શન હતાં.

* * *

૧૯૮૦માં સ્વામીશ્રી અમેરિકાના વિચરણમાં હતા. સ્વામીશ્રીને ડાબી આંખે દેખાતું બંધ થઈ રહ્યું હતું. બોસ્ટનમાં તાત્કાલિક ડૉ. હચિન્સનને બતાવવામાં આવ્યું. તેમના કહેવા પ્રમાણે તાત્કાલિક મોતિયાના ઑપરેશનની જરૂર હતી. જો બે-ત્રણ દિવસ લંબાય તો પણ ઝામર થવાનો સંભવ હતો. ઑપરેશનની તારીખ નક્કી થઈ. સ્વામીશ્રી તપાસ પછી ન્યૂયોર્ક પહોંચી ગયા હતા.

એ દરમ્યાન બોસ્ટનથી ડૉ. હચિન્સનનો ફોન આવ્યો કે આપની ઑપરેશનની બધી વ્યવસ્થા થઈ ગઈ છે, પણ આપે જે પુરુષ નર્સ માટે માગણી કરી છે, તે શક્ય બને તેમ નથી. કેમ કે બે પુરુષ નર્સ છે. ને બંને એક મહિના સુધી 'બુક' છે.'

અમે કંઈ વિચાર કરીએ તે પહેલાં ડૉ. હચિન્સને પોતાની રીતે ઉપાય કાઢતાં કહ્યું : 'ઑપરેશન માટે સ્વામીશ્રીને એનેસ્થેસિયા આપીએ, પછી તો બેભાન અવસ્થામાં હોય, ત્યારે કોઈ સ્ત્રી નર્સ આવે તો ચાલે ? સ્વામીશ્રી જાગે તે પહેલાં તો તે જતાં રહેશે !' મેં ફોન ઉપર જ ઇન્કાર કર્યો ને કહ્યું : 'એ કોઈપણ સંજોગોમાં ન ચાલે. અમારા નિયમ આ બાબતે બહુ જ સ્પષ્ટ છે, ને કડક છે.'

આ ઉત્તર સાંભળી એ સુહૃદયી ડૉક્ટરે ફરી પુરુષનર્સ માટે તપાસ આદરી. હું ફોન મૂકી સ્વામીશ્રી નજીક આવ્યો. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું, 'શું વાત થઈ ?' મેં બધી વાત કરી.

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે શું જવાબ આપ્યો ?'

મેં કહ્યું 'કે એ કોઈપણ સંજોગોમાં ન ચાલે... બેભાન અવસ્થામાં પણ નહીં.'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'સુષુપ્તિમાં પણ ન ચાલે. આ પ્રમાણે આપણી મર્યાદા ને વ્યવસ્થા પ્રમાણે જો ન થતું હોય તો આપણે ઑપરેશન નથી કરાવવું !'

સ્વામીશ્રીની આ મક્કમતા એટલી બધી હતી કે આંખ જાય તો વાંધો નહીં, શ્રીજીમહારાજે આપેલા નિયમમાં ફેરફાર ન થવો જોઈએ !

મુક્તાનંદ સ્વામીની પંક્તિ યાદ આવી ગઈ : 'નિષ્કામી તે નારાયણ રૂપ છે...' શ્રીજીમહારાજે પણ મ.૬૧માં ત્યાગીમાં મોટેરો પણ તેને જ કહ્યો છે કે જે દેશ-વિદેશમાં જઈ ને કંચન-કામિનીનો ત્યાગ રાખે... સ્વામીશ્રીની નિયમદૃઢતાનાં અહીં વિશિષ્ટ દર્શન થયાં....

* * *

વડોદરામાં સ્વામીશ્રીની ૧૯૮૦માં ૬૦મી જન્મ જયંતી ઊજવાઈ તે દિવસે સવારે સ્વામીશ્રીએ Aims Houseમાં અશોકભાઈ પટેલના બંગલે ભોંયતળિયે જ પૂજા કરી.

એ પછી સૌ સંતોને વ્યક્તિગત આશીર્વાદ આપ્યા. સૌ લાઇનમાં હતા. તેમાં છેલ્લે મારો વારો આવતા હું બોલ્યો : 'બાપા ! આપની અનુવૃત્તિ પળાય એવા આશીર્વાદ આપો !' તો સ્વામીશ્રી હાથ જોડીને કહે : 'સંતો, આશીર્વાદ આપો કે આપની અનુવૃત્તિ પળાય.' તરત જ સ્વામીશ્રીને હાથ જોડીને મેં કહ્યું : 'બાપા ! અવળી ગંગા ન હોય ! અમને આપની અનુવૃત્તિ પળે તેવા આશીર્વાદ આપવાના હોય...'

સ્વામીશ્રી હસી પડ્યા, ને કહે : 'આપણે અસરપરસ રાખો ! તમે અમારી, ને અમે તમારી અનુવૃત્તિ પાળી શકીએ...'

આવા ગુરુ બીજે ક્યાં મળે ? एकं एव अद्वितीयं ब्रह्म।

* * *

૧૯૮૦ની વિદેશયાત્રામાં સ્વામીશ્રી સાથે દુભાષિયા સંત તરીકેની સેવા મને મળી હતી. આખી યાત્રામાં સ્વામીશ્રીએ દર્શન-પ્રસાદી-વાતુ ને મળવું ચારે સુખ અઢળક આપ્યાં હતાં.

એ પછી વડોદરા ૬૦ મી જન્મજયંતી ઉજવાઈ અને સ્વામીશ્રી લાભ આપી અમદાવાદ પધાર્યા. અહીં નિજમંદિરમાં મધ્યખંડ પાસે ઊભા રહી ઠાકોરજીનાં દર્શન કરી રહ્યા હતા. આજુબાજુ ઊભેલા સંતોના મુખ ઉપર આટલા વખતના વિરહ પછીની તૃપ્તિ અને આનંદ હતો. તેમને લાભ મળે, તે જ માટે હું પૂજારી માટેના અંદરના પગથિયે થોડે નીચે ઊભો હતો.

સ્વામીશ્રી મધ્ય મંદિરમાં આરતી કરી હરિકૃષ્ણ મહારાજના ખંડ તરફ વળ્યા, ત્યાં જ મને જોયો. તેથી તરત જ બોલ્યા : 'આત્મસ્વરૂપ !'

બસ ! એક જ દૃષ્ટિ ! એક જ શબ્દ ! જાણે જગત ભુલાઈ ગયું. બ્રહ્માંડ ભરની મધુરતા સ્વામીશ્રીના ભાવમાંથી નીતરી રહી હતી. આખી યાત્રામાં કેટલીયે વાતો કરી હતી, પ્રસાદી જમ્યા હતા... પણ જે સુખ આજે અનુભવ્યું, તેવું ક્યારેય અનુભવ્યું નહોતું !

સાચે જ સ્વામીશ્રી કૃપાનિધાન છે, બાકી સાધને કરીને આવા સુખના સહભાગી બની જ શકાતું નથી.

* * *

૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના પડઘમ વાગી રહ્યા હતા. ગુજરાત અનામત આંદોલનના પ્રશ્ને ભડકે બળતું હતું. ચાલુ ઉત્સવે પણ શહેરમાં તોફાનનાં છમકલાંઓ થતાં રહેતાં.

જ્યારે સુભાષબ્રીજને છેડે 'સ્વામિનારાયણ નગર'માં ભક્તિનો એક દિવ્ય માહોલ સર્જાયો હતો. મુખ્ય ઉત્સવની બપોરે તા. ૧૨-૪-૮૧એ 'નગર'માં સભામંડપની પાછળ આવેલી પ્રેસ વિભાગની ઑફિસમાં સ્વામીશ્રી કેટલાક પત્રકારોને મળી રહ્યા હતા.

એક પત્રકારે સ્વામીશ્રીને પૂછ્યું : 'અત્યારે શહેરમાં ઠેર ઠેર અનામત આંદોલનને કારણે ધમાલ, કર્ફ્યુ વગેરે ચાલે છે, તેના ઉકેલ માટે આપે કાંઈ કાર્ય કર્યું છે ?'

સ્વામીશ્રીએ શાંત ગંભીરતાથી ઉત્તર આપ્યો : 'અમે પ્રાર્થના કરી છે, જેથી શાંતિ થાય...'

'એમ નહીં,' પત્રકારે કહ્યું : 'શેરીઓમાં, ગલીઓમાં, લત્તે-લત્તે જાતે જઈને આપની સંસ્થાએ શું કર્યું છે જેથી પ્રશ્ન હલ થાય ? પ્રાર્થના દ્વારા આ પ્રશ્ન ઊકલશે ?'

સ્વામીશ્રી દૃઢતાથી બોલ્યા : 'અમને વિશ્વાસ છે કે અમારી પ્રાર્થના કામ કરે જ છે !'

પેલા પત્રકારને સ્થૂળભાવમાં આ મહત્તા સમજાઈ નહીં ને સંતોષ પણ થયો નહીં.

એ જ દિવસે રાત્રે મુખ્ય ઉત્સવસભામાં જ સ્વામીશ્રીએ માઇક ઉપર જાહેરમાં જ પ્રાર્થના ઉચ્ચારી કે 'સમગ્ર ગુજરાતમાં શાંતિ થાય અને રાજનેતા ને વિદ્યાર્થીઓ પણ સમાધાન કરે તેવી પ્રાર્થના કરીએ છીએ...' એમ કહી ગુજરાતની જનતાને પણ શાંતિ માટે અપીલ કરી. અને આશ્ચર્ય એ વાતનું થયું કે બીજે જ દિવસે આંદોલનનો સુખદ અંત આવ્યો !

ત્યારે પેલા પત્રકારને સમજાયું કે સ્વામીશ્રી જેવા મહાપુરુષની પ્રાર્થના અને શબ્દોનું શું વજન હોય છે !

આ બનાવનો ઉલ્લેખ તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન સાથેની વાતચીતમાં પણ કર્યો હતો. કે પ્રમુખસ્વામીના આશીર્વાદથી ગુજરાતમાં પુનઃ શાંતિ સ્થપાઈ છે !

કહ્યું છે ને : 'શાંતિ પમાડે તેને સંત કહીએ !'

* * *

સ્વામીશ્રી ૧૯૮૧માં એક સંત શિબિરના હેતુથી માઉન્ટ આબુ પધાર્યા હતા. આ દિવસો દરમ્યાન સ્વામીશ્રીનો ૩૧મો 'પ્રમુખવરણી દિન' પણ અનાયાસે જ ગોઠવાયો હતો. આ દિવસે સવારે સ્વામીશ્રીએ ગ.પ્ર.૨૭નું અદ્‌ભુત નિરૂપણ કર્યું હતું. એ પછી સંતો પોતપોતાની સેવાઓમાં ગયા. ત્યારે અમે ઉતારાના મુખ્ય હૉલમાં ચોળીનું શાક ફોલવા બેઠા હતા.

સ્વામીશ્રી અમને જોઈ સોફા પરથી ઊભા થઈ ચોળી ફોલવા અમારી સાથે જ બેસી ગયા ! એવામાં સ્વામીશ્રીની ગાડી ચલાવનાર યુવક ઈન્દ્રવદનભાઈ ત્યાં આવ્યા. સ્વામીશ્રી તેને જોઈને કહે : 'આવ, આપણે (સેવામાં) પાર્ટનરશીપ કરીએ...'

તે કહે : 'તેમાં આપ sleeping partner રહો. આપે કેવળ જોવાનું.

અમે સેવા કરીશું...'

સ્વામીશ્રી કહે : 'ના, એ તો જાતે મહેનત કરીએ તો જ પાર્ટનરશીપ સાચી...' એમ કહી ચોળી ફોલતા રહ્યા.

થોડીવારે મેં કહ્યું : 'બાપા ! ગોંડળમાં અમૃત મહોત્સવે યોગીબાપા ભાજી તોડવા બેસી ગયા હતા.'

સ્વામીશ્રી કહે : 'હા, આમ જ બેઠેલા !'

એમ પોતાનું એકાત્મપણું દર્શાવ્યું. કેવા નિર્માની ગુરુ ! વર્તન દ્વારા જ સંદેશો આપવાની કેવી સુંદર રીત !

* * *

૧૯૮૨માં સ્વામીશ્રી અમદાવાદ મંદિરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા હતા. એ વખતે જ્ઞાનયજ્ઞ સ્વામી અંગ્રેજીમાં એક સુવાક્ય બોલ્યા, એ પછી હું પણ સૉક્રેટિસનું એક વાક્ય બોલ્યો. જેમાં આવ્યું કે સૉક્રેટિસ કહે છે - 'I know only one thing that I know nothing.' એટલે કે હું એક જ વસ્તુ જાણું છું કે હું કાંઈ જાણતો નથી. !'

સ્વામીશ્રી આ સાંભળી રાજી થકા બોલી ઊઠ્યા : 'આ મુદ્દો છે. આ વાત જીવનમાં હોય તો કોઈનોય અવગુણ આવે નહિ.'

* * *

૧૯૮૩માં જન્માષ્ટમી ઉત્સવ પછી સ્વામીશ્રી સારંગપુર રોકાયા હતા. અહીં રૂમમાં સ્વામીશ્રી સાથે શ્વેતવૈકુંઠ સ્વામી, પ્રિયદર્શન સ્વામી, યજ્ઞચરણ સ્વામી, જ્ઞાનેશ્વર સ્વામી. વગેરે સંતોએ પ્રશ્નોત્તરી કરી હતી.

મેં એક પ્રશ્ન પૂછ્યો : 'બાપા ! યોગીજી મહારાજના સંકલ્પો હતા, તેમ આપના આગવા સંકલ્પો ક્યા છે ?'

સ્વામીશ્રીએ તરત વાત છાવરી લીધી : 'આપણે તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના સંકલ્પો, એ આપણા જ સંકલ્પો...'

છતાં અમે દલીલ ચાલુ રાખી એટલે સ્વામીશ્રી કહે : 'બે સંકલ્પ રહે છે. એક ગાંધીનગરમાં 'અક્ષરધામ' સર્વોપરી થાય. અને બીજું લંડનનું મંદિર સર્વોપરી થાય !'

સ્વામીશ્રીના અંગત સંકલ્પોનું સર્જન હોય એટલે ભગવાને પણ સહારે આવવું જ પડે ને ! આજે અક્ષરધામની સર્વોપરિતા સમગ્ર ભારતમાં (હિન્દુ

જગતમાં) એક અને અદ્વિતીય બની રહી છે તેના સૌ સાક્ષી છે. અને યુરોપમાં મોટામાં મોટું હિન્દુ કેન્દ્ર સમું શિખરબદ્ધ મંદિર લંડનમાં થયું, તે પણ સ્વામીશ્રીની દિવ્ય સંકલ્પ શક્તિનું અદ્‌ભુત સર્જન છે !

* * *

સ્વામીશ્રી ૧૯૮૪-૮૫ના સમયમાં ગુજરાતમાં વ્યાપેલાં આંદોલનોથી ખૂબ વ્યથિત હતા. અનામત પ્રશ્ને જાગેલો વિવાદ શમાવવા સ્વામીશ્રી સ્વયં સક્રિય થયા હતા. વિદ્યાર્થી નેતાઓ, તેમના વાલીઓ અને સંબંધિત રાજનેતાઓને સ્વામીશ્રી જાતે મળતા, ભલામણ કરતા...

આ અરસામાં વિદ્યાર્થી નેતા ગૌરાંગ શાહ અને વાલીમંડળના મોવડી શંકરભાઈ પટેલ સાથે સ્વામીશ્રીએ ઘણો સમય વાટાઘાટો ચલાવી. થોડા સરકારી આગેવાનો પણ બેઠા હતા.

એ વખતે એક રાજકીય કાર્યકર બોલ્યા : 'આપે કહ્યું એટલું કરીએ છીએ, પછી ભગવાનની ઇચ્છા !'

સ્વામીશ્રી તરત બોલ્યા : 'ભગવાનની ઇચ્છા છે જ, અને ભગવાન જ તમને કહે છે !'

સ્વામીશ્રી ઉતાવળે પરભાવમાં આવીને બોલી ગયા ! અદ્‌ભુત હતી એ ક્ષણ ! પળભર માટે સૌ સ્તબ્ધ થઈ ગયા. મારા કાનમાં જાણે નિષ્કુળાનંદ સ્વામીનું કીર્તન ગુંજી રહ્યું હતું :

સંત બોલે તે ભેળો હું બોલું રે............સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે !

* * *

૧૯૮૬માં સ્વામીશ્રી દિલ્હી પધાર્યા ત્યારે તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘ તરફથી રાષ્ટ્રપતિ ભુવનમાં સ્વામીશ્રીની પધરામણી માટેનું આમંત્રણ હતું.

સ્વામીશ્રી સાથે તેમની મુલાકાત ખૂબ ઉષ્માભરી રહી. અંતે ઊભા થતાં પહેલાં સ્વામીશ્રીએ પોતાના ગળામાંથી પોતાની માળા કાઢીને રાષ્ટ્રપતિને ધરતાં કહ્યું : 'અમે સાધુ છીએ, એટલે બીજી તો ભેટ શું આપીએ, પણ આ માળા છે, તે ભેટમાં આપીએ છીએ, તેનાથી ભગવાનનું નામસ્મરણ કરશો..'

રાષ્ટ્રપતિશ્રીએ એ માળા સ્વીકારી મસ્તક પર ચડાવી અને કહ્યું : 'સ્વામીજી, મેં જબ ભી જાપ કરુંગા, તબ આપકા હિ સ્મરણ કરુંગા...'

રાષ્ટ્રપતિને પણ ભજન કરવાનો સંદેશ કે આદેશ સાચા સંત વિના કોણ આપી શકે ?

આવા તો અસંખ્ય પ્રસંગો જીવમાં કોતરાયેલા પડ્યા છે. સ્વામીશ્રીને તપ અને આત્મનિષ્ઠામાં જોયા છે, ભીડામાં ને ભક્તોના પ્રશ્નો માટે ચિંતા કરતા જોયા છે. ભક્તિમાં તરબોળ અને વ્યવહારની દક્ષતામાં જોયા છે. એમનો લાભ એ માત્ર લાભ જ નથી, એકાંતિક ધર્મના જીવંત સ્વરૂપ સમા એમના જીવનમાંથી મળતા સંદેશાઓ આપણને બ્રહ્મત્વ તરફ ગતિ કરાવે તેવા અસરકારી હોય છે.

આપણે તેમના સંગ-પ્રસંગની આંગળી પકડી, એકાંતિકભાવના આકરા ચઢાણ સર કરી શકીએ તે જ પ્રાર્થના.

* * *

યજ્ઞપ્રિયસ્વામી

વલ્લભવિદ્યાનગર

આશરે ૧૯૬૭માં લીંબડી પાસે કંથારિયા ગામમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર તૈયાર થઈ ગયું હતું. અહીંના હરિભક્તો શ્રી મોડુભા વગેરે યોગીજી મહારાજને મૂર્તિપ્રતિષ્ઠા માટે ગોંડલ આમંત્રણ આપવા ગયા. યોગીજી મહારાજે તરત જ આજ્ઞા કરી કે 'પ્રમુખસ્વામી અને સંતસ્વામીને કંથારિયા લઈ જાવ.' એ રીતે પ્રમુખસ્વામી અને સંતસ્વામી કંથારિયા પધાર્યા. પ્રતિષ્ઠા અગાઉ ત્રણેક દિવસના પારાયણનું પણ આયોજન હતું. સવાર-સાંજ પ્રમુખસ્વામી અને સંતસ્વામી કથાનું પાન કરાવતા હતા.

એક દિવસ બપોરે કથા પછી પ્રમુખસ્વામી રસોડામાં પધાર્યા. દેવચરણ સ્વામી પૂરી વણતા હતા. પણ પૂરી તળનાર કોઈ નહોતું. પ્રમુખસ્વામીએ આ જોયું અને તરત જ તેલના એક ખાલી ડબ્બાને ઊંધો કરી તે પર બેસી ગયા અને પૂરી તળવા લાગ્યા. બીજે દિવસે મૂર્તિપ્રતિષ્ઠા જેમના હસ્તે થવાની હતી, એ સ્વામીશ્રી આજે પૂરી તળતા હતા ! ન કોઈ પ્રમુખ તરીકેનો અહંભાવ ! ન કોઈ કથાકાર તરીકેનું માન ! આવા સદા સેવકભાવે વર્તતા સ્વામીશ્રીને નિહાળ્યા. તે વખતે તો હું યુવક હતો છતાં તેમના આ વર્તનની છાપ હૃદયમાં ઊંડી કોતરાઈ ગઈ.

૧૯૭૭ની સાલમાં સ્વામીશ્રી એકવાર વિદ્યાનગર શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં પધાર્યા હતા. તે વખતે અહીં વીરમગામની બાજુના કાંકરાવાડી ગામનો એક કિશોર ગણેશ સિંધવ ધો.૧૦માં ભણતો હતો. ભાવિક અને સેવાભાવી આ તરુણને સ્વામીશ્રી પ્રત્યે ખેંચાણ હતું. તેણે સ્વામીશ્રીને પોતાના ગામ પધારવા વિનંતી કરી. સ્વામીશ્રીએ કહ્યું, 'એ બાજુનો કાર્યક્રમ ગોઠવાશે ત્યારે જરૂર આવશું.'

ફૂલદોલના સમૈયા ઉપર સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. ત્યાં આગામી વિચરણનો કાર્યક્રમ પણ ગોઠવાયો. ગણેશ પણ સમૈયામાં આવ્યો હતો. તેણે

સ્વામીશ્રીને પોતાના ગામમાં પધારવાનું યાદ કરાવ્યું. કાર્યક્રમ તો બીજે ગોઠવાયો હતો પણ નારાયણ ભગતને(વિવેકસાગર સ્વામી) બોલાવી સ્વામીશ્રીએ તરત જ કાર્યક્રમમાં થોડો ફેરફાર કરાવ્યો અને કાંકરાવાડી ગામ જવાનું ગોઠવાયું.

તા. ૧-૫-૭૭ના રોજ સ્વામીશ્રી સાંજે ૭ વાગ્યે કાંકરાવાડી પધાર્યા. ગણેશના ખાસ આગ્રહથી વિદ્યાનગરથી હું અને અરવિંદભાઈ સ્વામિનારાયણ અગાઉ ત્યાં પહોંચી ગયેલા.

ધુળિયા અને ખાડાટેકરાવાળા રસ્તાને લીધે ઊડતી ધૂળના ગોટા વચ્ચે, સ્વામીશ્રીએ ગામમાં પ્રવેશ કર્યો. ગણેશના પિતાશ્રી નાનજીભાઈના ઘરે કાચા મકાનમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. ગામ નાનું. ગામમાં માત્ર એક જ પાકું મકાન હતું. લાઇટની કોઈ સગવડ નહિ કે સંડાસ-બાથરૂમની પણ સુવિધા નહિ.

નાના ફળિયામાં પેટ્રોમેક્સનાં અજવાળે સ્વામીશ્રીએ સભા કરી. સખત ગરમીના દિવસો હતા. ઈલેક્ટ્રિસિટી જ નહોતી ત્યાં પંખા તો હોય જ ક્યાંથી ? રાત્રે સૂવા માટે બાજુના એક મકાનનું ધાબું હતું ત્યાં ગયા અને સંતો સાથે જ નીચે ગાદલું પાથરેલું તે પર સ્વામીશ્રી સૂતા. સવારે નિત્યક્રમથી પરવારી ગામમાં પધરામણી કરી, સભા કરી જમ્યા અને બપોરે માટીના ઓરડામાં આરામ માટે પધાર્યા. તાપ કહે મારું કામ ! હવા ઉજાસ વિનાના એ ઓરડામાં સ્વામીશ્રી નિરાંતે પોઢ્યા. અમે વારાફરતી હાથ વીંઝણાથી સ્વામીશ્રીને પવન નાખ્યો. આવી સંપૂર્ણ અગવડોની વચ્ચે પણ તેમના મુખ પર એ જ આનંદ વર્તાતો હતો! એક નાનકડા તરુણનો ભાવ પૂરો કરવા ગામમાં કોઈ જ સત્સંગી કે કોઈ જ સુવિધા ન હોવા છતાં પ્રેમથી પધાર્યા અને જાણે ઉત્સવમાં આવ્યા હોય તેમ દરેકને ખૂબ સ્મૃતિ અને પ્રેમથી લાભ આપ્યો. યુવકોને રાજી કરવા એમણે કોઈ દિવસ સગવડ - અગવડનો વિચાર કર્યો નથી તે નજરે નિહાળ્યું છે.

* * *

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને કેન્દ્રના તત્કાલીન નાણામંત્રી શ્રી એચ. એમ. પટેલ સાહેબનો સંકલ્પ કે વિદ્યાનગરમાં એક અદ્યતન મોટી હૉસ્પિટલ અને મેડિકલ કોલેજની સ્થાપના કરવી. તે અનુસાર બાકરોલ ગામના ચરામાં

હૉસ્પિટલ બનાવવાનું નક્કી થયું. આ હૉસ્પિટલનો ખાતમુહૂર્ત પ્રસંગ સ્વામીશ્રીના હસ્તે જ સંપન્ન થાય તેવી તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી.

ખાતમુહૂર્તના આગલા દિવસે સ્વામીશ્રી વિદ્યાનગર છાત્રાલયમાં પધાર્યા. બીજે દિવસે ખાતમુહૂર્તના સ્થળે કેટલાક યુવકો સાથે વ્યવસ્થા જોઈ લેવા અમે સ્થળ પર વહેલા પહોંચી ગયા. બે અઢી ફૂટ ઊંચા નાના સ્ટેજ ઉપર ભારતીય બેઠક વ્યવસ્થા ગોઠવી હતી. સ્ટેજ ઉપર પાથરેલાં ગાદલાં નીચેથી એક જાજમ સ્ટેજથી લગભગ ૧૫ થી ૨૦ ફૂટ દૂર સુધી લંબાવેલી હતી. આ જોઈ મેં ચારુતર વિદ્યામંડળના સેક્રેટરી અને આપણા સન્નિષ્ઠ હરિભક્ત શ્રી મણિભાઈ પટેલનું ધ્યાન દોર્યું કે સ્ટેજનાં ગાદલાં નીચેથી દૂર સુધી જતું પાથરણું સાંપ્રદાયિક રીત પ્રમાણે યોગ્ય નથી અને સ્વામીશ્રી ચલાવશે નહિ. પણ વિદ્યાનગરની કૉલેજના લગભગ બધા જ આચાર્યશ્રીઓ, મોટા મોટા ઉદ્યોગપતિઓ, અન્ય મહાનુભાવોની વચ્ચે હવે ફેરફાર કરવામાં તેમને સંકોચ થતો હતો. વળી કોઈ પૂછે કે કેમ ફેરફાર કરો છો, તો સ્ત્રી-સાધુ મર્યાદા સમજાવવી પણ પડે, અને કોઈના ગળે વાત ન ઊતરે તો ટીકા પણ સહન કરવી પડે. આવા કેટલાક વિચારોને લીધે તેમને ફેરફાર કરવાનું કહેવામાં સંકોચ થતો હતો. અમારી રકઝક ચાલતી હતી તે દરમિયાન સ્વામીશ્રીની ગાડી આવી. સ્વામીશ્રી નીચે ઊતર્યા એટલે શ્રી એચ. એમ. પટેલ સાહેબ અને અન્ય મહાનુભાવોએ સ્વામીશ્રીનું અભિવાદન કર્યું અને સ્વામીશ્રીને સ્ટેજ તરફ દોરી ગયા. સ્વામીશ્રી સ્ટેજ પાસે પધાર્યા અને એક નજરમાં પરિસ્થિતિ પામી ગયા અને તરત જ જાતે જ ગાદલાં નીચેથી પાથરણું કાઢવા મંડ્યા અને ઠપકો પણ આપવા લાગ્યા કે તમારે યુવકોએ અગાઉ આવી બધી વ્યવસ્થા જોઈ લેવી જોઈએ ! પછી તો નારાયણભગત (વિવેકસાગર સ્વામી) અને અન્ય સંતો-યુવકોએ જાતે પાથરણું કાઢી ફરી વ્યવસ્થિત ગાદલાં પાથરી દીધાં. શ્રી એચ. એમ. પટેલ સાહેબને અન્ય મહાનુભાવો તો જોઈ જ રહ્યા કે શું ચાલે છે !

પરિસ્થિતિ એવી હતી કે કોઈને પણ સંકોચ થાય અને ચલાવી લે પણ સ્વામીશ્રીએ કોઈ બાંધછોડ કરી નહિ. બ્રહ્મચર્ય સંબંધી નિયમપાલનની દૃઢતાનાં દર્શન થયાં. એમ કોઈની પણ ક્યારેય પણ શેહશરમમાં સ્વામીશ્રી દબાયા નથી.

* * *

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ૧૯૮૧માં ધામધૂમથી ઊજવવાનું નક્કી થયું. આ માટે પંચવર્ષીય આયોજનો ૧૯૭૭ થી ૧૯૮૧ સુધી યોજાવા લાગ્યાં. જેમ જેમ દ્વિશતાબ્દી મહોત્સવ નજીક આવતો ગયો તેમ તેમ કાર્યક્રમોથી ખેડા જિલ્લો ધમધમવા લાગ્યો. સમગ્ર ખેડા જિલ્લાની સત્સંગ પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન એ વખતે વિદ્યાનગર હતું. શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાંથી તેનું સંચાલન થતું હતું. સત્સંગની બધી પ્રવૃત્તિ વ્યવસ્થિત થાય, તેનું સંકલન થઈ શકે તે માટે વિદ્યાનગરમાંથી ૧૯૭૯માં અરવિંદભાઈ સ્વામિનારાયણ, યોગેન્દ્રભાઈ જાની (હાલ, અમેરિકા), કનુભાઈ પટેલ (હાલ, અમેરિકા), બિપિનભાઈ ગાંધી જેવા લગભગ દસેક કાર્યકરોની તાલુકાવાર નિમણૂંક કરવામાં આવેલી. જેઓ અઠવાડિયામાં એકવાર પોતપોતાના વિસ્તારમાં જઈ માર્ગદર્શન અને પ્રવૃત્તિને વેગ આપતા. આ જવાબદારી સોંપવાના થોડા દિવસ પછી તરત જ સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા. રાત્રે વિચાર આવ્યો કે આ કાર્યકરોની સ્વામીશ્રીના સાંનિધ્યમાં મિટિંગ કરી હોય તો સારું.

સ્વામીશ્રીને વાત કરી તો તરત જ રાજી થઈ સંમતિ આપી. બધાને જાણ કરી અને તાત્કાલિક રાત્રે ૧૦ વાગે રસોડાની ઉપરના હૉલમાં મિટિંગ શરૂ થઈ. સ્વામીશ્રીનું આસન નીચે જમીન ઉપર જ ગાદી પાથરીને બનાવ્યું હતું. બધા કાર્યકરો આજુબાજુ ગોઠવાઈ ગયા. મેં તમામ કાર્યકરોનો સ્વામીશ્રીને પરિચય આપ્યો. કયો વિસ્તાર કોને સોંપવામાં આવ્યો છે તેની પણ જાણ કરી. પછી કાર્યકરોએ પોતાના વિસ્તારોનો અહેવાલ આપ્યો જે સ્વામીશ્રીએ ખૂબ શાંતિથી સાંભળ્યો. અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં બળભરી વાત કરી કે 'મહારાજને રાજી કરવાની આપણે જવાબદારી સ્વીકારી છે તો હવે નિયમિત એક પણ દિવસ પાડ્યા વિના ગામડે જવું. નોકરી, ધંધો ઘરકામમાંથી સમય કાઢી જ લેવો.' આમ ખૂબ વાતો કરી.

બિપિનભાઈ ગાંધી કહે : 'સ્વામી ! બીમાર પડીએ ત્યારે ન જઈએ તો ચાલે ને ?'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'ગાંધી, બીમાર પડીએ ને સ્કૂલે ન જઈ શકાય તેવું હોય તો જ ગામડે ન જવું. આ તો સ્કૂલે (શિક્ષક હોવાથી

સર્વિસ કરવા) જવાય અને ગામડે ન જવાય એ કેવું ?' અમે સૌ સ્તબ્ધ થઈ ગયા !

યુવકોને પ્રેરણા આપવામાં સ્વામીશ્રીએ સમય જોયો નથી તેમ યુવકોની શિથિલતા કે મોળપને પોતાની સચોટ દલીલોથી, પ્રેમથી અને પ્રોત્સાહન આપીને ખંખેરી નાખી છે. એમણે યુવાનોને કાર્ય કરવા માટે કેવી રીતે સતત જાગ્રત રાખ્યા છે તે નજરે નિહાળ્યું.

* * *

સ્વામીશ્રી વિદ્યાનગર પધારે ત્યારે જુદા જુદા દિવસે જુદી જુદી ફેકલ્ટીના અથવા તો સત્સંગની દૃષ્ટિએ જુદા જુદા ગ્રુપના વિદ્યાર્થીઓને રોજ સ્વામીશ્રી પાસે બેસાડવામાં આવતા.

એક દિવસ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓનો વારો હતો. જૂના મંદિરના હૉલમાં સભા રાખી હતી. સ્વામીશ્રી માટે હિંડોળો બનાવ્યો હતો. તેના ઉપર બે અઢી ફૂટની ઊંચાઈએ આસન ગોઠવ્યું હતું. યુવકો પણ બેસી ગયા હતા. સ્વામીશ્રી પધાર્યા. સંતોએ યુવકોનો પરિચય કરાવ્યો. ધો. ૧૦ સાયન્સમાં કેટલા ટકા ગુણ હતા તેની પણ વાત કરી. પછી સ્વામીશ્રીને આશીર્વાદ આપવા વિનંતી કરી. સ્વામીશ્રીએ સૌને અભ્યાસ બરાબર કરવા, સિનેમા-ટી.વી. ન જોવા અને હૉટલનું ન ખાવા અંગે ખૂબ ભારપૂર્વક વાતો કરી. સ્વામીશ્રીએ ત્યાં સુધી કહ્યું કે કદાચ બે માળા વધતી- ઓછી ફરશે તેનો વાંધો નહિ પણ આ બે વસ્તુથી તો દૂર જ રહેજો. આશીર્વાદ દરમ્યાન જ હીંચકાનો ઉપરનો અંકોડો છૂટી ગયો અને અચાનક બેઠક નીચે પડી. સ્વામીશ્રી પણ નીચે પડ્યા. પગ અદ્ધર થઈ ગયેલા. બધા હેબતાઈ ગયા. એકદમ સંતો-યુવકોએ ઊભા થઈ સ્વામીશ્રીને બેઠા કર્યા. સ્વામીશ્રી : 'કાંઈ નથી થયું, કાંઈ નથી થયું.' એમ બોલતાં બોલતાં ઊભા થયા. ફરી નીચે જ આસન વ્યવસ્થિત કર્યું. સ્વામીશ્રી બેઠા અને ફરી વાત આગળ ચલાવી, જાણે કાંઈ બન્યું જ નથી!!

છેલ્લે વ્યક્તિગત દર્શન વખતે પણ લગભગ દરેકને બજારુ ખાણીપીણી અને ટી.વી.-સિનેમાના ત્યાગની દૃઢતા કરાવતા રહ્યા.

અમને અમારી ભૂલનો ધ્રાસકો પડી ગયો હતો. શું કાર્યક્રમ ચાલે છે તેની પણ સૂઝ રહી નહોતી. પૂરો અફસોસ એકબીજાની સામે વ્યક્ત કરતા હતા.

પણ સ્વામીશ્રી તો સ્થિતપ્રજ્ઞ ! બધાની વચ્ચે પડી ગયા અને એ પણ સામે બેઠેલા આધુનિક જુવાનિયાઓ ! ગમે તેને સંકોચ થાય. ગુસ્સો તો કરી જ બેસે. નારાજગી પણ બતાવે. પરંતુ વિશાળહૃદયી સ્વામીશ્રી કોઈની ભૂલ સામે જોતા જ નથી. એમનામાં કોઈપણ પ્રસંગને, પરિસ્થિતિને પચાવવાની સહજ ક્ષમતા છે, તેનાં આ અદ્‌ભુત દર્શન હતાં.

* * *

સ્વામીશ્રી વિદ્યાનગર છાત્રાલયમાં પધારે ત્યારે છાત્રાલયના મુખ્ય દ્વારથી મંદિર સુધી વિવિધ રીતે સ્વામીશ્રીનું સ્વાગત કરવામાં આવે છે. ૧૯૮૯માં સ્વામીશ્રી પધાર્યા ત્યારે છાત્રાલયના એક વિદ્યાર્થી તુષાર પટેલ(બોથમ)ને વિચાર આવ્યો કે મુખ્યદ્વારથી સ્વામીશ્રીને ગાડામાં બેસાડવા અને યુવકો ગાડું ખેંચે. તેણે આ વિચાર રજૂ કર્યો. અને યુવકોનો આગ્રહ, વેગ અને ઉત્સાહ જોઈને હા પડાઈ ગઈ.

છાત્રાલયનો નવો મુખ્યદ્વાર ગામડાની રીતે શણગારવામાં આવ્યો. થોડા યુવકોએ ભરવાડની વેશભૂષા ધારી. હાથમાં કડિયાળી ડાંગો પણ રાખી. સ્વામીશ્રીના આગમનની પ્રતીક્ષા કરતા આ યુવકો દરવાજે ઊભા અને અન્ય યુવકો માર્ગની બંને બાજુએ પંક્તિબદ્ધ ઊભા રહ્યા. સ્વામીશ્રીની ગાડી આવી એટલે ભરવાડવેશધારી તુષારે સ્વામીશ્રીને વિનંતી કરી કે બધા યુવકોની ઇચ્છા છે કે આપ ગાડામાં બેસો. તરત જ સ્વામીશ્રી ગાડીમાંથી નીચે ઊતરી ગયા! પાંચ છ પગથિયાંવાળી નીસરણી ચડીને ગાડામાં બિરાજ્યા. યુવકોના આનંદનો પાર ન હતો. શિસ્તના બંધન તૂટી ગયા અને ગાડાને ખેંચવા માટે પડાપડી શરૂ થઈ. અગાઉ નક્કી કરેલું કે માત્ર ભરવાડનો ડ્રેસ પહેરેલા યુવકો જ ગાડું ખેંચશે. પણ એમની સાથે અન્ય પંદરવીસ યુવકો ગાડાના આગળના ભાગમાં ગોઠવાઈ ગયા. કોર્ડન તોડી તોડીને યુવકો આગળપાછળ, આજુબાજુ જ્યાં જગ્યા મળી ત્યાં ગોઠવાઈ ગાડાને ધક્કો મારવા લાગ્યા. આટલા બધા યુવકો ગાડાને ચારે બાજુથી ધકેલે એટલે શું થાય ? અધૂરામાં પૂરું, યુવકો ઉત્સાહમાં આવીને બોલતા જાય : 'પ્રમુખ સ્વામી મહારાજની જય, પ્રમુખ સ્વામી મહારાજની જય'. સ્વામીશ્રી હાથ ઊંચા કરી રોકવા પ્રયત્ન કરે, અને બોલે 'મહારાજની જયથી શરૂ કરો' 'એય મહારાજથી શરૂ કરો !' પણ યુવાનોના ઉત્સાહ ને ઉન્માદમાં સ્વામીશ્રીનો અવાજ ક્યાંય ડૂબી

જાય ! અંતે ગાડું મંદિર પાસે પહોંચી ગયું. હવે ઊતરવા માટેની નિસરણી તો દ્વાર પાસે જ ભુલાઈ ગયેલી. નારાયણચરણ સ્વામી અને પ્રિયદર્શન સ્વામીનો ટેકો લઈ હળવા કૂદકા સાથે સ્વામીશ્રી ગાડામાંથી નીચે ઊતર્યા. મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી લોનમાં યોજેલી નાની સભામાં પધાર્યા. અહીં હળવી ટકોર કરતાં કહે : 'પ્રેમને નેમ ન હોય પણ આપણે જય પ્રથમથી જ બોલવી જોઈએ. શ્રીજીમહારાજને આગળ રાખીને બધું કરવું. શિસ્ત જાળવવી...' આમ ઉપદેશ વચનો કહ્યાં. અમે કરેલી ભૂલો કે પોતાને પડેલી તકલીફની કોઈ જ વાત ન કરી.

સ્વામીશ્રી હંમેશાં આપણે રાજી થઈએ એવી રીતે જ વર્ત્યા છે. પોતાનું ગમતું કાંઈ રાખ્યું નથી. યુવકો અને હરિભક્તોને ગમતું જ કર્યું છે પછી ભલે પોતાને ગમે તેવી તકલીફ પડે. નહીં તો ઠપકો જરૂર આપી શક્યા હોત કે ગાડામાં બેસાડવાની શું જરૂર હતી? અને બેસાડવા હતા તો અગાઉથી જણાવવું જોઈતું હતું અને શિસ્ત જળવાય એમ કરવું જોઈતું હતું. આવું આવું ઘણું કહી શક્યા હોત. પણ એક હરફ સરખો પણ બોલ્યા નથી! સ્વામીશ્રીએ અમારા સૌના કહેવાથી છાત્રાલયની રૂમે રૂમે પધરામણી પણ કરી છે અને જેવી રીતે હરિભક્તોને વ્યક્તિગત મળે તે રીતે છાત્રાલયના યુવકોને વ્યક્તિગત મુલાકાત પણ આપી છે. કોઈ દિવસ કોઈ વસ્તુની ના નથી પાડી. કેટલીયે વાર આવાં આયોજનો બાબતે અગાઉથી કહ્યું પણ ન હોય. સ્વામીશ્રી આવ્યા પછી પણ ઘણીવાર કોઈ કાર્યક્રમ અંગે વાતચીત ન થઈ હોય. અચાનક કાર્યક્રમ ગોઠવાય ને શરૂ થવાનો હોય તેની થોડી મિનિટો પહેલાં જ કહીએ કે આ કાર્યક્રમ છે, તો પણ કદી ના પાડી નથી! આવી અદ્ભુત સરળતાનાં દર્શન અનેકવાર થયાં છે.

* * *

ભક્તિકિશોર સ્વામી

ગોંડલ

મારી સાધુ થવાની ઇચ્છાને પૂરી કરવામાં, રજા મેળવી આપવામાં જો સૌથી વધુ સહાય કોઈએ પણ કરી હોય તો સ્વામીશ્રીએ. સાધુ થયા પછી મને ભંડારની સેવા કરવાની તક મળી. વ્યવહાર કાર્યોમાં સ્વામીશ્રીનું અવારનવાર માર્ગદર્શન અને પ્રેરણા મળ્યા કરતાં. એમની સાથેના કેટલાક પ્રસંગો હજુ પણ ઈદં સ્મૃતિમાં છે, કારણ કે એમની સાથે ગાળેલી ક્ષણોનું સુખ દિવ્ય અને અવર્ણનીય હોય છે. એટલે જ એ અવિસ્મરણીય પણ બની રહે છે.

સ્વામીશ્રી જ્યારે જ્યારે ગોંડળ પધારવાના હોય ત્યારે યોગીજી મહારાજ અવશ્ય બાલમુકુંદ સ્વામી, નિર્ગુણ સ્વામી અને મને સંબોધીને પત્ર લખે કે 'પ્રમુખસ્વામી ગોંડળ પધારે છે, તે રોકાશે. તો ગાડીએ (ટ્રેન પર) લેવા માટે સંતો જજો. દંડવત્ કરજો. રોજ જુદી જુદી રસોઈ જમાડવી. પુરણપોળી ખાસ કરજો. કથા-નિયમ-ચેષ્ટા પછી સંત સમાગમ કરજો. જ્યારે વિદાય લે ત્યારે રેલગાડી લગણ વળાવવા જાવું. ગાડી ઉપડે પછી જ મંદિરે પાછા આવવું.. એમણે જે જે વાતું કરી હોય તે સંભારી રાખવી. સંતોએ ભેળા થઈને ગોષ્ઠિ કરવી. જેથી શાસ્ત્રીજી મહારાજનું સુખ આવશે.' યોગીજી મહારાજની આ આજ્ઞા પાળી તેની એક જબ્બર ફલશ્રુતિ એ મળી કે તેઓ ધામમાં ગયા બાદ અમે વિના સંશયે સ્વામીશ્રીમાં એવી જ આત્મબુદ્ધિથી જોડાઈ ગયા.

* * *

સાલ તો ૧૯૬૬-૬૭ની હશે, સ્વામીશ્રી ગોંડળ પધાર્યા હતા. સવારની કથા પછી ઑફિસના કામે પધારે. છગનબાપા કોઠાર સંભાળતા, તેમની સાથે હિસાબ વગેરે તપાસે. અક્ષરદેરીએ પ્રદક્ષિણા કરે. બપોરે ચાર-પાંચ વાગે એટલે મને અથવા નીલકંઠ સ્વામીને સાથે રાખી આપણી મંદિરની

વાડીએ નિરીક્ષણ કરવા પધારે.

જેની સિઝન હોય તે પ્રમાણે હું સ્વામીશ્રીને કાંઈક જમાડું. મગફળી હોય કે ચણા હોય તેનો ઓળો પાડું. સ્વામીશ્રીને ચણાનો ઓળો વધુ માફક આવે. સ્વામીશ્રી અને અમે સૌ કુંડાળે બેસીએ. ચણાના પોપટા છોડમાંથી ખરી પડે પછી સાંઠી કે કાંટાના ઝરડાથી સ્વામીશ્રી પોપટા ભેગા કરવા લાગે. ને ઉપર ગરમ રાખોડીમાં ભારી દેવડાવે. એટલે શેકાઈ ગયેલા ચણા ગરમ રહે. પછી એક બાજુથી જરૂર પ્રમાણે કાઢે, પોતે પણ ફોલે ને અમારી પાસે પણ ફોલાવે. થોડા ભેગા થાય એટલે વાટકીમાં ભેગા કરી ઠાકોરજીને ધરાવી અમને પ્રસાદી આપે ને પછી જમવાનું શરૂ કરે ત્યારે અચૂક બોલે, 'મહારાજ-સ્વામી જમો. શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ જમો!'

હું દાણા તૈયાર કરીને આપું તો એકાદ વાર મને રાજી કરવા લે. પણ પછી કહે : 'સૌ જાતે જ ફોલીને પોત પોતે જમો!' વચ્ચે વચ્ચે ગમ્મત કરતાં જાય, કોઈ પાંચ પંદર દાણાનો એક સાથે બુકડો ભરે ત્યારે હસી પડે, અને કહે : 'બે-બે દાણા મોઢામાં મૂકીએ તો સ્વાદ આવે. મોટા ફાકડામાં સ્વાદ ન આવે!' આવી જ રીતે લીલી મગફળી પણ અંગીકાર કરે. ક્યારેક મંદિરના ઈતિહાસની વાતો કરે, ક્યારેક અક્ષરદેરીના મહિમાની કે યોગીજી મહારાજનાં ચરિત્રો કે પ્રાપ્તિની વાતો પણ કરે. વચ્ચે વચ્ચે સંતોનાં વર્તનની-નિયમધર્મની વાતો પણ કોઈ જ પ્રકારના ઉપદેશના ભારણ વિના સહજપણે કરતા રહે : 'મંદિરના કામકાજ ચાલે છે. બધા સંપ રાખજો, તો યોગીબાપા બહુ જ રાજી છે. રાત્રે નિયમચેષ્ટા કરીને જ સુવાય. અમથા આંટા ન મારવા. જેને જે સેવા સોંપી છે, તેમાં મંડ્યા જ રહેવું. કેમ થશે, શું થશે? એવી મૂંઝવણ ન રાખવી.. યોગીબાપા જેવા પુરુષ મળ્યા છે તે મોટું લાંભું હાથ આવ્યું છે...'

પોતે પણ રાત્રે ચેષ્ટાગાનમાં સાથે બેસે. સભામંડપના સિંહાસન તરફના બીજા થાંભલે તકિયે ઓઠિંગણ દઈને કે ચાર વડી રજાઈ ઉપર એક ધ્યાને ચેષ્ટાગાન કરતા જાય. વચ્ચે કોઈ પૂછવા આવે તો ઉત્તર આપી ફરી મૂર્તિમાં મગ્ન બની જાય. ચેષ્ટા પછી એ જ આસને બિરાજે. સંતો સૌ આજુબાજુ ગોઠવાઈ જાય ને અડધો પોણો કલાક ગમ્મતની છોળો ઊછળે. પછી ઉતારે પધારે. ત્યાં કંઈક વાંચવાનું હોય તો વાંચે. સિદ્ધેશ્વર સ્વામી, રામચરણ

સ્વામી, નિરંજન સ્વામી, દેવચરણ સ્વામી ને હું આટલા સંતો મોડે સુધી પણ સ્વામીશ્રી સાથે બેઠા હોઈએ ત્યારે રૂમમાં પણ ગમ્મત, ગોષ્ઠિ ને બ્રહ્માનંદ ચાલે. કેટલીક વાર સિદ્ધેશ્વર સ્વામી પાસે અંગ્રેજી શીખે. આ લીલા પણ અલૌકિક હતી. સાડા અગિયાર પહેલાં તો સૂવાનું જ નહીં. બારેક વાગે એટલે ઊભા થતાં કહે : 'ચાલો લ્યો, સૌને જય સ્વામિનારાયણ.' સૌ જાય પછી સ્વામીશ્રી આરામમાં પધારે.

તેઓ જ્યારે પણ ગોંડળ આવતા ત્યારે મંદિર હર્યું ભર્યું બની જતું. સંતો-કાર્યકર્તાઓમાં જાણે નવી ચેતના રેડાતી.

* * *

સ્વામીશ્રી નવાગામ (સેજકપર) પધાર્યા હતા. અહીં હિંમતભાઈ ગોગજીભાઈ પટેલની કપાસની મિલનું ઉદ્‌ઘાટન હતું. સ્વામીશ્રીએ આખી મિલમાં પગલાં કર્યાં. પુષ્પો છાંટ્યાં. રાત્રે જમવાનું હિંમતભાઈના ઘરે જ હતું. સ્વામીશ્રીએ મને પોતાની બાજુમાં જ જમવા બેસવા કહ્યું. મને એવો સંકોચ થાય કે હું દૂર જગ્યા શોધવા પ્રયત્ન કરું. પણ બધે જ બધા બેસી ગયા હતા. છેવટે સ્વામીશ્રીના આગ્રહથી હું બાજુમાં બેઠો. અસલ ઝાલાવાડી રોટલા, શાક, ગોળ-કેરીનું અથાણું. માખણ ને ભેંસનાં દૂધ રસોઈમાં હતાં. મેં અડધો રોટલો લીધો તે સ્વામીશ્રીએ જોયું હશે, પણ કાંઈ બોલ્યા નહીં. થોડીવારે સેવક દેવચરણ સ્વામી ગરમ ગરમ રોટલા લઈને આવ્યા. તેની કોપટી ઉખાડી અંદર-બહાર માખણથી લચપચતા તૈયાર કર્યા. અને એક મોટો રોટલો સ્વામીશ્રીને પત્તરમાં પીરસવા ગયા તો સ્વામીશ્રીએ મૂકવા જ ન દીધો. હાથમાં લઈને એકદમ મારા પત્તરમાં મૂકી દીધો. પછી જાતે જ ગોળ મંગાવીને આપ્યો. ને કહે : 'જમી જા! આ તો ઝાલાવાડી અસલ ખાણું છે!' સગી માતાની મમતા સ્વામીશ્રીના પ્રેમમાં અનેકવાર અનુભવી છે. આ પ્રસંગ ક્યારેય ભૂલી શકાયો નથી.

* * *

સ્વામીશ્રીએ ધર્મધુરા ધારણ કરી. ત્યાર બાદ ચાતુર્માસ દરમ્યાન ગોંડળ પધાર્યા હતા. એક દિવસ મને બોલાવીને યોગીજી મહારાજની રીતે જ કંઈક સેવા હોય તો કાઢી રાખવા સૂચના આપી. અને કહે : 'હરિભક્તોની સંખ્યા ઘણી છે. કોઈ સેવા હોય તો લાવો.'

આથી મેં ઘઉં વીણવાની સેવા માટે આયોજન કરી દીધું. સભામંડપમાં લાંબા પટ્ટે ઘઉં પાથરી દીધા. જેથી એક જ પટ્ટાની સામસામા બેસીને સૌ ઘઉં વીણી શકે. સ્વામીશ્રી સ્વયં રજાઈ પાથરેલી તેના પર બેસી ઘઉંમાંથી કાંકરા વીણવા લાગ્યા. આ જોઈને જે જે આંટાફેરા મારતા હતા તેઓ પણ આવી આવી ને બેસી ગયા.

સ્વામીશ્રીએ એક હરિભક્તને કહ્યું : 'હવે, વચનામૃત વાંચો...' એક તરફ વચનામૃત વંચાય, સ્વામીશ્રીની મૂર્તિનાં દર્શન થાય, ને સૌ પોતપોતાની સેવા પણ સુંદર રીતે કરે. સ્વામીશ્રીના આરામનો સમય થયો એટલે કેટલાક સંતો-ભક્તો કહે : 'બાપા ! હવે આરામમાં પધારો.' સ્વામીશ્રી ઘઉંનો ઢગલો બતાવી કહે : 'હવે આટલા જ છે. તે ભેળાભેળું વીણાઈ જાય ને ? બેઠા છીએ...' પરંતુ સૌ સંતોએ આરામ માટે ઘણો આગ્રહ કર્યો, એનું મુખ્ય કારણ એ હતું કે સ્વામીશ્રી સમયસર આરામમાં પધારે તો સાંજે સાડા ત્રણ વાગે ગોંડળી નદીના અક્ષરઘાટમાં સૌ સ્નાન કરવા જવાના હતા તેમાં સ્વામીશ્રી પણ પધારી શકે અને સૌને વિશિષ્ટ લાભ મળે. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવતાં કહે : 'વાંધો નહીં, સાંજે પણ આવીશું. અત્યારે ઘઉં વીણાઈ જવા દ્યો.'

અંતે ઘઉં સાફ થઈ ગયા. સભા વિખરાઈ. સ્વામીશ્રી મોડા આરામમાં પધાર્યા હતા. છતાં સંતોની વિનંતીને ધ્યાનમાં લઈ સમયસર સ્નાન માટે ઘાટમાં પણ પધાર્યા અને ખૂબ લાભ આપ્યો. સંતોએ 'સખી ના'વા પધાર્યા મહારાજ રે,' એ કીર્તન ઝીલાવ્યું. સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને બોટમાં પધરાવી જળ ઝિલાવ્યું ને પોતે પણ બોટમાંથી ગોંડળીમાં સ્નાન માટે કૂદી પડ્યા. આ બધી લીલા એવી આનંદકારી અને પ્રેરક બની રહી કે સેવા-સમય અને લાડીલા સંતોનાં મન - બધું સાચવીને સ્વામીશ્રીએ દિવ્ય આનંદ કરાવી દીધો.

* * *

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના અક્ષરધામગમનના સમાચારે આખા ગુજરાતને મૂંગું કરી દીધું હતું. સત્સંગ સમાજ તો કલ્પી ન શકાય એવી દશામાં અટવાયો હતો. સંતોની સ્થિતિ તો કહી ન શકાય તેવી હતી. આવા વખતે અગત્યના અને તાત્કાલિક નિર્ણય લેવામાં સ્વામીશ્રીની જે ધીરજ, પીઢતાનાં દર્શન થયાં છે, તે અદ્‌ભુત હતાં.

આ દિવસોનો એક પ્રસંગ મારા જીવનનો અત્યંત સ્મરણીય પ્રસંગ છે.

યોગીજી મહારાજના અગ્નિસંસ્કાર કઈ જમીન પર કરવા તે માટે સ્વામીશ્રી ટ્રસ્ટી મંડળ સાથે અક્ષરવાડીએ પધાર્યા હતા. હાલ જ્યાં સ્મૃતિ મંદિર છે તે સ્થાન પસંદ થયું. એ જગાએ મેં ઘઉં વાવેલા. તે એવા સરસ-દૂધે ભર્યા થયા હતા કે આજ સુધી પૂર્વે થયા નહોતા.

તા.૨૪-૧-૭૧ના સવારે નવેક વાગે સ્વામીશ્રીએ મને શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં બોલાવ્યો. અમે બંને એકલા જ બેઠા હતા. સ્વામીશ્રીએ ધીરેથી વાત શરૂ કરી, 'ભક્તિ, મોટેરા સંતો અને ટ્રસ્ટી મંડળે મળીને અગ્નિસંસ્કાર માટેનું સ્થળ નક્કી કર્યું છે. જ્યાં આપણે ઘઉં વાવ્યા છે, ત્યાં અગ્નિસંસ્કાર કરવા. તો કેમ કરશું ?'

સંસ્થાના ધણી, માલિક મારા જેવા સામાન્ય સાધુને, સેવકની જાણે રજા માંગતા હોય તેમ પૂછતા હતા. મને પારાવાર સંકોચ થયો. મેં કહ્યું : 'સ્વામી ! આપ સૌએ નક્કી કર્યું છે તે બરાબર જ હોય. આપે મને પૂછવાનું હોય ?'

સ્વામીશ્રી કહે : 'તમે વાવ્યા છે. મહેનત કરી છે, તેથી પૂછવું તો પડે ને !'

આટલી સરળતા-નમ્રતા આપણું હૈયું વલોવી નાખે તેવી હતી. પછી મને કહે : 'દાતરડાં છે? ન હોય તો ખેડૂત સત્સંગીઓના ઘરેથી મંગાવી લેવાં. બધું તૈયાર કરો. હું હમણાં હરિભક્તોને મોકલું છું. હાલ રસ્તા તરફના ભાગમાંથી અડધા વઢાવજો, ને ટાંકી બાજુ અડધા ભલે ઊભા. તેની જરૂર પડશે, તો વઢાવી નાખીશું.'

હું આજ્ઞા માથે ચડાવીને ઊભો થવા ગયો ત્યાં મારો હાથ પકડ્યો. ને કહે : 'ભક્તિ, આ ઘઉં લીલા છે. તે ઢોરને ખાવા કામ લાગે?'

મેં કહ્યું : 'સ્વામી, બે-ત્રણ દિવસ લીલા-લીલા થોડા ખાય, પણ વધારે દિવસો જાય તો ન ખાય.'

સ્વામીશ્રી કહે : 'વાંધો નહીં. જેમ વઢાતા જાય તેમ ટ્રેક્ટર ભરી દેવા. અને ગોંડળની પાંજરાપોળ અને શહેરમાં પણ ધણિયાતી - વગર ધણિયાતી ગાયો હોય તો શેરીએ શેરીએ થોડું આપી આવવું. જેથી ઘઉં લેખે લાગે. ગાયોને એક દિવસનો લીલો ચારો મળી જાય.'

પછી એ પ્રમાણે બધું આયોજન થઈ ગયું. સાંજે અગ્નિસંસ્કાર વિધિ પન્ન થયો. સૌ બે દિવસથી ઉપવાસી હતા. માટે ખીચડી વગેરે બનાવરાવ્યું ું તે સ્વામીશ્રીએ સૌને જમવા આજ્ઞા કરી. સ્વામીશ્રી પણ સૌ સંતોની .થે જ પંગતમાં જૂની ભોજનશાળામાં બેસી ખીચડી જમ્યા!

* * *

આવા અનેક પ્રસંગો ત્યાર પછી પણ બનતા રહ્યા. જેમાં સ્વામીશ્રીની ાવહારની કુશળતા, હરિભક્તોનો અપાર મહિમા, સૌની સરભરા - ગવડ સાચવવાનો ખૂબ ખટકો અને પોતાના દેહનો અત્યંત અનાદર આવા .નેક સદ્‌ગુણોના મને અને મારી જેમ અસંખ્ય સંતો-ભક્તો જીવંત સાક્ષી . આવા દિવ્યપુરુષને તત્ત્વે કરીને ઓળખી, આત્મબુદ્ધિ કરી એમને રાજી ી શકાય તે પ્રાર્થના.

* * *

૧૯૬૨માં મારી દસ વર્ષની ઉંમરે હું ગઢડા મંદિરમાં દેવપ્રસાદ સ્વામીની પ્રેરણાથી રહેવા આવ્યો. અહીં રહીને ગામની શાળામાં અભ્યાસ કરવો એ જ માત્ર હેતુ હતો.

અજ્ઞાનતાવશ મારી કેટલીક ભૂલોને કારણે મુખી સ્વામી મને વારેવારે ઠપકો આપતા. આ લગભગ રોજનો ઠપકો થઈ પડ્યો હતો. અહીં મુક્તિજીવન સ્વામી પૂજારી હતા, તે મને રોજ કહેતા, 'પ્રમુખસ્વામી આવે એટલે તેમને કહીને તને રજા આપી દેવાની છે.'

મને ખરેખર ડર લાગતો કે મને કાઢી મૂકશે તો વર્ષ બગડશે. તેમાં એક દિવસ જાણ થઈ કે આવતી કાલે પ્રમુખસ્વામી અહીં આવી રહ્યા છે!

મારા વિચારોની ગતિ વધી ગઈ. 'પ્રમુખ' શબ્દ સાથે સંકળાયેલી કડક પ્રતિભાને અનુરૂપ વિચારો કરી મારી રીતે વિચાર્યું કે એક ગઢડા મંદિરના કોઠારી હરજીવનદાસ સ્વામી આટલા કડક છે, તો આવા છ મંદિરોના પ્રમુખ કેવા કડક હશે! કેવી રીતે આવશે? કેવા લાગતા હશે? મને શું કહેશે?

સામાન્યપણે તે સમયે સ્વામીશ્રી સારંગપુરથી બોટાદ થઈ નીંગાળા ટ્રેન બદલી સવારે સાત વાગ્યાની આસપાસ આવતી ટ્રેનમાં ગઢડા આવતા. જો ચાલુ સ્થિતિમાં હોય તો ડ્રાઇવર લખુ અને ક્લીનર ભીમો ટ્રેક્ટરમાં સ્વામીશ્રીને લેવા જતા. સ્વામીશ્રી આવે ત્યારે બગલમાં ઓશીકું, એક હાથમાં પાણીનો કુંજો કે પ્રસાદની થેલી હોય.

આજે પણ સ્વામીશ્રી ઘોડાગાડીમાં જ આવ્યા. ટેકરો ચડવાથી ચડેલો હાંફ શ્વાસમાં વર્તાતો હતો. સ્વામીશ્રીએ કોઠારીને કહ્યું : 'ઘોડાગાડીવાળો નીચે ઊભો છે. પૈસા ચૂકવવાના બાકી છે.' હું થોડા ડર અને થોડા કુતૂહલથી સ્વામીશ્રીને ઓળખવા મથતો હતો. ત્યાં કોઠારીએ બૂમ પાડી, 'એ છોકરા, અહીં આવ.' તેમણે ગલ્લો ખોલી દોઢ રૂપિયો લેવરાવ્યો. અને ઘોડાગાડીવાળાને આપવા કહ્યું. આ બધી ક્રિયા દરમ્યાન સ્વામીશ્રીની નજર

મારા ઉપર મંડાયેલી રહી. મેં પૈસા ગણ્યા, તે પણ તેમણે જોઈ લીધું કે ભૂલ નથી થઈ. પછી ધીરેથી એક જ શબ્દમાં પ્રતિભાવ આપ્યો : 'વાહ!'

પછી શીખ આપતાં કહે : 'ઘોડાગાડીવાળાનું નામ... છે. નામ પૂછીને તેની સામે ગણીને પૈસા આપજે.'

આ વાતમાં તો એવી કોઈ વિશેષતા જણાતી નથી, પણ કોણ જાણે કેમ, તેઓની વાણીની મીઠાશ અને આંખમાંથી ઝરતા વાત્સલ્યે મારી કલ્પનાના ભુક્કા ઊડી જાય તેવો જાદુ કર્યો. અત્યાર સુધી હું ડરતો હતો, તે ડરને ઘડીના છઠ્ઠા ભાગમાં નિર્મૂળ કરી દેવો એ ચમત્કાર નહીં, તો બીજું શું? મને થયું કે ક્યારે પૈસા ચૂકવું ને કયારે સ્વામીશ્રી પાસે પહોંચી જાઉં!

આ પછી તો સ્વામીશ્રીએ જ સામેથી આત્મીયતાનો સેતુ રચવા માંડ્યો. જ્યારે જ્યારે ગઢડા પધારે ત્યારે દિવસભર વ્યાવહારિક કાર્યોમાં વ્યસ્ત હોય. ઑફિસમાં, જમીન પર, ખેતરે કે કૂવે નિરીક્ષણ માટે પધારે. રાત્રે તો કથા બાદ નિરાંતની પળોમાં કોઈવાર સંતોની ધર્મશાળામાં, ઑફિસ સામે કોઠારીની પાટ ઉપર, તો કોઈવાર ગરમીના દિવસોમાં ચોકમાં રેતીના ઢગલા પર કોઠારી હરજીવનદાસ સાથે ગોષ્ઠિ કરતાં તે વાતાવરણની દિવ્યતા અવિસ્મરણીય છે!

ટેકરાની ઊંચાઈ, વિશાળ ચૉક, ઘેલા નદી ઉપરથી શીતળતાના બુંદ લઈને વાતો મંદ-મંદ પવન, ચંદ્રનાં અજવાળાને દ્વિગુણિત કરતાં શ્વેત સંગેમરમરનાં શિખરો ઉપર પવનના તાલે નાચતી ઘંટડીઓનાં ગુંજન સાથે શ્રીજીએ સ્નાન કરી પવિત્ર કરેલા ખળખળિયામાં ખળખળ વહીને સૂર પુરાવતાં ઘેલાનાં નીર વર્ષો પહેલાં સાંભળેલાં પ્રેમાનંદનાં સંગીતને જાણે ગણગણાવી રહ્યા ન હોય ?

આવા દિવ્ય વાતાવરણમાં કૃષ્ણ અને અર્જુનની જેમ સખાભાવે મહાલતા સ્વામીશ્રી અને હરજીવનદાસનું સુખદ સાંનિધ્ય મને અનેકવાર પ્રાપ્ત થયું છે.

સૌ પ્રથમ આવા જ એક પ્રસંગે સ્વામીશ્રીએ મારા જીવનમાં રસ લઈને પૂછેલા પ્રશ્નો અને વરસાવેલું વાત્સલ્ય મને ઇદં સાંભરે છે.

'અલ્યા છોકરા, અહીં આવ!' સ્વામીશ્રીએ મને રેતીના ઢગલા ઉપર પોતાની સામે બેસવા કહ્યું : 'અહીં બેસ, તારું નામ શું? કયું ગામ? કોનો

દીકરો? અહીં કેમનો આવ્યો? ભણવા માટે? શું ભણે છે ?'

કેટલાક ઉત્તરો મેં આપ્યા. તો કેટલાક હરજીવનદાસ સ્વામીએ જ આપી દીધા. વળી કહ્યું : 'દેવનો ચેલો છે.'

સ્વામીશ્રી કહે : 'એ..મ!' પછી શ્લેષ કરતાં કહ્યું : 'આપણેય દેવના જ છીએ ને!'

ફરી હરજીવનદાસે કહ્યું : 'નાનો છે, પણ બહુ ચબરાક - હાજર જવાબી છે.'

કોઈપણ વાતનો તરત જવાબ આપવાની મારી કુટેવ સામે આ હળવી ફરિયાદ કહી શકાય. પણ સ્વામીશ્રીએ તેને સવળી લેતાં કહ્યું : 'વાહ! એ તો બહુ સારું, હાજર જવાબી હોય તો આપણે સભા જીતવા કામ લાગશે! માટે બરાબર હોંશિયાર થજે. ભણવામાં ધ્યાન આપે છે ને? સેવા અને ભણવાનું બેય બરાબર રાખજે.' પછી કહે : 'હાજર જવાબી થજે, પણ મોટા પાસે નમ્રતા-વિવેક જાળવવા. સામું ન બોલવું.'

વખાણીને ભૂલ સુધારવાની આ ગજબની કળા હતી. આટલી ઊંચી પદવીએ રહીનેય દસ વર્ષના નાદાન બાળક સાથે ઓતપ્રોત થવું એ પણ મહાન કળા જ છે ને!

* * *

૧૯૬૩માં જ મને યોગીજી મહારાજે પાર્ષદ દીક્ષા આપી. પણ સંતોની ખૂબ ખેંચ રહેતી તેથી ટૂંક સમયમાં જ મને ભાગવતી દીક્ષા આપવા નિર્ણય લેવાયો. દીક્ષા સમયે યોગીજી મહારાજ જ નામ પાડી દેતા. પણ આજે યોગીબાપાએ સ્વામીશ્રીને પૂછ્યું, 'શું નામ રાખીશું?' પાંચેક મિનિટ ચર્ચા ચાલી. અંતે સ્વામીશ્રી બોલ્યા : 'પ્રેમપ્રકાશ' રાખીએ. યોગીજી મહારાજે એ સહર્ષ સ્વીકાર્યું. આમ મારું દીક્ષિત નામ પાડવામાં સ્વામીશ્રી સહયોગી બન્યા તે મારું અંગત સુખદ સંભારણું છે.

* * *

દીક્ષા બાદ ગઢડા રહી કોઠારી હરજીવનદાસની આજ્ઞા પ્રમાણે ઈલેક્ટ્રિક વગેરેનું કામ કરતો, તેથી તેઓ મારી ઉપર રાજી રહેતા. આ કારણે ઘણી વાર તેઓ સ્વામીશ્રી સાથેની એકાંત ગોષ્ઠિમાં મારી બાળસહજ હાજરીને અંતરાયરૂપ નહોતા ગણતા, તેથી તે લાભ પણ ઘણી વાર મળતો.

કોઠારી હરજીવનદાસ ખૂબ બાહોશ. સાધુતા પૂરેપૂરી. નિયમધર્મનો હુંકારો નહીં. એક કોડી જેટલું ય ધન પોતાનું કરીને રાખ્યું નથી. નિષ્ઠાની બાબતમાં તો શાસ્ત્રીજી મહારાજના સંતોનું પૂછવું જ શું?

પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ અન્ય મંદિરોની સામાન્ય સ્થિતિ સામે ગોંડલની રિદ્ધિસિદ્ધિ જોઈ તેમના મનમાં યોગીજી મહારાજ પ્રત્યે મંથન ચાલતું. એમ કે યોગીજી મહારાજ બધું ગોંડળમાં જ ભેગું કરે છે. ગઢડા સામે જોતા નથી. જો કે તેઓ યોગીજી મહારાજની અદબ હંમેશાં જાળવતા. પરંતુ સ્વામીશ્રી સાથે તેમને પહેલેથી જ ખૂબ આત્મીયતા તેથી અંતરની વાતો સ્વામીશ્રી સાથે નિરાંતની પળોમાં છૂટથી કરતા.

૧૯૬૫ની એક રાત્રે ગઢડા મંદિરના ચોકમાં રેતીના ઢગલા ઉપર અમે ત્રણે બેઠા હતા. કોઠારી હરજીવનદાસે સ્થાનિક વ્યવહાર ચલાવવામાં પડતી આર્થિક મુશ્કેલીઓ કહી ને ઉપરોક્ત વિષય છેડ્યો. કોઠારી આવેશમાં આવીને થોડું વધારે બોલી રહ્યા હતા : 'યોગીજી મહારાજને કેમ કોઈ કહેતું નથી? બીજા તો ન કહે, પણ તમે તો સંસ્થાના ધણી છો; શાસ્ત્રીજી મહારાજે તમને સત્તા આપેલી છે તો તમારે કહેવું જોઈએ. શું ગોંડળ એક જ મંદિર છે? બીજાં મંદિરો નથી? અહીં સાધુની કેટલી ખેંચ છે!' પછી મારી સામે આંગળી ચીંધતા કહે : 'આવા અંગૂઠા જેવડા સાધુ વડે વ્યવહાર કેમ ચાલે છે, તે મારું મન જાણે છે. ૫૧ સંતોને મુંબઈ રાખ્યા છે. તે ક્યાં સુધી રાખી મૂકવાના છે?' એમ કહી કટાક્ષ કર્યો. ને મને બતાવીને કહે : 'એ બધા કુમળા છે, તો આ કુમળો નથી?'

કોઠારીનો આવેશ અદમ્ય હતો. સ્વામીશ્રી કોઠારીના હૃદયને હળવું કરવા સતત એક ધ્યાનથી કોઈ જ પ્રતિભાવ આપ્યા વિના સાંભળી રહ્યા હતા. એક પૂર્ણ આવેશમાં અને બીજા સંપૂર્ણ શાંત! જ્યારે હું માત્ર નાદાન મુદ્રામાં બેસી કશુંક ગંભીર ચર્ચાઈ રહ્યું છે, તેનો સાક્ષી બની રહ્યો હતો.

કોઠારીનો ઊભરો શમતાં સ્વામીશ્રીએ વાતનો દોર હાથમાં લીધો. પોતે પ્રમુખ તરીકે નહીં પણ એક મિત્ર તરીકે સ્નેહની લાગણીની આર્દ્રતામાં હતા. કહે : 'જુઓ હરજીવનદાસ, શાસ્ત્રીજી મહારાજ એક અદ્‌ભુત પુરુષ હતા. સિંહ જેવી પ્રતિભા. સાથે એટલા જ પ્રેમાળ! જેનો જોટો ન જડે. આપણે એ સુખની કલ્પનામાં મહાલતા હોઈએ એટલે અત્યારે બીજી વાત ન બેસે, ને

જીવમાં વ્યવહારનું પ્રધાનપણું હોય ને આપણું ધાર્યું ન થાય, તેથી મોટાપુરુષનો અભાવ આવે કે આટલું ઠીક કરતા નથી. પણ શાસ્ત્રીજી મહારાજને સેવ્યા હોય અને તેઓ આવો પક્ષપાત જણાવે તો તમને અભાવ આવે? ન આવે. તો એવું સમજો કે આ (યોગીજી મહારાજ) શાસ્ત્રીજી મહારાજ જ છે ! તેમાં રોમનોય ફેર નથી. શાસ્ત્રીજી મહારાજે સ્વયં યોગીજી મહારાજનો અપાર મહિમા કહ્યો છે; રાજીપો દર્શાવ્યો છે; તે તમે ક્યાં નથી જાણતા? છેલ્લે છેલ્લે તો તમે જ સ્વામીનું પડખું વધારે સેવ્યું છે. એટલે આ (ગઢડા) મંદિરની મૂર્તિઓની આરતી ઉતારી ત્યારે સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) શું બોલ્યા હતા ?

'વળી, મારી સત્તાની વાત કરતા હો તો યોગીજી મહારાજની આજ્ઞા બહાર હું મારી કોઈ જ સત્તા સમજ્યો જ નથી. શાસ્ત્રીજી મહારાજે પણ મને એ જ આજ્ઞા કરી છે કે યોગીજી મહારાજની આજ્ઞામાં રહીને સત્સંગ દીપાવવો. ત્યારથી જ મેં ગાંઠ વાળી છે કે યોગીજી મહારાજ જે કહે તે સવા સોળ આની. અને મારે પહેલેથી જ આપની સાથે હેત-મિત્રતા છે. આપને પણ મારે માટે લાગણી ને વિશ્વાસ છે, તેથી જ પ્રમુખ બનાવતી વખતે મને સમજાવવા સ્વામીએ તમને કહેલું, તે જ લાગણી અને મિત્રતાથી હું તમને કહું છું. યોગીજી મહારાજનાં કોઈ કાર્યમાં ક્યારેય શંકા ન કરવી. દિવ્ય જ સમજવું.

'આપણને મમત્વ હોય તેથી મંદિરનો વ્યવહાર હું સુધારી દઉં એમ થાય, પણ એમની દૃષ્ટિ વગર કાંઈ ન થાય. હરિભક્તોને પોષણ એમનાથી મળે છે. એ છે, તો સેવાઓ આવે છે. માટે આપણે પુરુષાર્થ કરવો. વ્યવહાર ચલાવવાવાળા એ છે. તે ચલાવે છે ને ચલાવશે પણ ખરા.

'સાધુની ખેંચની તમારી વાત સાચી છે, અહીં જ નહીં, બધે આ પ્રશ્ન છે. તે સ્વામી (યોગીજી મહારાજ) પણ જાણે છે છતાં બધાને મુંબઈ રાખ્યા છે, તેથી પ્રશ્ન થાય, પણ તેમાંય એમની કાંઈક દૃષ્ટિ હશે...'

ગંગાના પ્રવાહની જેમ વહેતાં વાતપ્રવાહમાં હું તો ક્યારનોય ઊંઘી ગયો હોઈશ. કેટલીય વાતો થઈ હશે! પણ સવારે પગીએ ચાર વાગ્યાના ટકોરા વગાડ્યા, ત્યારે સ્વામીશ્રી અને કોઠારી સૂવા માટે ઊભા થયા. મને પણ ઢંઢોળ્યો. જગાડીને ધર્મશાળામાં વિદાય કર્યો.

આ પ્રસંગ પછી કોઠારી હરજીવનદાસને યોગીજી મહારાજમાં ખૂબ હેત

વધી ગયું. પોતે યોગીજી મહારાજના મહિમાની વાતો પણ ખૂબ કરતા. યોગીજી મહારાજે પણ તેઓને સાથે રાખીને ગોંડળ-રાજકોટ-ગોરાણા-જૂનાગઢ વગેરે સ્થળે ખૂબ સુખ આપ્યું હતું. ઘણીવાર કોઠારી સામેથી યોગીજી મહારાજની પ્રસાદી માગતા અને જમી લેતા.

સ્વામીશ્રીએ તેમને અંત સમયે નિષ્ઠા દૃઢ કરાવી. સ્વામીશ્રીની હાજરીમાં જ તેમણે ગોંડલમાં દેહત્યાગ કર્યો, ત્યારે સ્વામીશ્રીએ જાતે જ સંસ્કારવિધિ કરી તેમની સ્મૃતિ જાળવવા ઓટો બાંધી એમની સેવાઓનું સંભારણું જીવંત રાખ્યું.

* * *

સ્વામીશ્રીનો કંઠ ખૂબ જ મધુર. તેથી એમના કંઠે હરિલીલામૃત સાંભળવું એક લહાવો ગણાય. કોઠારી હરજીવનદાસે અવારનવાર સ્વામીશ્રી પાસે હરિલીલામૃતનાં પ્રકરણો ગવરાવીને ઘણાં પ્રકરણો ખાસ ખંતથી રેકોર્ડ કર્યાં હતાં. એ જમાનામાં ગ્રામોફોન રેકોર્ડપ્લેયર એમણે ખાસ સવાર-સાંજ મંદિરમાં ભજનો ગુંજતાં રહે તે હેતુથી વસાવ્યું હતું.

એક પ્રસંગે મારી આવડત ચકાસવા સ્વામીશ્રીએ મને હરિલીલામૃત વાંચવાનું કહ્યું. આ ગ્રંથ દેવનાગરી લિપિમાં હોવાથી માત્ર ચોથી ગુજરાતીના બળે મારે માટે તે વાંચવું અઘરું ગણાય. પણ સ્વામીશ્રીની દૃષ્ટિથી તે સારી રીતે રાગ ઢાળ સાથે વાંચી શક્યો. તેથી ખૂબ જ પ્રસન્ન થઈ સ્વામીશ્રી કહે : 'વાહ ! સંસ્કૃત ભણવું છે?'

એ પછી પ્રથમ ગોંડળ લઈ જઈ સ્વામીશ્રીએ સંસ્કૃત ભણાવવાની વ્યવસ્થા કરી હતી. અન્યના ઉત્કર્ષનો કેવો હિતવિચાર !

* * *

મુંબઈની વાતોથી અંજાઈને મુંબઈ જવાની મારી તો ખૂબ જ ઇચ્છા. પરંતુ એ અરસામાં જ થઈ ગયેલ દાદુભાઈ પ્રકરણથી કલુષિત વાતાવરણમાં હું મૂંઝાઈશ - એમ વિચારીને સ્વામીશ્રી મને મુંબઈ મોકલવા નહોતા માગતા. પણ સ્વામીશ્રી ગોંડળ પધાર્યા ત્યારે મેં ભણવા નિમિત્તે મુંબઈ જવાની માંગણી કરી.

સ્વામીશ્રીએ કહ્યું : 'ભણવાની વ્યવસ્થા માટે મેં સિદ્ધેશ્વરને વાત કરી છે. તેથી (ગોંડળમાં) વ્યવસ્થા થઈ જશે. મુંબઈ જવાની જરૂર નથી.' હું તો કાંઈ બોલી શક્યો નહિ. પણ એક સંતે મારે માટે ભલામણ કરી કે એની તો

ઇચ્છા મુંબઈની છે પણ તે આપની પાસે બોલી શકતો નથી.

બીજે દિવસે સવારે શાસ્ત્રીજી મહારાજના રૂમમાં સ્વામીશ્રી પૂજા કરતા હતા. ત્યાં હું દર્શન કરવા ગયો. સ્વામીશ્રીએ મને પોતાની નજીકમાં લઈ ખૂબ જ વહાલ કરતાં કહ્યું : ' મને તારે માટે હેત છે. પણ અત્યારે મુંબઈનાં વાતાવરણથી મને સંતોષ નથી. તને ત્યાં ગોઠવું તો ખરો પણ ત્યાં તું મૂંઝાય તેવી મને બીક લાગે છે. પણ તારી ઈચ્છા બહુ છે તેથી મોકલું છું. પણ વચન આપ કે મને યોગ્ય ન લાગે ને પાછો બોલાવી લઉં તો ખોટું નહીં લાગે.'

આટલા ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજતા સ્વામીશ્રી મારા જેવા એક ક્ષુલ્લક વ્યક્તિ માટે આટલી ઝીણવટભરી ચિંતા કરે - તે પણ મારું મન જાળવીને! એવું બીજે ક્યાં જોવા મળે ? 'મને યોગ્ય ન લાગે ને પાછો બોલાવી લઉં તો ખોટું ન લગાડતો.' સ્વામીશ્રીનું આ વાક્ય દીવાદાંડી બનીને આજેય મને જાગૃત રાખી રહ્યું છે.

* * *

આ જ અરસાનો મારા જીવનનો સૌથી રોમાંચક એક પ્રસંગ છે - જે લખતાં પહેલાં થોડી પૂર્વભૂમિકા જણાવી દઉં. ૧૯૫૫ થી ૧૯૬૫નો દશકો દાદુભાઈ નાથાભાઈ પટેલની સંસ્થા તથા સિદ્ધાંત વિરુદ્ધની પ્રવૃત્તિઓનો દશકો કહી શકાય. પોતાની મહત્ત્વાકાંક્ષા અને વિષયેચ્છા સંતોષવા યોગીજી મહારાજની સર્વાંગશુદ્ધ સાધુતાનો દુરુપયોગ કરનાર દાદુભાઈને પોતાના માર્ગમાં પ્રમુખસ્વામી વિઘ્નરૂપ લાગતા હતા. કારણ કે સ્વામીશ્રી તેની દુષ્પ્રવૃત્તિઓને રોકતા અથવા તેમ ન કરવા ફરજ પણ પાડતા. જેમાં આશય એટલો જ હતો કે દાદુભાઈનું, સંસ્થાનું ને લોકોનું ત્રણેયનું હિત થાય. પરંતુ સ્વામીશ્રીની ભાવના સાથે તેમને ક્યાં કંઈ નિસ્બત હતી? તેથી જો સ્વામીશ્રી જ ન હોય તો પોતાને છુટ્ટો દોર મળી શકે, તેમ વિચારી ૧૯૬૪-૬૫નાં વર્ષોમાં તો તેમણે પોતાના કેટલાક માણસો દ્વારા ધાક જમાવીને સંસ્થાના વહીવટને અસ્તવ્યસ્ત કરવાના પ્રસંગો પણ ઊભા કરી દીધા હતા.

યોગીજી મહારાજની ૬૫મી જન્મ જયંતી વિદ્યાનગરમાં ઉજવાઈ, તે પ્રસંગે સ્ત્રીઓની દીક્ષાનું આયોજન યોગીજી મહારાજના નામે તેમણે સ્વતંત્ર રીતે જાહેર કર્યું, તેનો વિરોધ કરનાર સિદ્ધાંતનિષ્ઠ સંતોમાં પ્રમુખસ્વામી મોખરે હતા. તેથી તેમને માનસિક રીતે પરેશાન કરવાના અનેક પ્રયત્નો એ

લોકો કરી રહ્યા હતા. પણ હજાર હાથવાળાની હામ રાખતા સ્વામીશ્રીએ આ પરેશાની લેશ પણ ગણકારી નહોતી. આથી દ્વેષીઓ દિનપ્રતિદિન વધુ ને વધુ છંછેડાઈ રહ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી મંડળે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામીની સંમતિ સાથે દાદુભાઈને ૧૯૬૬ના મે માસમાં વિમુખ જાહેર કર્યા. એ પછી ટ્રસ્ટી મંડળના મોવડી તરીકે સ્વામીશ્રી માટે થોડું જોખમ વધ્યું હતું. સંસ્થામાંથી દાદુભાઈ સાથે હેતવાળા ૩૯ સાધુઓ, દાદુભાઈને પુનઃ સંસ્થામાં સ્વીકારવામાં આવે તેવી ફરજ પાડવાના આશયથી યોગીજી મહારાજને છેહ આપવા સંસ્થા છોડી ગયા. પણ તેથી તો એમની ધારણા પ્રમાણે કશું જ ન થયું ન તો યોગીજી મહારાજે તેમને પાછા બોલાવ્યા કે ન તો સમાધાન કરી દાદુભાઈને પાછા સ્વીકાર્યા, આ વાત મનની મનમાં રહી ગઈ. આવા પ્રસંગોથી સ્વામીશ્રી પ્રત્યેના દ્વેષમાં જાણે તેલ રેડાયું હતું. સ્વામીશ્રી ઉપરનું આ જોખમ સૌના ખ્યાલમાં આવતાં ઘણીવાર વિશેષ જોખમ ન લેવા તેમનું ધ્યાન દોરવામાં આવતું. પણ કેવળ ઇષ્ટદેવ તથા ગુરુ શાસ્ત્રીજી મહારાજના બળે અને વિશ્વાસે સ્વામીશ્રીને કોઈ ભય જણાતો નહીં. પણ આથી સ્વામીશ્રીના હિતવાંછું સંતો-ભક્તોને ચિંતા રહેતી.

વિમુખ થયેલા દાદુભાઈનો અવળો પક્ષ લઈને ૩૯ સાધુઓ સંસ્થા છોડી ગયા હતા. સંસ્થા છોડનાર સંતોને યોગીજી મહારાજની આજ્ઞાથી ખુદ સ્વામીશ્રીએ ખાસ મુંબઈ જઈને ખૂબ ખૂબ સમજાવ્યા, છતાં તેઓ એકના બે ન થયા... તેમના સંસ્થા છોડી જવાના પગલાંની યોગીજી મહારાજ પર કોઈ અસર ન થતાં તેઓ મૂંઝાયા. વળી તેમને કાયદાકીય સલાહો પણ એવી મળી કે 'તેઓ અંદર રહીને સંસ્થાને વધુ નુકસાન પહોંચાડી શકશે, તેથી પુનઃપ્રવેશ માટે પ્રયત્ન કરવો.' તેમની મુરાદથી વાકેફ સત્સંગ સમાજ આ વ્યક્તિઓને પાછા સ્વીકારવા હરગીજ તૈયાર નહોતો. આથી, તેઓ યોગીજી મહારાજને રૂબરૂમાં મળીને મનાવી લેવાની કોશિશમાં રહેતા. પરંતુ યોગીજી મહારાજ તેઓને મળવા કે નામ લેવા પણ નાખુશ હતા. સત્સંગ સમાજમાં પણ તીવ્ર રોષની લાગણી પ્રવર્તી ગઈ હતી.

એક વાર ગોંડલમાં માત્ર એવા સમાચાર આવ્યા કે આજે બપોરના ૧ વાગ્યાની ટ્રેનથી ૩૯ વિમુખ સાધુઓ ગોંડલ આવી રહ્યા છે. રાજકોટના કેટલાક નવા સત્સંગીઓને ભોળવીને તે દ્વારા યોગીજી મહારાજની મુલાકાત

મેળવવા તેમણે છેલ્લા પ્રયત્નો ચાલુ કર્યા. પણ યોગીજી મહારાજે સ્પષ્ટ કહી દીધું, 'મારે મળવું નથી. મળવું હોય તો પ્રમુખસ્વામીને મળે.'

યોગીજી મહારાજની આ આજ્ઞા સ્વીકારીને સ્વામીશ્રીએ તેઓ સાથે એકાંત મુલાકાત ગોઠવવા સંમતિ આપી. પણ તેમાં જોખમ જોઈ રહેલા સંતો-ટ્રસ્ટીઓ આ વાતને ક્યારેય માન્ય ન કરે. તેથી તે કોઈ ન જાણે તે રીતે બધું આયોજન થયું. માત્ર યોગીજી મહારાજ, સ્વામીશ્રી, રસિકભાઈ સેક્રેટરી તથા હકાબાપુ તેમજ ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી (જેમની કારમાં જવાનું હતું) આ સિવાય કોઈનેય આ આયોજનની જાણ સુદ્ધાં થવા દીધી નહોતી. આ અરસામાં સ્વામીશ્રીના સેવકો તથા અન્ય જવાબદાર સંતો સ્વામીશ્રી માટે વિશેષ ખ્યાલ રાખતા. તે સમયે સ્વામીશ્રીની અંગત સેવામાં રહેતા દેવચરણ સ્વામી પણ આ જોખમથી પૂર્ણ વાકેફ હોઈ સ્વામીશ્રીના આ એકાંત મુલાકાતના નિર્ણયને સાથ ન આપે, તેથી એકાંત મુલાકાત માટે જોડમાં કયા સાધુને લઈ જવા તે પણ પ્રશ્ન હતો. પણ તેનો તોડ સ્વામીશ્રીએ જ કાઢી લીધો હશે. જોડ એવી વ્યક્તિની જોઈતી હતી જે માત્ર કહે તેટલું જ કરે. પણ બીજી વિશેષ ગતાગમ ન હોય. જેથી ક્યાં ગયા, કેવી રીતે ગયા, કોને મળ્યા અને શું વાત થઈ તે રહસ્ય જળવાઈ રહે. આ માળખામાં બંધ બેસે તેવો હું જ સ્વામીશ્રીની નજરમાં આવી ગયો હોઈશ. તેથી મને જોડમાં લઈ જવા તેમણે નક્કી કરી રાખ્યું હશે.

યોગીજી મહારાજે એ દિવસે સાંજે ચાર વાગે ગુરુકુળમાં સભાનું આયોજન કર્યું. આગલા દિવસથી જ યોગીજી મહારાજે સ્વયં જોરશોરથી જાહેરાત કરવા માંડી, 'કાલે ગુરુકુળમાં સભા રાખી છે. નાના-મોટા તમામ સભામાં સમયસર પહોંચી જાય. કોઈએ અહીં રોકાવું નહીં. આ આજ્ઞા બધાએ પાળવી.'

આ આયોજનથી સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામી પણ વ્યવસ્થામાં વ્યસ્ત થઈ ગયા. યોગીજી મહારાજની ભવ્ય જાહેરાતથી સંત-ભક્તોનો પ્રવાહ તો સમય પૂર્વે જઈને ગુરુકુળમાં ઠલવાઈ ગયો હતો. કારણ કે ખુદ યોગીજી મહારાજ પણ વહેલાં વહેલાં ગુરુકુળમાં પહોંચી ગયા હતા. સેવક દેવચરણ સ્વામીને પણ વ્યવસ્થામાં સ્વામીશ્રીએ જ વહેલા મોકલી આપ્યા હશે. મંદિર આખું નિર્જન થઈ ગયું હતું. હું પણ આ પ્રવાહમાં જોડાવા માટે

જતો હતો ત્યાં સભામંડપનાં પગથિયાં પાસે સ્વામીશ્રીએ મને રોક્યો અને પાઘ લઈ મંદિર નીચેની ઑફિસમાં તેમને મળવા કહ્યું. આથી મારે સ્વામીશ્રીની સાથે જવાનું છે એટલો ખ્યાલ તો મને આવી ગયો. પણ ક્યાં અને શા માટે જવાનું છે તે સમજાયું નહોતું. સ્વામીશ્રી સાથે જવાનો આ પ્રથમ પ્રસંગ હતો એટલે રોમાંચ અને તેમની સાથે કેવી રીતે વર્તવું તે મૂંઝવણની મિશ્ર લાગણી અનુભવી રહ્યો હતો.

મોટર મંદિરની બીજી બાજુ (ઘનશ્યામ મહારાજ બાજુ) રખાવી હતી. હકાબાપુ ગુરુકુળમાં પહોંચી ગયા હતા. તેમને ત્યાંથી જ લેવાના હતા. અમો ગાડીમાં બેઠા ત્યાં સુધી મને એવો જ ખ્યાલ હતો કે (ગોંડલ) ગામમાં ફોન કરવા જવાનું હશે (તે વખતે મંદિરમાં ફોન નહોતો તેથી ફોન કરવા સ્વામીશ્રી સાથે ઘણીવાર સિદ્ધેશ્વર સ્વામી પોસ્ટ ઑફિસમાં જતા તે વાતનો મને ખ્યાલ હતો).

પરંતુ ગાડી ગોંડલ શહેર તરફ વળવાને બદલે રાજકોટ તરફ વળી અને અંદર પાર્કિંગ કરી શકાય તેવું ગુરુકુળનું મેદાન વિશાળ હોવા છતાં ગાડી ગુરુકુળની બહાર ઊભી રખાઈ. મારી ઉંમર માત્ર ૧૪ વર્ષની. એટલે ભલે બીજી વિશેષ ગતાગમ નહોતી પણ અત્યારે જે મભમ ચાલી રહ્યું હતું તેની ગંભીરતા સહેજે સમજાઈ જતી હતી. વર્તમાન પ્રકરણના અનુસંધાનમાં સ્વામીશ્રી વિપક્ષીઓને મળવા સોખડા જાય તેવી શક્યતા, એ રોજબરોજની જાહેર-ચર્ચાનો વિષય હતો, તેથી તે જ વાતો મનમાં રમતી હતી. તેથી મારા મનમાં વિચાર ઝબક્યો કે અત્યારે સ્વામીશ્રી ત્યાં તો નહીં જઈ રહ્યા હોય? પૂછવાની તો હિંમત નહોતી અને એ યોગ્યતાને કારણે તો હું પસંદ થયો હતો! મનમાં થયું કોઈક બહાને નીચે ઊતરીને કોઈને કહી દઉં પરંતુ તેનો અમલ કરું તે પહેલા તો હકાબાપુ આવી ગયા અને ગાડી ઉપડી ગઈ... સાંજે ૪.૩૦ નો સમય થયો હશે.

થોડી ગમ્મત ને રમૂજ બાદ વર્તમાન વિષયની મભમ ચર્ચા શરૂ થઈ. જો કે સ્વામીશ્રી ખૂબ જ સાવચેતીપૂર્વક શબ્દ પ્રયોગ કરતા. તેથી કળવું મુશ્કેલ હતું પણ હકાબાપુ અને ત્રિવેદીસાહેબ મને નાદાન ગણી મારી હાજરીને અવગણી વાત કરતા. તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે સ્વામીશ્રી હાલ હરિપ્રસાદદાસ વગેરે સંસ્થા છોડીને ચાલ્યા ગયેલા સાધુઓને મળવા જ જઈ

રહ્યા છે. આથી મારી મૂંઝવણ ઓર વધી ગઈ. એમ કે એ લોકો સ્વામીશ્રીને કાંઈ કરી તો નહીં બેસે ને ! ૧૯૬૫, વિદ્યાનગરમાં જન્મજયંતી પ્રસંગે હાલના આપણા છાત્રાલયમાં તેઓનો મુકામ હતો તેમાં હું એક વાર બૂરી રીતે સપડાઈ ગયો હતો, ત્યારે તેઓએ મને ખૂબ હેરાન કરેલો. આ સ્મરણથી મારી બીકમાં વધારો થયો. સ્વામીશ્રીને આ લોકો કંઈક કરી બેસે તો ? એ વાતનો મને ડર હતો. તેમાંય સ્વામીશ્રી એકલા અટૂલા અને તેમના જ સ્થળ - સોખડા જાય તો શું થશે? ગાડી રાજકોટ મૂકી અમદાવાદ રોડ પર દોડવા લાગી એટલે મનમાં નક્કી થઈ ગયું કે સોખડા જ જવાનું છે. પણ ત્યાં તો હાઈવે ઉપર કોહિનૂર પેપર મિલના એક આંબાવાડિયામાં ગાડી વળી ગઈ. સામે જ બે સાધુ દેખાયા. મારું બાળમાનસ હવે મૃત્યુ કરતાં ઓછા કોઈ અનિષ્ટની કલ્પના કરી શક્તું જ નહોતું અને સ્વામીશ્રીને કાંઈ પણ થાય તો લોકો મને કહેશે, 'તું શા માટે સાથે ગયો?' તો હું શું મોઢું દેખાડીશ? મારું મંથન મને થકવી નાખતું હતું.

ગાડી ઊભી રહી. આજે સ્વામીશ્રીને એકાદશીનો નિર્જળા ઉપવાસ હતો.

પેલા બે જણ કેરી જમતા હતા. બેમાંથી એકે સ્વામીશ્રીને પણ કેરી જમવા કહ્યું! પણ સ્વામીશ્રીએ નિર્જળા એકાદશીનો ઉપવાસ હોવાનું કહી ના પાડી. મને નાનો સાધુ ગણાવી આગ્રહ કરવા જતા હતા પણ સ્વામીશ્રીએ જ વાત કરી કે 'તેને પણ ઉપવાસ છે.'

સ્વામીશ્રી ચર્ચા પતાવી તરત પાછા વળવા માગતા હતા પણ થયું એવું કે સોખડાથી બે કાર નીકળી. એકમાં સોખડાના સરપંચ સાથે બે સાધુ હરિપ્રસાદદાસ તેમજ માધવજીવનદાસ, તેમની બીજી ગાડીમાં મુકુંદજીવનદાસ, અક્ષરવિહારીદાસ વગેરે પાંચ જણ નીકળ્યા. અમદાવાદ સુધી તો બન્ને ગાડી સાથે હતી પણ વચ્ચે બીજી કાર બગડતાં તે પાછળ રહી ગઈ. વાતની વિગત તેમની પાસે હોવાથી હરિપ્રસાદદાસ વાત કરવાનું ટાળતા હતા. સ્વામીશ્રી પણ બીજી કારની રાહ જોવામાં એક કલાક બેસી રહ્યા. છેવટે સ્વામીશ્રીએ જ કહ્યું, 'વધુ મોડું કરવાની જરૂર નથી. બીજી ગાડી તો આવે કે ન આવે તમારે જે વાત કરવાની હોય તે કરી લઈએ.'

આશરે ૮×૧૦ના કાચી માટીના ઝૂંપડા જેવા ઓરડામાં સૌ બેઠા હતા. હું પણ અત્યાર સુધી તો સાથે જ હતો પણ સ્વામીશ્રીએ જ સામેથી મને

કહ્યું, 'જાવ, તમે થોડીવાર બહાર ચોકમાં રહેજો. અમે વાત કરી લઈએ!' મારો નિર્ણય હતો કે સ્વામીશ્રીથી એક મિનિટ પણ વિખૂટા ન પડવું. સ્વામીશ્રીની આજ્ઞા થતાં સામે અનિચ્છા દર્શાવવાની મારી હિંમત નહોતી. એમની સાથે મને બોલતાં ય સંકોચ થતો! છતાં મેં આજ્ઞા પાળવામાં વિલંબનીતિ અપનાવી, એટલે હકાબાપુએ મને અબુધ ગણી બેસી રહેવા દેવા કહ્યું, પણ સ્વામીશ્રી જાણતા હતા કે હું આ વાતમાં થોડું થોડું સમજું છું. ને જે કદાચ ન સમજાય તે સાંભળું, ને ગોંડલ જઈને કોઈને કહું તો તકલીફ થાય. આ ગણતરીથી પુનઃ સ્વામીશ્રીએ માથે હાથ મૂકી લાડપૂર્વક બહાર જવા કહ્યું, એટલે ન છૂટકે હું બહાર ગયો. પણ સદ્‌ભાગ્યે સ્વામીશ્રીની બરાબર પાછળ એક નાનું જાળિયું હતું ત્યાં સ્વામીશ્રી પણ ન જાણે તે રીતે લપાઈને હું બેસી ગયો. વાતો પૂરેપૂરી સાંભળવા મળી.

સ્વામીશ્રીએ મુંબઈમાં હરિપ્રસાદદાસને જ સમજાવેલા તે વાત યાદ કરાવતાં શાંતિપૂર્વક કહ્યું કે 'મેં ત્યારે જ તમને કહ્યું હતું કે અત્યારે સમજીને પાછા આવી જાઓ. એક વાર ટ્રસ્ટીઓ નિર્ણય લઈ લેશે પછી તમને પસ્તાવો થશે.' આ પછી સ્વામીશ્રીએ તેમને યોગીજી મહારાજની મરજીમાં રહેવાથી જ સુખ - શાંતિ થશે તે વાતો સમજાવી. વાતવાતમાં વીસેક મિનિટ થઈ ગઈ. બીજી ગાડીની રાહ જોઈ આપેલો સમય પૂરો થઈ ગયો હતો. સ્વામીશ્રી નીકળવા તૈયાર થયા. રાતના ઘણું જ મોડું થઈ ગયું હતું.

આ બાજુ ગોંડળમાં સ્વામીશ્રીની ખૂબ શોધખોળ થઈ રહી હતી. સ્વામીશ્રી ગુરુકુળની સભામાં નહોતા. મંદિરમાં પણ નહોતા. કદાચ ફોન કરવા ગયા હોય તેમ વિચારી સૌએ ગોંડલ ગામમાં તપાસ કરી. ક્યાંય ન મળ્યા. આખા મંદિરમાં માત્ર બે જ વ્યક્તિને જાણ હતી : એક યોગીજી મહારાજ અને બીજા રસિકભાઈ સેક્રેટરી. તેઓને પૂછ્યું તો તેઓ પણ અજાણ બન્યા.

રાજકોટમાં જ્યાં જ્યાં શક્યતા હતી ત્યાં બધે જ લાઇટનીંગ કોલ કર્યા, પણ કોઈ પત્તો નહીં. જો સ્વામીશ્રી સોખડા જતા હોય તો લીંબડી રસ્તે જ રોકી લેવા જણાવ્યું. અમદાવાદ પણ ફોન કર્યા. પણ દરેક જગ્યાએથી નિરાશા! જોડમાં કોણ ગયું છે એ તપાસ કરતાં જાણ થઈ કે ૧૪ વર્ષના નાના સાધુ (મને) લઈને ગયા છે. તેથી સૌને ચિંતા વિશેષ વધી ગઈ હતી.

રાત્રે ૧૧ ઉપર સમય થયો હતો. મંદિરના મુખ્ય તમામ સંતો જાગતા હતા અને સભામંડપના પગથિયે બેસી દરવાજા તરફ નજર માંડી કલ્પનાના ઘોડા દોડાવી રહ્યા હતા. એટલામાં ગાડીની લાઈટો દેખાતાં અદ્ધર શ્વાસે, વિસ્મયના ઉદ્‌ગારો સાથે સૌ ચોકમાં આવી ગયા.

આ બાજુ રાજકોટથી નીકળ્યા બાદ ગોંડલનો રસ્તો પકડ્યો એટલે મને હાશ થઈ. સ્વામીશ્રીએ પણ જાણે મને સ્મૃતિ-સુખ આપવા મારા જ વિષયમાં વાતો ઉપાડી.

સ્વામીશ્રી કહે : 'આને સંસ્કૃત ભણવાની ઇચ્છા થઈ છે. દેવની (દેવપ્રસાદ સ્વામીની) તો મોકલવાની ઇચ્છા નહોતી પણ હોંશિયાર છે, તેથી અમને થયું કે ભલે વિદ્વાન્ થાય તો સંપ્રદાયની સેવા થાય. પછી ધીરે રહીને કહે : 'આપણે ગોંડળ પાછા જઈએ ત્યારે કોઈને કહેવું નહીં કે કયાં ગયા હતા ને કોને મળ્યા હતા ! શું વાત થઈ હતી !' આ વાત ચર્ચાનો વિષય ન બને તેનો સ્વામીશ્રી સ્વયં ખટકો રાખતા.

જતી વેળાએ મારા મનમાં જે ચિંતા હતી. તેમાંની એક અંશ ભાર પણ અત્યારે નહોતી. વળી સ્વામીશ્રીએ સ્વયં ખૂબ હેત કરીને પોતાનો આત્મીય કરી લીધો હતો.

અમે ગોંડલ મંદિરના દ્વારમાં પ્રવેશ્યા ત્યારે સમય રાત્રિના અગિયારથી વધુ થયો હશે. સૌ સૂઈ ગયા હશે, તેથી પૂછપરછ કરશે તો પણ સવારે થશે એવી ધારણા હતી. પણ મુખ્ય મુખ્ય સંતો તો જાગતા જ બેઠા હતા. વીતેલા સાત કલાકમાં સ્વામીશ્રીને શોધવા સૌએ મહા મહેનત કરી હતી. બધું જ જાણવા છતાં ખુદ યોગીજી મહારાજ પણ આજે અજાણ્યા થયા હતા એટલું જ નહીં સૌની ચિંતામાં ભાગીદાર બનીને પોતે આરામમાં જતા સુધી સેવકોને પૂછતા રહ્યા કે 'પ્રમુખસ્વામીના કાંઈ સમાચાર આવ્યા?'

આ વાતને જાણનાર બીજા - સ્વામીશ્રીના ખૂબ જ નિકટના સ્નેહી અને વ્યવહાર કુશળ રસિકભાઈ સેક્રેટરી પણ અજાણ્યા થઈને વધુ ચિંતા કરનાર સંતોને સ્વામીશ્રીના મહિમાની વાત કહીને રોકતા હતા કે 'એ તો શાસ્ત્રીજી મહારાજનો કોડીલો લાલ છે. શાસ્ત્રીજી મહારાજ અખંડ તેમની રક્ષામાં છે. ઊની આંચ નહીં આવવા દે. પોતે જ ક્યાંક ગયા હશે. આપણે પ્રાર્થના કરીને સૂઈ જાઓ. સવાર સુધીમાં આવી જશે.' આ વાત સાંભળી સૌને શંકા થતી કે

'શું રસિકભાઈ જાણતા હશે? પણ ના. કોઈપણ અગત્યની મિટિંગમાં રસિકભાઈ સ્વામીશ્રીની સાથે હોય જ.' આ તર્કથી શંકા નિર્મૂળ થઈ જતી હતી.

ગાડી ઊભી રહેતાં જ સંતો આવી ગયા. સ્વામીશ્રી વાતાવરણ પામી ગયા કે પોતાના તરફથી અપેક્ષિત જવાબો નહીં મળે તેથી બધા મને જ પકડશે. તેથી કહે : 'ગાડી ઊભી રહે કે તુરત કેરીનો ટોપલો ડીકિમાંથી લઈને માથે ઉપાડી કોઠારમાં મૂકવા જતા રહેવાનું. પછી ધીરેથી ટોપલો કોઠાર પાસે મૂકી તે જ દાદરેથી ઉપર યોગી આશ્રમમાં જઈ કોઈ ખૂણો શોધી સૂઈ જવાનું.'

મને પણ આ ઉપાય ગમ્યો. પણ હું કોઠારમાં પહોંચું તે પહેલા ચાર-પાંચ સંતોએ મને ઘેરી લીધો. ટોપલો કોઠારમાં પહોંચાડવાના બહાને મેં ગલ્લાં તલ્લાં કર્યાં પણ તે કામ ન લાગ્યા. ટોપલો માથેથી આપોઆપ ઊંચકાઈને જ્યાં પહોંચાડવાનો હતો ત્યાં પહોંચી ગયો. મારા ઉપર પ્રશ્નોની ઝડી વરસવા લાગી : 'ક્યાં ગયા હતા ? કોણ કોણ લઈ ગયું હતું ? કોને કોને મળ્યા ? શું વાત થઈ ?'

નક્કી કર્યા મુજબ મેં વાત છુપાવવા પ્રયત્ન કર્યો. વાતો તો છુપાવી શક્યો પણ પ્રયત્નને છુપાવી ન શક્યો. આથી સિદ્ધેશ્વર સ્વામીને ખ્યાલ આવી ગયો કે 'પોપટ પઢાવેલો લાગે છે, તે આમ નહિ માને.' તેથી મને ઊંચકીને ધર્મશાળા પાછળ બગીચામાં લઈ ગયા. અન્યને પાછળ આવતા રોકી રાખ્યા. મને ૧૫-૨૦ મિનિટ સમજાવ્યો તેનો ભાવ એ હતો કે 'તેં ભયંકર મોટી ભૂલ કરી છે. તને જાણ થઈ ત્યારે કેમ અમને કહેવા ન આવ્યો ? માટે બધી જ વાત જેમ છે તેમ કહી દે.' છેવટે મેં બધી વાત કરી દીધી. અને કહ્યું, 'મેં આ વાત કરી છે એ ખબર સ્વામીશ્રીને ન પડવી જોઈએ !' એ ખાત્રી મેળવી અથથી ઇતિ બધી જ વાત મેં કહી દીધી.

પછી રોજના સ્થાને સભામંડપ ઉપર સ્વામીશ્રીના ઓરડા બહાર અગાશીમાં સૂવા ગયો.

હવે સંતો સ્વામીશ્રીને સ્નેહભીનો ઠપકો આપી ફરી કદી આવું જોખમ ન ખેડવું તેમ કહેવા માગતા હતા, તેઓ અત્યારે જ સ્વામીશ્રીની રૂમમાં પહોંચી ગયા. અજાણ્યા થઈને સ્વામીશ્રીને પૂછવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ વાત છુપાવવા કોશિશ તો કરી પણ સિદ્ધેશ્વર સ્વામી મારા દ્વારા બધું જાણી ચૂક્યા

હતા, તેથી સ્વામીશ્રીએ જ બધી જ વાત જણાવી.

સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'આપે આવું જોખમ ન લેવું જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજ તથા રસિકભાઈને ખબર હતી. પેલા લોકો ઘણા વખતથી યોગીજી મહારાજને મળવા અવારનવાર સંદેશાઓ મોકલતા. પણ યોગીજી મહારાજની ઇચ્છા નહોતી. છેવટે હું એક વાર મળી લઉં એવી યોગીજી મહારાજની આજ્ઞા હતી. તેમની આજ્ઞા હોય પછી બીજું કાંઈ વિચારવાનું જ ન હોય. બીજાને જણાવવાથી તો બધા ના જ પાડે. જવા ન જ દે એટલે નક્કી કર્યું કે કોઈને વાત ન કરવી.'

સવારે શણગાર આરતીમાં નિજમંદિરમાં ઘનશ્યામ મહારાજ પાસે સ્વામીશ્રી મળ્યા. મને મનમાં બીક હતી કે સ્વામીશ્રીએ ના પાડવા છતાં હું બધું બોલી ચૂક્યો છું તે રખેને સ્વામીશ્રી કંઈક ઠપકો આપે, તે શંકાથી હું થોડો સંકોચ અનુભવતો હતો. પણ સ્વામીશ્રીએ જ સામેથી જરા ગમ્મતના મૂડમાં પૂછ્યું, 'કેમ! બરાબર છે ને ?' આ પછી આ અનુસંધાનમાં સ્વામીશ્રી ઘણીવાર મારી સાથે ગમ્મત કરી છે, અને પોતાની ખાનગી 'સ્પેશિયલ જોડ' તરીકે ઓળખાવી સુખ આપ્યું છે.

* * *

ગોંડળમાં યોગીજી મહારાજના અમૃત મહોત્સવ સમયે પાણી માટે જાત મહેનત કરી રાત-દિવસ જોયા વગર લોહીનું પાણી કરનાર સ્વામીશ્રીની ગુરુભક્તિના સાક્ષી થવાનું સદ્‌ભાગ્ય જે થોડા સંતોને પ્રાપ્ત થયેલું તેમાંનો હું એક છું.

બે-ત્રણ બોરીંગ નિષ્ફળ ગયા પછી દોઢેક કિ.મિ. દૂરના હાથિયોધરેથી પાઇપ લાઇન દ્વારા પાણી લાવી અક્ષરઘાટ ભરી હરિભક્તોના સ્નાન માટે વ્યવસ્થા કરવાની હતી. જે ઘણું મહેનતનું કામ હતું. આ સેવા સંતો રાતે રાતે કરતા. સ્વામીશ્રી પણ સાથે જ રહેતા ને સેવા કરતા. આથી સૌને સેવા કરવાનું વિશેષ બળ મળતું. ઘણી વાર તો સ્વામીશ્રી પણ કછોટોવાળી 'પકડપાના' ફેરવવા લાગી જતા. કોઈ વાર આરામ માટે પધારે ત્યારે રાતના બે વાગ્યા હોય. કોઈવાર ચાર વાગીને પ્રભાત પણ થઈ જતું !

'સત્તાથી સ્વભાવ વધે' એ સૂક્તિનો સ્વાનુકૂળ અર્થ કરી આપણે ઘણીવાર છૂટછાટ લઈ લેતા હોઈએ છીએ. પરંતુ સ્વામીશ્રી તેમાં બાકાત છે. પાઈપ

ફીટિંગ ગોંડલી નદીને કિનારે કિનારે આશરે ૧ થી ૧। કિ.મિ. લાંબું હતું. તેની મરમ્મતમાં ઘણીવાર સંતોને જોડનો નિયમ રહેતો નહીં ! તેથી 'ચાલે છે' એ વિચારે આ નિયમમાં શિથિલતા પ્રવેશી રહી હતી. સ્વામીશ્રી આ બાબતમાં ખૂબ જ ચોક્કસ હતા. તેથી એમની જોડમાં ચાલવાનો લાભ મને પણ મળતો. રાત્રિનું અંધારું હોય કે ઉબડખાબડ કિનારે ખાડા ટપવાના હોય ત્યારે સ્વામીશ્રીની આંગળીનો સહારો અવશ્ય મળતો.

જોડમાં ચાલવાના નિયમમાં પોતે તો દૃઢ હતા જ, પણ કેટલાક સંતો ક્યારેક શિથિલતા ચલાવી લે છે એવી જાણ થતાં ખૂબ જ પ્રેમથી એ શિથિલતા દૂર કરાવી.

સેવા કરતા સંતો માટે ઘણી વાર પાણી-ઉકાળો-નાસ્તો કે ખૂટતો સામાન લેવા મંદિરે અવાર-નવાર દોડવું પડતું. આમ તો આ સેવામાં લાંબો સમય શ્રદ્ધા રહે તેમ નહોતું, પણ પૂર્વાશ્રમથી સાઈકલ ચલાવવાનો મને શોખ. તેમાં વળી અહીં એક સાઈકલ મળી ગઈ હતી. તેથી સેવા કરવામાંય ઉમંગ આવી ગયો. પણ સ્વામીશ્રીને આ વાતની જાણ થઈ તેથી મને પ્રેમથી સમજાવતાં કહે : 'સેવા કરવાની છે પણ નિયમમાં રહીને. સાઈકલમાં બીજું એવું ખોટું કાંઈ નથી પણ એમાં આપણી શોભા શું ? એકલા-જોડ વગર-રહેવાની ટેવ પડે, તેમાંથી બગાડ થાય.' પછી એક ઉપવાસ કરી નાખજે એટલે ફરીથી વિચાર ન આવે !'

આ વાતને બે દિવસ થઈ ગયા હતા. તેથી પુનઃ તેમની સાથે આંગળી પકડીને ચાલતાં ચાલતાં હાથિયે ધરે જતો હતો. રસ્તામાં સ્વામીશ્રીએ ધીરેથી પોતાની આંગળી છોડાવીને પોતાના બે હાથ જોડી દીધા. અને પોતાની આંખે અડાડીને કહે : 'માફ કરજે. તે દિવસે કહ્યું, ખોટું તો નથી લાગ્યું ને ? તને ઉપવાસ કરાવ્યો, તકલીફ પડી હશે !' હું તો વિચારમાં પડી ગયો કે આ શું ? ત્યાં તો સ્વામીશ્રી ગમ્મત કરાવવા લાગ્યા : ગઢડામાં કોઠારી તથા તારા ગુરુ-દેવનો મને ઠપકો મળશે કે 'મારા ચેલાને હેરાન કેમ કર્યો ?' પણ તને હેરાન કરવા નહિ-તારું ઘડતર કરવા-તારી સાથે હેત છે તેથી કહ્યું છે, તો રાજી રહેજે. દુઃખ ન લગાડતો.' જો કે દુઃખ લાગે તે રીતે સ્વામીશ્રીએ કાંઈ કહ્યું જ નહોતું. અને કહ્યું હોત તો પણ તેમનો અધિકાર હતો. છતાં આટલી નમ્રતા, આટલો વિવેક એ દર્શાવે છે કે નાનામાં નાની વ્યક્તિનું પણ દિલ તૂટે એ

એમને પોતાનું દિલ તૂટ્યા જેવું વસમું લાગે છે.

* * *

ધીર - ગંભીર જણાતા સ્વામીશ્રીમાં સમય આવ્યે બાળ-સહજ ગમ્મત કરવાની કળા પણ છે.

યોગીજી મહારાજના અમૃત મહોત્સવ પ્રસંગે ગોંડલ ગુરુકુળના પ્રાંગણમાં એક પ્રદર્શનની રચના કરવામાં આવી હતી. તેના નિરીક્ષણ માટે સ્વામીશ્રી મને જોડમાં લઈ ગયા. ઈશ્વરચરણ સ્વામી તેમને પ્રદર્શનની વિગત બારીકાઈથી સમજાવતા હતા ત્યારે નવરા બેઠા મને તુક્કો સૂઝ્યો. પ્રદર્શન મંડપના (Zigzeg) આંટીઘુંટીવાળા માર્ગોની લંબાઈ અને (ટર્નીંગ પોઈન્ટસ્) વળાંક મગજમાં યાદ રાખી આંખો બંધ કરી એક છેડેથી બીજે છેડે બહાર નીકળી જવાની રમત હું રમતો હતો. અચાનક સામેથી ખભા ઉપર વાંસ લઈને આવતા માણસના વાંસનો છેડો મને આંખની નીચેના ભાગમાં અથડાયો. લોહી નીકળવા લાગ્યું. ભગવાનની કૃપાથી આંખ તો બચી ગઈ હતી પણ થોડી વાર માટે અંધારાં આવી ગયાં. સ્વામીશ્રી તેમનું નિરીક્ષણ કાર્ય અધૂરું છોડી ત્યાં આવી ગયા. ઘાવ પાસે હાથ ફેરવી તપાસવા લાગ્યા આંખને કાંઈ ઈજા તો નથી થઈને ? એ ચકાસવા પોતાની આંગળી ૧-૨-૩ એમ દેખાડીને પૂછતા ગયા, ‘આ કેટલી આંગળી છે ?’ પછી મારી આંખ બચી ગઈ તેનો સંતોષ વ્યક્ત કરતાં મને હિંમત આપી કહ્યું : ‘મહારાજે રક્ષા કરી છે. આંખને કાંઈ નહીં થાય !’

બે-ત્રણ દિવસ બાદ ઘાવ તો રૂઝાવા લાગ્યો પણ આંખ નીચે બીજી આંખના આકારનું ચિહ્ન જોઈ સંતો ગમ્મત-મશ્કરી કરતા - એમ કે કેવી રમત સૂઝી.

એકવાર સ્વામીશ્રી પણ તેમાં ભળી ગયા અને ખૂબ હસ્યા. પછી કહે : ‘ત્રીજું લોચન જ્ઞાનનું પ્રતીક છે તો બરાબર ભણી જ્ઞાની થજે.’

આવી અનંત સ્મૃતિઓ છે, જેમાંથી એક અંજલિ એમના અમૃત મહોત્સવે અનંતઋણના સ્વીકાર સાથે અર્પણ કરીને પ્રાર્થું છું કે મહારાજના સુખે સુખિયા કરી અખંડ અંતરે રહેજો.

* * *

નારાયણપ્રસાદ સ્વામી

સુરત

અમદાવાદમાં શાહીબાગ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ૧૯૬૨માં ઉજવાયો હતો. અને યુવકમંડળના સભ્યો અનેક પ્રકારની સેવાઓમાં જોડાયા હતા. જેમાં મને સંડાસ - બાથરૂમ સાફ કરવાની તથા રસોડાનાં એંઠાં પતરાળાની લારી યોગ્ય સ્થળે ખાલી કરી આવવાની સેવા સોંપાઈ હતી.

ઉત્સવ રંગેચંગે પૂરો થયો. રાત્રે પણ હજારો માણસો જમ્યા. તે રાત્રે સંતોના ઉતારાની પાછળ આવેલા રસોડે એંઠવાડની લારી ચિક્કાર ભરાઈ ગઈ હતી. રાત્રે દસ-સવા દસનો સમય થયો હશે. હું લારી ખેંચીને ઢાળ ચડાવવા પ્રયત્ન કરતો હતો. જો એ ઢાળ ચડાવાય તો જ મુખ્ય કચરાપેટી સુધી પહોંચાય તેમ હતું. રાત્રે કોઈ મદદમાં પણ નહોતું. એવામાં સ્વામીશ્રી મિટિંગ પતાવીને એ બાજુથી નીકળ્યા. મને એકલાને મથતો જોઈ એકદમ દોડી આવ્યા અને એંઠાં પતરાળાંની લારીને ધક્કો મારી ઢાળ ચડાવી છેક સુધી લારી ખેંચવામાં મદદ કરી. લારી ખાલી થઈ ગઈ પછી પાછી યોગ્ય સ્થાને મૂકવા પણ સાથે ને સાથે આવ્યા! આટલી નાની સેવા મારા જેવા સામાન્ય યુવકની સાથે કરવામાં એમને ક્ષોભ કે સંકોચ નહીં, આનંદ ને ઉત્સાહ વરતાતા હતા!

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાથી સ્વામીશ્રી, સંત સ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણ સ્વામી વગેરે સંતો ૧૯૬૮માં કલકત્તા પધાર્યા હતા. તે સમયે હરિભક્તોની સંખ્યા બહુ સામાન્ય. તેથી કથા પછી કોઈવાર સ્વામીશ્રીને પધરામણીએ જવાનું ન હોય તો અમે બધા સંતો બેઠા હોઈએ. તેમાં સાથે બેસે. ગમ્મતો ચાલે ને ગોષ્ઠી પણ થાય.

એકવાર મેં થોડીક સમૂજ કરતાં કહ્યું : 'સ્વામી, આપ તો મોટા છો, ને સંસ્થાના પ્રમુખ છો, તોય કેમ લોકો આવતા નથી ?'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા, 'પ્રમુખની શી ગણતરી? લોકો પ્રમુખને

કોઈ સુંઘતા નથી. એ તો શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા જેવા પુરુષને લીધે મારી ને તારી શોભા છે! બાકી કોઈ ખીચડી (સીધું) આપે એમ નથી! આ તો યોગીબાપાની સાધુતાથી આ શેઠિયાઓ (કલકત્તાના વણિકો) આવે છે.'

'પણ સ્વામી, આપ પણ સાધુતાવાળા છો, સંત સ્વામી પણ એવા છે....' મેં દલીલ કરી.

સ્વામીશ્રીએ ફરી ભાવમાં આવીને કહ્યું : 'એ બધું ખરું, પણ યોગીબાપાના તો આપણે દાસ જ છીએ,'

સ્વામીશ્રીના નિર્માનીપણાનાં અને ગુરુભક્તિનાં મને આ પ્રથમ દર્શન હતાં.

* * *

તા. ૫-૫-૬૮ના રોજ અમારે કલકત્તાથી બનારસ જવા નીકળવાનું હતું. તેથી સાથે ભાથામાં લઈ જવા પૂરી વગેરે તૈયાર કરવાનું હતું. સામાન પૅક કરવાનો હતો, હરિભક્તોને મળવાનું હતું. સ્વામીશ્રી અને મોટેરા સંતોને તો સમય ખૂટે તેમ હતો. દેવચરણ સ્વામી અન્ય તૈયારીમાં રોકાયા હતા. હું પૂરી વણતો હતો. તેલ તૈયાર થઈ ગયું હતું પણ કોઈ તળનાર દેખાતો નહોતો. સ્વામીશ્રી આજ વખતે ત્યાંથી પસાર થયા. ક્ષણભરમાં પરિસ્થિતિ પારખી લીધી. ને કહે : 'લાવો, હું તળું!' એમ કહેતા જ મોટા સ્ટવ પાસે પડેલા એક કેરોસીનના ખાલી ડબ્બાને ઊંધો કરી તેની પર બેસીને પૂરી તળવા લાગ્યા! આટલી સામાન્ય ક્રિયા આટલા મહાન પદ ઉપર બિરાજ્યા છતાં એમને આજે પણ એટલી સહજ છે, કે એમની દિગંત્ વ્યાપી કીર્તિનો એમને રંચમાત્ર ભાર નથી! આ અસાધારણ નમ્રતા, સરળતા એ સ્વામીશ્રીનું જીવન છે.

આજ સમયે કલકત્તામાં મારા ચિત્રોનું પ્રદર્શન હતું. બંગાળના પ્રસિદ્ધ સાહિત્યકાર તારાશંકર બંદોપાધ્યાય આવવાના હતા. તે સમયે મારે પ્રદર્શનમાં જવા માટે કોઈ સંત જોડ માટે મળે નહીં. દરેકને કંઈકને કંઈક કામ, વળી સંતો પણ ઓછા. મને ભારે ઉદ્વેગ થતો હતો કે પ્રદર્શનમાં પહોંચી શકાશે નહીં. મારી વ્યગ્રતા સ્વામીશ્રીની નજરે ચડી ગઈ. સ્વામીશ્રી મને બોલાવીને કહે : 'ચાલો, હું તમારી જોડમાં આવું!' હું તો આ સરળતા જોઈ આભો બની ગયો, પ્રમુખસ્વામીને જોડમાં લઈ જવાય? મારી કલ્પનામાં

બેસતું ન હતું. છેવટે મહંત સ્વામી જોડમાં આવ્યા. આ પછી દોલતભાઈના ઘરે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીનો ઉતારો હતો ત્યાં તારાશંકર બંદોપાધ્યાયને હું દર્શને લાવ્યો. આ મેધાવી સાહિત્યકારે યોગીજી મહારાજનાં દર્શન કરતાં કહ્યું : 'આ રામકૃષ્ણ પરમહંસ જેવા તમારા ગુરુ ભગવાન જેવા સમર્થ દેખાય છે...' પછી સ્વામીશ્રીને જોઈને પણ તેઓ અભિભૂત થઈ ગયા. બંગાળી છાંટવાળી અંગ્રેજીમાં તેમણે કહ્યું : 'આ તો મેડીટેશન કરવા જેવા સંતપુરુષ છે!' પહેલેથી જ સ્વામીશ્રીનો પ્રભાવ ઢાંક્યો ઢંકાય તેવો નહોતો.

* * *

૧૯૭૦માં યોગીજી મહારાજ સાથે વિદેશયાત્રામાં મને લાભ મળ્યો હતો. લંડનમાં અમારો ઉતારો વેમ્બ્લી ખાતે ચિત્તરંજનભાઈ પટેલના ઘરે હતો. યોગીજી મહારાજ ડોલીસ હિલમાં અરવિંદભાઈ પટેલ(ગુરુ)ના ઘરે ઊતર્યા હતા. એક સવારે અમે યોગીબાપાના પગ દાબતા હતા ત્યારે યોગીજી મહારાજે અમારી ઉતારાની વાત પૂછવા માંડી, તેમાં અચાનક કહેવા લાગ્યા, 'પ્રમુખસ્વામીનાં ધોતિયાં ધૂઓ છો? એમનાં ધોતિયાં ધોઈ દેવાં. તે ગુરુ કહેવાય. શાસ્ત્રીજી મહારાજને ઠેકાણે છે. એમની સેવા કરવી. 'હમબી ડીચ' ન બનવું. આપણાથી ખૂબ મોટા છે.'

મેં કહ્યું : 'બાપા ! હું એમનાં ધોતિયાં ધોઈ નાંખું છું.'

આથી રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા, 'મહારાજ પંડે તેડવા આવશે!' પછી કહે : 'આ સેવા પછી નહીં મળે. માથાં ઘસવાં પડે, પ્રમુખસ્વામી હાથ નહીં જડે. તકે તક સેવા મળી છે. તમારે ભમલી ભરી લેવી...'

થોડી ક્ષણો મૌન વીતી ગઈ. પછી યોગીબાપા અચાનક બોલ્યા, 'મહારાજ-સ્વામી પ્રમુખસ્વામી દ્વારા આખા યુરોપમાં ડંકો મારશે... ન ભૂતો ન ભવિષ્યતિ એવું થશે... માટે નારણપ્રસાદ, બાળકબુદ્ધિ નો રાખવી..' આમ સ્વામીશ્રીનો અપાર મહિમા કહ્યો.

* * *

આ યાત્રા દરમ્યાન સ્વામીશ્રીની સરળતા, ગંભીરતા, ત્વરિત ક્રિયાશીલતા અનેક સ્થળે એકકલાવચ્છિન્ન પહોંચી વળવાની નિપુણતા તેનાં અનેકવાર દર્શન થતાં, એટલા સરળ કે યોગીબાપાની પૂજા પછી મોટેભાગે સીધા જ

રસોડે આવી જાય. પાથરણાં પાથરવા લાગે. પેપરડીસ અને વાડકીઓ મૂકવા માંડે. ઉકાળો ગરમ હોય તે ઠારવા પ્રયત્ન કરે. પોતે જમે નહીં. બીજાની વ્યવસ્થામાં પડી જાય. હું ક્યારેક એમને માટે જગ્યા કે વાડકી-પ્યાલાની ચિંતા કરતો હોઉં ત્યારે કહે : 'નારણપ્રસાદ, સાંભળો, તમારે મારી ચિંતા ન કરવી. આ અનુપમ ભગત પગે દાઝ્યા છે. તેમને જમાડો.. તેમને નવડાવો..કપડાં ધોઈ આપો.'

એકવાર આ દિવસોમાં એમણે પોતાની પ્રકૃતિ વિષે વાત કરતાં કહેલું, 'આપણે રાતના રાજા. મોડે સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ.'

સ્વામીશ્રીના આવા હેત ને કરુણાને કારણે જ એમની લોકોત્તર હોવા છતાં, એમના રોમ રોમમાંથી દિવ્યતા પ્રગટતી હોવા છતાં અમે વધુ ને વધુ આત્મબુદ્ધિથી જોડાતા ગયા હતા.

* * *

મહેળાવમાં યોગીજી મહારાજની સ્મૃતિમાં પારાયણ ચાલતી હતી. પૂર્ણાહુતિ દિનની વહેલી સવારે સ્વામીશ્રી મંદિરના ઉપરના માળે ઉતારામાં દાતણ કરી રહ્યા હતા. હું નીચે કોઈ કામ અંગે આવ્યો. ત્યાં એક વડીલને ઊભેલા જોયા, પૂછ્યું તો મને કહે : 'મારે અત્યારે જ સ્વામી પાસે જવું છે.'

મેં કારણ પૂછ્યું તો કહે : 'હું યોગીબાપા આગળ નિષ્કપટ ન થયો. મારે હવે સ્વામીને બધું કહેવું છે..'

હું તેમને લઈને ઉપર ગયો. સ્વામીશ્રીએ દાતણ કરતાં કરતાં તે વડીલની વ્યથા સાંભળી. તેમણે પણ ખુલ્લા દિલે જે ગુના કર્યા હતા, તે સ્વામીશ્રી પાસે કબૂલ્યા. સ્વામીશ્રી તેમના બરડે હાથ ફેરવતા જાય, વચ્ચે વચ્ચે બે શબ્દો બોલી આશ્વાસન-ધીરજ આપે... થોડી ક્ષણોમાં તો વડીલની તમામ મૂંઝવણ ટાળી નાખી. તેઓ અત્યંત ઉત્સાહમાં મારી પાસે આવી મારો આભાર માનવા લાગ્યા. મને કહે : 'યોગીબાપા આગળ મારે મારું હૃદય ખાલી કરવું હતું. મારાં છેલ્લાં ૫૦ વર્ષની મૂંઝવણ, બળતરા, હતાશા, મેં કરેલાં પાપોની વેદના કોને કહું? આજે સ્વામી પાસે બેઠો ને બધું દૂર થઈ ગયું.'

પછી કહે : 'યોગીબાપા ગયા જ નથી. એ તો જુવાન થઈને આવ્યા છે!' 'શાંતિ પમાડે તેને સંત કહીએ'. આ શબ્દો આ વડીલ માટે જ નહીં, હવે તો આખા વિશ્વ માટે સાર્થક ઠર્યા છે.

* * *

૧૯૭૧માં નડિયાદમાં સ્વામીશ્રીની ભવ્ય નગરયાત્રા અને સ્વાગત સભા હતી. નગરયાત્રા શરૂ થઈ. સ્વામીશ્રી ફ્લોટમાં બિરાજી ગયા હતા. સાંજે ચાર-સાડાચારનો સમય હતો. તડકાને કારણે સડકો તપી ગઈ હતી, મારી પાસે પગરખાં ન હતા, તેથી હું પગે દાઝતો હતો છતાં સાથે સાથે ચાલતો હતો. અચાનક સ્વામીશ્રીની દૃષ્ટિ મારા પર પડી. પગ ઉઘાડા જોયા એટલે ઉપર રહ્યા રહ્યા જ એમણે પોતાની મોજડી નીચે નાખી, ને મને કહે : 'પહેરી લે! ઉઘાડા પગે ન રહેવું. આંખો દઝાય, આંખોનું તેજ ઘટી જાય.'

મેં તો મોજડી પહેરી લીધી. મને શું ખબર કે એ સ્વામીશ્રીની પોતાની જ હશે? બેચાર મિનિટ પછી મને અણસાર આવ્યો કે આ તો સ્વામીશ્રીની મોજડી છે! એટલે તરત કાઢી નાખી. સ્વામીશ્રી ઉપર રહ્યા થકા જોઈ રહ્યા હતા. તેથી ફરી કહે : 'પહેરી લે! એ કાંઈ હાથમાં ઝાલવા આપી છે?'

છેવટે મેં એ તો ન જ પહેરી. પણ અમારી વચ્ચે ચાલતો વાર્તાલાપ એક યુવક જોઈ રહ્યો હતો. તેણે પોતાની સ્લીપર મને આપી, ત્યારે સ્વામીશ્રીને શાંતિ થઈ! આવી આત્મીયતા તો અનેક વખત અનેક પ્રસંગોમાં અનુભવાઈ છે!

* * *

સ્વામીશ્રી ખાનદેશ તરફ વિચરણમાં પધાર્યા હતા. તા. ૩૦-૧-૭૬ના રોજ સાકરે ગામમાં શાલિગ્રામ મગનભાઈ પાટીલને ત્યાં પહેલા માળે ઉતારો હતો. સ્વામીશ્રી મુલાકાતીઓને મળતા જતા હતા. ત્રણ ભાઈઓ દર્શને આવ્યા.

સ્વામીશ્રીએ નામ પૂછ્યા. તો એક કહે : 'નારાયણ પાટીલ.'

બીજો કહે : 'નારાયણ વિઠ્ઠલ પાટીલ.'

ત્રીજો કહે : 'નારાયણ ભાઉ પાટીલ.'

આ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'આ અમારી સાથે છે તે નારાયણ ભગત. આ બીજા બેઠા તે નારાયણ પ્રસાદ. ને હું નારાયણ સ્વરૂપ! આજે તો બધા નારાયણો ભેગા થયા છે તે મિટિંગ ભરશે ને પોતપોતાના બ્રહ્માંડની વાતો કરશે!' એમ રમૂજ કરાવી. ત્રણ નવાગંતુકોને આ સરળ-નિખાલસ વ્યક્તિત્વ એવું સ્પર્શી ગયું કે તરત નિયમો લીધા, વર્તમાન ધારણ કરાવ્યા ને આજે સારા સત્સંગીઓ પણ છે!

* * *

સ્વામીશ્રીએ મને સેલવાસના આદિવાસી વિસ્તારમાં વિચરણ કરવાની આજ્ઞા કરી. તે સમયે યોગીજી મહારાજે જ્યાં પગલાં કર્યાં હોય કે મંડળો શરૂ કરાવ્યાં હોય તેવાં પણ કેટલાંક કેન્દ્રો હતાં. સ્વામીશ્રીની આજ્ઞાથી અમે ૧૯૭૫થી ૧૯૭૯ સુધી દક્ષિણ ગુજરાતમાં ફર્યા. મોટાભાગનો આ જંગલ વિસ્તાર સોનગઢ(વ્યારા)થી દોણજા (વલસાડ) સુધીનો હતો. સેલવાસના પછાત વિસ્તારોનો પણ તેમાં સમાવેશ થઈ જતો.

સ્વામીશ્રી, અને સંતોના વિચરણથી સાંકરી, નવસારી, વ્યારા, ઉકાઈ, મઢી, કરચેલિયા, દોણજા, સેલવાસ, કોસંબા ભાગડા, રાન્ધ્રા વગેરે વિસ્તારોનાં નાનાં નાનાં ગામો સુધી સત્સંગ પહોંચ્યો અને કુલ ૨૧૨ ગામોમાં સંસ્કાર પ્રવૃત્તિ શરૂ થઈ.

સ્વામીશ્રી એકવાર ૧૯૭૯ના જુનમાં મહુવા તાલુકામાં વિચરણ કરી રહ્યા હતા. દેદવાસણ, ખારપા, ફૂલવાડી જેવાં તદ્દન પછાત આદિવાસી ગામોમાં પધારવાનું થતું. તે સમયે રસ્તા તૈયાર થઈ રહ્યા હતા. તેથી માટી, પથ્થર, કપચી, મૅટલ જેમ તેમ પડ્યું રહેતું, ક્યારેક તો ગાડી લઈ જવાની પણ મુશ્કેલી પડતી, કેમકે પંક્ચર પડી જવાનો સંપૂર્ણ ભય. જો ચાલવા માંડે તો દૂર દૂર આવેલાં ઝૂંપડાંઓ સુધી સમયમાં રહીને પહોંચી શકાય નહીં. અધૂરામાં પૂરું વરસાદ શરૂ થયો.

મેં કહ્યું : 'બાપા ! આપણે રહેવા દઈએ. અહીં તો બહુ તકલીફ પડે છે.'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા, 'ચાલવામાં ને વરસાદમાં કાંઈ ઘસાઈ નહીં જાઉં ! અહીં હરિભક્તો આવી વિકટ પરિસ્થિતિમાં રહે છે. તમે બધા સંતો મચ્છર, માંકડ, ચાંચડ, આવી ખાવા-પીવા-સૂવાની મુશ્કેલીમાં અહીં ફરો છો, તો મને શું વાંધો છે?'

અમે તો બોલતા જ બંધ થઈ ગયા. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય તે વર્ષોમાં એટલું તંદુરસ્ત હતું કે અમે જવાનિયા તેમની સાથે ચાલવામાં થાકી જતા... સાંજ પડે લોથ થઈ જવાતું. પણ સ્વામીશ્રીની સ્ફૂર્તિ, ઝડપ અને ખાસ તો હરિભક્તોને રાજી કરવા દેહ ઘસી નાખવાની ભાવના પ્રતિદિન વધતી જતી જોઈ છે.

અમે દલુભાઈ મદારીને ત્યાં પહોંચ્યા. તદ્દન કંગાલ હાલતના આ હરિભક્ત છેલ્લા એક વર્ષથી સંતોના સમાગમમાં આવ્યા બાદ દારૂ, માંસ,

હિંસા, ચોરી બંધ કરી તમામ રીતે શુદ્ધ થયા હતા. એમની એક માત્ર ઇચ્છા હતી કે સ્વામીશ્રી ઘરે પધારે. આ 'ઘર'ને ઘર કહેવાય કે કેમ તે એમના ઝૂંપડે પહોંચો ત્યારે ખ્યાલ આવે. અંધારિયા ઝૂંપડામાં સામાન વચ્ચે સ્વામીશ્રીને ક્યાં બેસાડવા તે મૂંઝવણને કારણે, તેમણે ભેંસની ગમાણ સાફ કરીને ગમાણની પાળી ઉપર આસન બનાવ્યું હતું. ભેંસને ખીલે બાંધવાના વાંકાંચૂકાં લાકડાં બે પથ્થરો પર ટેકવીને સંતોને તે લાકડાં પર બેસાડ્યા. પધરામણીનો વિધિ થયો. મેં દરેક આદિવાસી ભાઈની ઓળખાણ આપી. દલુભાઈ બધા જ અનાચારો છોડીને શુદ્ધ થયા છે એ વાત સાંભળી સ્વામીશ્રી એટલા બધા રાજી થયા કે તેમને અને સાથે આવેલા આદિવાસી સત્સંગી ભાઈઓને ભાવથી ભેટ્યા! છાતીએ લગાડ્યા. એમની આંખોમાંથી નીતરતી કરુણા, ભાવ અને આદિવાસીને ભેટતાં એમની સમદૃષ્ટિનો અહીં ત્રિવેણી સંગમ રચાયો હતો.

સ્વામીશ્રી કહે : 'ભલે ગરીબ છે. પણ દર્શનથી શાંતિ થાય તેવા છે. આમ પછાત કહેવાય, પણ આને કોણ પછાત કહે? સત્સંગી થયા, પવિત્ર થયા, આવાં ઘરોમાં-ઝૂંપડાંઓમાં એમની ભક્તિનાં-શાંતિનાં દર્શન થઈ ગયાં.'

પછી અમે સંતો હતા તે તરફ ફરીને દૂર સુધી પથરાયેલી વનરાજી, ગરીબોનાં દેખાતાં કૂબા જેવાં ઝૂંપડાંઓ, થોડે દૂર રમતાં નાના ગરીબ બાળકો તરફ દૃષ્ટિ કરતા સ્વામીશ્રી જાણે સ્વગત બોલતા હોય તેમ કહે : 'શ્રીજીમહારાજના વખતમાં ૫૦૦ પરમહંસો આવા ગરીબોની વચ્ચે જ રહ્યા છે.'

આ વિસ્તારોમાં સ્વામીશ્રી વરસતા વરસાદે, ઝૂંપડે ઝૂંપડે ને ગામો ગામ ફર્યા છે. સમયની કટોકટી વચ્ચે પણ એમણે આ તરફનાં ગામોના હરિભક્તોને પૂરો સંતોષ આપ્યો છે. એમણે વેઠેલો ભીડો સંભારતા આજે પણ આપણને કંપારી છૂટી જાય છે.

* * *

સ્વામીશ્રી અમિત ભગતને કહે : 'વાસણ ઘસવા નથી જતા?'

અમિત ભગત : 'કોઈકવાર જઈએ.'

સ્વામીશ્રી : 'ઇચ્છા નથી થતી ?'

અમિત ભગત : 'યુવકો ઘસે છે એટલે.'

સ્વામીશ્રી : 'આપણે જવું.'

અમિત ભગત : 'પણ ત્યાં મહિલામંડળ આવે છે.'

સ્વામીશ્રી : તો, ના જવું. પણ અંતરમાં સેવા કરવાની ઇચ્છા રાખવી. ભલે ત્યાગી થયા. મધ્યનું ૨૫મું વચનામૃત છે એ પ્રમાણે સેવાનું અંગ પાડી દેવું - તો સેવા થાય. વાંચવું, કથાવાર્તા, સેવા, એવાં અંગ પાડવાં. કથા સમયે કથા... સેવા સમયે સેવા... માતમ સ્વામી એકલા એકલા પણ વાંચે. સેવા ન હોય ત્યારે ગપ્પાં ન મારવાં. એવું ના કરવું. ચોપડી લઈને બેસવું. આપણે તો સાધુ છીએ ને! એવું અંગ છે?'

અમિત ભગત : 'બહુ નથી.'

સ્વામીશ્રી : અંગ પાડો હવે... ખટકો રાખશો તો પડશે, નહિ તો એવું ને એવું. સારામાં સારા સાધુ થવા આવ્યા છીએ. આપણને જોઈ સૌ રાજી થાય. મોળી વાત કરવી નહિ ને સાંભળવી નહિ. મોળા પડી જઈએ. બળ ભરી વાતો મુખે કરવી એમ યોગીબાપા કહેતા, એવું રાખજો. યોગીબાપા સાત સમેલિયા થવાનું કહેતા. શું? સેવામાં, કથામાં, ગામડે, કીર્તનમાં, ચોક વાળવામાં. ગાદીએ બેસી વાતો કરવી એવું નહિ. કોઈવાર વાસીદું વાળવાનું આવે તો વિચારમાં પડી જાય. લૂગડે ડાઘ પડવા ન દેવો એવું નહિ. મહિમાથી સેવા કરવી. કૃષ્ણ ભગવાને પણ સેવા કરેલી છે.'

* * *

તા. ૨૩-૪-૮૫, નવસારીમાં મૂર્તિપ્રતિષ્ઠાની તૈયારી ચાલતી હતી. આજે મૂર્તિઓની શોભાયાત્રા નીકળવાની હતી. બપોરે આરામમાં જતાં સેવાભાવી યુવકોને સ્વામીશ્રી કહે : 'બરોબર વ્યવસ્થા કરજો. ટ્રેલરમાં પવાલાં ભરી દેવાં - બરફ ન હોય તો મંગાવી લેજો - ગાળેલું ઠંડું પાણી બધાને પ્રેમથી પીવડાવજો - આપણી એ મોટી સેવા છે.'

બપોરે આરામ બાદ ઊઠ્યા ને સ્નાન કરવા જવું હતું પણ નગરયાત્રા આવી ગઈ એટલે સ્વામીશ્રીના ઉતારે જ ટ્રેક્ટરમાં સોફા ગોઠવેલ તેમાં બેસીને મૂર્તિની શોભાયાત્રા નિહાળી સૌને દર્શન આપ્યાં. તરત જ સભા શરૂ થઈ એટલે એમાં બેઠા. સભા પછી રૂમમાં આવતા હતા કારણ કે સંધ્યા આરતી થતી હતી. એવામાં એક સત્સંગી યુવક અમૃતલાલ સ્વામીશ્રીને કહે, 'મારે મળવું છે.' સ્વામીશ્રી આરતીમાં જવા તૈયાર થયેલા. તેથી કહે, 'મારે સમય નથી. ઊભા ઊભા જ પૂછી લો.' પછી તેની વાત સાંભળી. આરતી અષ્ટક પછી જહોનિસબર્ગવાળા મણિભાઈને ખાનગીમાં મળ્યા. બીજાને મળી ઠાકોરજી જમાડવા પધાર્યા. સભામાં જવાનો સમય થયો, તેથી સભામાં પધારી રાત્રે મિટિંગમાં બેઠા. એ પછી આચાર્યસ્વામીને કાચ વાગ્યો હતો તેથી હૉસ્પિટલમાં જોવા ગયા. ને રાત્રે ૧૧.૪૫ વાગે ઉતારે આવી સ્નાન કરવા ગયા!! આમ તો સ્વામીશ્રીને ઊઠીને તરત ૫ વાગે શૌચ વિધિ કરવા જવું હતું પરંતુ આરામમાંથી ઊઠ્યા ને શોભાયાત્રા આવી ગઈ. અને એ પછી તો એક મિનિટનો સમય રહ્યો નહીં! પોતાની દેહક્રિયા અને ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવને દાબીને વર્તવું સ્વામીશ્રીને ઘણું સહજ છે. આવા પ્રસંગો તો અવારનવાર બન્યા જ કરતા. એમણે સૌને રાજી કરવા દેહ સામું જોયું જ નથી. રાત્રે ૧૨ વાગે સ્નાન કરવાનો મેળ પડ્યો.

* * *

તા. ૨૪-૪-૮૫ નવસારીથી સાંજે કુરેલ પધાર્યા. ઠાકોરજી જમાડીને સભામાં આવ્યા. સભામાં પત્રલેખન કર્યું. ડૉક્ટર સ્વામીના પ્રવચનમાં સ્વામીશ્રી ખૂબ હસ્યા હતા. સભા બાદ ચેષ્ટા પછી ડાહ્યાભાઈના નવા મકાનમાં ઉતારે આવ્યા. આરામમાં પધાર્યા. સંતો પગ દાબતા હતા. રજાઈ ધૂળવાળી હતી. એક સંત તે સાફ કરતા હતા.

સ્વામીશ્રી કહે : 'શું કરો છો? ધૂળ લાગે છે?'

સંત કહે : 'હા, સાફ કરું છું.'

સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'શરીર ધૂળનું જ છે!'

તેઓની આ દૃષ્ટિનો અનુભવ એ જ રાત્રે થયો. રાત્રે ઠંડી ઘણી હતી. સ્વામીશ્રી પાસે ઓઢવાનું મર્યાદિત હતું. પણ કાંઈ બોલ્યા વિના સૂઈ રહ્યા. ઊંઘમાં ને ઊંઘમાં બાજુમાં પડેલી મચ્છરદાની ઓઢી હતી. સવારે પાંચ વાગી ગયા. સેવકે આ જોયું. પૂછ્યું 'ઠંડી લાગે છે ?' પછી ઓઢાડ્યું ત્યારે ઊંઘ આવી! શરીર ધૂળનું માનીને એમણે જાતે ક્યારેય દેહની ચિંતા કરી જ નથી.

* * *

તા. ૮-૫-૮૫ સવારે બદલપુર પધાર્યા. હરિભાઈને ઘરે ઉકાળાપાણી કરતા હતા. હરિભાઈના નાના પુત્રને સ્વામીશ્રીએ આખી કેરી પ્રસાદીની આપી.

ઉકાળાપાણી બાદ હરિભાઈ એક ભાઈને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. તે ભાઈને અગાઉ સ્વામીશ્રીએ વ્યસન મુકાવેલું પણ તેમણે ફરી વ્યસન શરૂ કરી દીધું હતું. આ વાત હરિભાઈએ કરી.

સ્વામીશ્રી તેને કહે : 'અલ્યા, મૂકી દે. મરી જઈશ, તને સાચું કહું છું! તારે સુખી થવું હોય તો આ મૂકી દે. વિચાર કરી લે. તારા સારા માટે છે!' પ્રેમ અને કડકાઈનું એ સુંદર સુમેળ એમની વાણીમાં હતું કે એ ભાઈએ ફરીથી ક્યારેય વ્યસન ન કરવા ફરી પ્રતિજ્ઞા કરી.

* * *

૧૩-૫-૮૫, અમદાવાદ, સવારે ઉકાળાપાણી બાદ અનામત આંદોલનની વર્તમાન પરિસ્થિતિના સમાચાર સંતોએ આપ્યા. વાત સાંભળી સ્વામીશ્રી કહે : 'આપણે કોઈના અવગુણ-દોષ જોવા નહિ. જાણતા હોય તો પણ કોઈને કહેવાની જરૂર નથી. એમાંથી પક્ષાપક્ષી બંધાય. અંદરોઅંદર પણ એ વાત ન કરવી. આપણે તો શાંતિ થાય તે માટે મહારાજને પ્રાર્થના કરવી. માળા ફેરવવી. બધાની બુદ્ધિ સારી થાય ને શાંતિ થાય. કોઈ પણ હરિભક્ત વાત કરવા આવે તો કહેવું એ વાત અહીં ન કરશો. માળા કરો. ભજન કરો.'

* * *

સ્વામીશ્રી સારંગપુરમાં વિરાજ્યા હતા. જળઝીલણીનો ઉત્સવ હતો તેથી હું પણ દર્શને આવ્યો હતો. મારી ઉંમર તે સમયે પંદરેક વર્ષની. સ્વામીશ્રી દેરીએ પ્રદક્ષિણા કરવા પધાર્યા ત્યારે મેં સંતોએ શીખવેલાં બે પદો ગાયાં : 'આવા ને આવા રે...' અને 'રે સગપણ હરિવરનું સાચું...' સ્વામીશ્રીએ ચાલુ પ્રદક્ષિણાએ દૃષ્ટિ કરી લીધી હતી. તેથી હું પણ આનંદમાં હતો.

પ્રદક્ષિણા પૂરી કરી સ્વામીશ્રી મંદિરે જવા નીકળ્યા ત્યાં રસ્તે જ મારું કાંડું પકડી લીધું. અને કહે : 'બહુ સારું ભજન શિખવાડ્યું છે.' પછી અચાનક જ પૂછ્યું : 'તમારે સગપણ કરવું છે ?'

મેં જરા ક્ષોભ પામતાં કહ્યું : 'અમારી જ્ઞાતિમાં આટલું વહેલું ન હોય...'

સ્વામીશ્રીને લૌકિક સગપણ અભિપ્રેત ન હોય તેની તે સમયે મને શી ખબર પડે ? તેઓ એકદમ હસી પડ્યા, ને કહે : 'દુનિયાનું નહીં, હરિવર સાથે (સગપણ કરવાની) વાત છે !'

હું સમજ્યો, સ્વામીશ્રી સાધુ થવા અંગે પૂછી રહ્યા છે. મેં સ્પષ્ટતા કરી : 'બાપા ! વંશ પરંપરાથી બધા શિવજીના ઉપાસક છે. તે હા નહીં પાડે.' સ્વામીશ્રીએ ખભો થાબડતાં આશીર્વાદ ઉચ્ચાર્યા, 'વાત કરજો. મહારાજ અનુકૂળ કરી આપશે !'

આ રોમાંચક પળો માણવા ન મળી હોત તો ક્યારેય ત્યાગી થવાનો સંકલ્પ ન ઊઠ્યો હોત.

* * *

૧૯૭૩, અમારે દિવાળીનું વૅકેશન હતું. સ્વામીશ્રી સાથે ખેડા જિલ્લાનાં ગામોમાં ફરતા અમે લીંબાસી આવ્યા. પ્રાતઃકાળે સ્વામીશ્રી દાતણ કરતા હતા ત્યારે હું પણ ત્યાં જ હતો. મેં સેવક પ્રગટ ભગતને કહેલું કે

સ્વામીશ્રીનું પ્રસાદીભૂત દાતણ મને આપજો.

સ્વામીશ્રી દાતણ કરી રહ્યા પછી ધોઈને પ્રગટ ભગતને આપ્યું કે જેથી તેઓ નાખી દે. પણ તેમણે મેં માગેલું તેથી મને આપી દીધું. સ્વામીશ્રી આ જોઈને અકળાયા. મને કહે : 'ફેંકી દે, ફેંકી દે. આવાં લાકડાં ભેગાં કર્યે સત્સંગમાં ન ટકાય. સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરીએ તો જ સત્સંગમાં સુખ આવે, એ સિવાય ગમે તેટલી પ્રસાદીની વસ્તુઓ ભેગી કરવાથી શાંતિ નહીં થાય...'

એમની રુચિ અને સિદ્ધાંત બંને આ પ્રસંગમાં સ્પષ્ટ થઈ ગયા.

* * *

૧૯૭૫માં યોગીજી મહારાજના સમાધિસ્થાને ગોંડળમાં ચરણારવિંદની પ્રતિષ્ઠા હતી. અમને ભાગવતી દીક્ષા અપાઈ. પ્રતિષ્ઠાની વેદોક્ત વિધિ ચાલવા લાગી. હરિભક્તો વિરાટ સંખ્યામાં લાભ લઈ રહ્યા હતા. સ્વામીશ્રી વિધિ કરતાં બિરાજમાન હતા. એવામાં ગોંડળના મહારાજા જ્યોતિબાપુ આવી પહોંચ્યા. એમના અચાનક આગમનથી તેમને ક્યાં બેસાડવા તે પ્રશ્ન થઈ ગયો. સાથે આવેલા હકાબાપુ આકળા થઈ ગયા હતા. સંતો પણ મૂંઝવણમાં હતા. સ્વામીશ્રીએ પળમાત્રમાં પરિસ્થિતિ પારખી અને પોતાની ગાદી પર થોડા બાજુ પર ખસતાં જગ્યા કરીને કહે : 'આવો બાપુ !'

આખી વિધિ દરમ્યાન બંને એક જ આસને બેઠા ! સ્વામીશ્રીની આ સરળતા, નમ્રતા અને અહંશૂન્યતાએ જ અનેક હૃદયોને ઘાયલ કરી મૂક્યા છેને !

* * *

૧૯૭૭માં ભક્તિ સંગીતના કાર્યક્રમો માટે સ્વામીશ્રીએ અમને પૂર્વ આફ્રિકા તેડાવ્યા હતા. એકવાર ટાન્ઝાનિયામાં મ્વાન્ઝા ખાતે મોટા હૉલમાં જાહેર કીર્તનભક્તિનો કાર્યક્રમ થયો. તેમાં મેં 'ખોળો બાપાનો અમે ખૂંદતા રે લોલ' એ કીર્તન ગાયું. કાર્યક્રમ પછી સંતો ઉતારે જવા નીકળતા હતા તેમાં હું પણ બહાર નીકળ્યો ત્યારે સ્વામીશ્રીની છેલ્લી કાર ઉપડતી હતી. હું એકલો જ હતો. તેથી સ્વામીશ્રીએ નજીક બોલાવ્યો અને પોતે કારનું બારણું ખોલી અંદર ખસતાં કહે : 'અહીં મારી પાસે બેસી જા, અંદર આવતો રહે...'

પૂરતી જગ્યા હતી નહીં, તેથી મેં કહ્યું : 'બાપા ! આપને ભીડો પડશે.'

સ્વામીશ્રી કહે : 'હમણાં ગાતો હતો ને, 'ખોળો બાપાનો અમે ખૂંદતા'... અત્યારે ખુંદાવું છું, તો ભીડાની વાત કરે છે...'

એમ કહેતાં પોતાની બાજુમાં જ બેસાડ્યો. પછી પ્રેમથી કહે : 'આવાં કીર્તન આપણી સત્સંગ સભામાં ગવાય. જાહેરમાં બીજા માણસો 'ખોળો બાપાનો...' એમાં શું સમજે ?'

સ્નેહ પછી સિદ્ધાંત કહેવાની એમની રીતનો ઘણીવાર અનુભવ થયો છે.

સ્વામીશ્રી સાથે અમે લુસાકાથી દારેસલામ પહોંચ્યા ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. ઝામ્બિયાથી જ પ્લેન દોઢ કલાક મોડું પડ્યું હતું, તેથી સંતો પણ કંટાળ્યા હતા. ઍરપૉર્ટથી સીધા જ મંદિરે પહોંચ્યા, ત્યાં સ્વાગતસભા શરૂ થઈ. પ્રવચનો ચાલુ થયાં એટલે ઠાકોરજી અને રસોડાની સેવા માટે બે સંતો ઉતારે જવા તૈયાર થયા. એક સંત સ્નાન માટે જવા ઊઠ્યા. આ જોઈ અન્ય ચાર-પાંચ સંતો પણ ઉતારે આવવા ઊભા થઈ ગયા. સ્વામીશ્રી પત્ર લખતાં આ બધું જોઈ રહ્યા હતા.

એ રાત્રે ચેષ્ટા બાદ અમે સૌ સ્વામીશ્રીના રૂમમાં ચરણસેવા માટે ગયા, ત્યારે સ્વામીશ્રીએ ખૂબ પુણ્ય પ્રકોપ ઠાલવ્યો, 'બધાએ ઊભા થઈને નીકળી જવાની શું જરૂર હતી ? ચાલુ સભાએ ઊભા થવાય જ નહીં, રસોઈવાળા અને પૂજારીની વાત જુદી છે. પણ બીજા જતા રહે તો અહીં આવ્યા છીએ શું કરવા ?' એમ ઘણો ઠપકો આપ્યો.

એ પછી કિસુમુમાં કાર્યક્રમ ગોઠવાયો. સ્વામીશ્રી બપોરે ચાર વાગ્યા પછી પધરામણીએ જવા નીકળી ગયા. અમે એમની આજ્ઞા પ્રમાણે સનાતન હૉલમાં કથા શરૂ કરી. સ્વામીશ્રી પણ ટૂંક સમયમાં સભામાં પધાર્યા. પછી અમારે ઉતારે જવું જરૂરી હતું. કારણ કે આજે રાત્રે થનારાં કીર્તન-આરાધનાના ભવ્ય કાર્યક્રમના વાજિંત્રોનું ટ્યુનિંગ બાકી હતું. કીર્તનોની યાદી ફાઈનલ કરવાની હતી. પણ અમે ચારે સંતો ઊભા થતાં સંકોચ પામતા હતા. કારણ કે દારેસલામમાં સ્વામીશ્રીએ ઠપકો આપેલો એ પ્રસંગ તાજો જ હતો. છેવટે બધાના આગ્રહથી યોગીચરણ સ્વામી હિંમત કરીને પૂછવા ગયા. સ્વામીશ્રીએ તરત જ સંમતિ આપી દીધી.

એ રાત્રે સંતમંડળે એવા ભક્તિભાવથી કાર્યક્રમ આપ્યો કે કિસુમુની

સમગ્ર ભારતીય જનતા આનંદથી નાચી ઊઠી. એ રાત્રે સ્વામીશ્રીની ચરણસેવા વખતે વાત નીકળી કે આજે આપને પૂછવામાં કેટલો ફફડાટ થયો હતો ! સ્વામીશ્રી આ સાંભળી ગળગળા થઈ ગયા. કહે : ‘ભઈ, તે દિવસની વાત જુદી હતી, ને આજનો પ્રસંગ જુદો હતો. એક લાકડીએ બધું ન હંકારાય !’ પછી ધીમે ધીમે કહેવા લાગ્યા, ‘શાસ્ત્રીજી મહારાજે મારા પર એવી દૃષ્ટિ કરી છે કે સમય પારખતા આવડે. લાખ માણસનો સમૈયો હોય ને મને તાર-ટપાલ કે ફોનથી કોઈ માહિતી ન હોય. પણ સમૈયા પહેલાં અડધો કલાક વહેલો પહોંચું તો બધો ખ્યાલ આવી જાય કે ક્યાં વ્યવસ્થા છે, ને ક્યાં અવ્યવસ્થા છે. ક્યાં ખોટી કરકસર છે, અને ક્યાં ખોટો ખર્ચ છે.’ સ્વામીશ્રીએ આ પ્રસંગને નિમિત્ત બનાવી પોતાની આયોજન ક્ષમતાનો અંદાજ પોતાના જ શબ્દોમાં આપ્યો. વ્યવહાર અને મોક્ષ બંને રીતિ ગુણાતીત સંત વિના ક્યાં સંભવે ?

* * *

૧૯૭૭, કિસુમુથી પધરામણીઓ કરી સ્વામીશ્રી મિવાની સુગર ફૅક્ટરીમાં પધાર્યા. અઢી-ત્રણ કલાકના સતત પરિશ્રમ પછી મિલના રિસેપ્શન હૉલમાં શાંતિથી બિરાજ્યા. મુખ પર થાક વર્તાતો હતો. વળી કોઈ જગ્યાએ પાણી પણ પીધું નહોતું. તેથી મેં ઠાકોરજીને પાણી ધરાવી સ્વામીશ્રીને ધર્યું. પરંતુ પધરામણીમાં કુંકુવાળા થયેલા હાથ ધોવાની સ્વામીશ્રીની ઇચ્છા હતી. મેં તરત જ એક મોટો વાટકો ધર્યો, જેમાં સ્વામીશ્રી હાથ ધોઈ શકે પછી ગ્લાસનાં પાણીથી હાથ ધોવરાવવા ગયો. સ્વામીશ્રીએ એકદમ હાથ સંકોરી લીધા. હું સમજ્યો કે સ્વામીશ્રી ગમ્મત કરે છે, તેથી બમણા ઉત્સાહથી નજીક ગયો.

સ્વામીશ્રી કહે : ‘કૃષ્ણપ્રિય ! તારા ગ્લાસમાં ઠાકોરજીનું પ્રસાદીનું પાણી છે. તેનાથી હાથ ન ધોવાય. બીજું પાણી લઈ આવો.’ પરાભક્તિનો આવો સૂક્ષ્મ વિવેક શ્રીજીના ધારક સિવાય કોણ શીખવી શકે ?

સ્વામીશ્રીના સમુદ્ર સરખા ગંભીર અને પ્રભાવક વ્યક્તિત્વની બીજી બાજુ છે- એમની પ્રફુલ્લ, આનંદી અને નિરામય બ્રહ્મમસ્તીમાં રેલાતી પ્રતિભા ! સ્વામીશ્રીએ આ પ્રતિભાનાં દર્શન કરાવવામાં મને અનેકવાર નિમિત્ત બનાવ્યો છે. એ પળો અવિસ્મરણીય બની રહી છે.

૧૯૮૫ના ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ બાદ પ્રદર્શનના મુખ્ય દ્વાર પર રખાયેલાં બાળકોનાં પૂતળાં ઉતારવાનું કામ ચાલતું હતું. અમે ત્યાં પહોંચ્યા ત્યારે પ્લાસ્ટર ઑફ પેરિસનાં બનાવેલાં બાળકોનાં અઢી, ત્રણ ફૂટનાં માથાં છૂટાં પડી ગયાં હતાં. તેને કોથળામાં મૂકી મુંબઈ જતી બસ ઉપર ચડાવી દીધાં.

થોડા સમયે સ્વામીશ્રી મુંબઈ પધાર્યા, ત્યારે એ માથાં પહેરીને મેં, ચૈતન્ય સ્વરૂપ સ્વામીએ અને દિવ્યદર્શન સ્વામીએ નૃત્ય-મુજરા શરૂ કર્યા. સ્વામીશ્રી અને સંતો હસી હસીને બેવડ વળી ગયા. આનંદની છોળો ઊડી રહી....

* * *

૧૯૯૦માં બેસતાવર્ષે સ્વામીશ્રીએ લંડનથી અમદાવાદ ફોન કરી તમામ સંતોને ૨૦ મિનિટ સુધી આશીર્વાદ આપ્યા. આ ફોન દરમ્યાન સ્વામીશ્રી પોતાના સોફાની બાજુમાં એક રમકડાનો કાચનો હાથી હતો, તેના કપાળ પર આંગળી ફેરવી રહ્યા હતા. ફોન પછી જમવા પધાર્યા ત્યારે મને ગમ્મત સૂઝી. સ્વામીશ્રીના આસનની સામે હું હાથીની અદામાં ઊભો રહ્યો. પીઠ પર ફૂલદાની ગોઠવી. સ્વામીશ્રી ધ્યાનથી બધું જોઈ રહ્યા હતા. એવામાં મેં કહ્યું : 'બાપા ! મને ખૂબ ઈર્ષ્યા આવે છે.'

આશ્ચર્યથી સ્વામીશ્રીએ પૂછ્યું, 'કેમ ?'

'આખા ફોન દરમ્યાન આપે કાચના હાથીના કપાળ પર હાથ ફેરવ્યો. આવો લાભ તો મને પણ નથી મળ્યો. હું પણ સ્થૂળકાય જ છુંને !...'

આ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા, અને નજીક બોલાવ્યો. મેં હાથીની અદાથી હાથ રૂપી સૂંઢ ઊંચી કરી સલામી આપી. સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. અને થાળમાંથી લાડુનો પ્રસાદ આપવા લાગ્યા. મેં પ્રયત્ન કર્યો, તો હાથમાં ન આપતાં સીધો મોંમાં જ મૂકી દીધો. હાજર રહેલા સંતોએ પાછળથી મને કહેલું, 'પ્રસાદ આપતી વખતે સ્વામીશ્રીના મુખ ઉપર જે કરુણાના ભાવો હતા, તે અવર્ણનીય હતા !....'

'તાત માત ગુરુ સખા તું, સબ વિધિ હિત મેરો !'

આ પંક્તિ મેં ઘણીવાર મારા જીવનમાં સાર્થક થતી અનુભવી છે. આ નિખાલસ અને નિર્દંભ પૂર્ણ પુરુષે, મને પોતાનો જાણીને જે સુખ આપ્યું છે, તે અવર્ણનીય છે.

૧૯૯૦ની વિદેશયાત્રામાં સ્વામીશ્રી બર્મિંગહામ પધાર્યા. બપોરે ભોજન સમયે હું યોગીજી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર વાંચતો હતો. તેમાં યોગીજી મહારાજની વાણી આવી કે 'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ! શાસ્ત્રીજી મહારાજ તો રાજા ભોજની જગ્યાએ કહેવાય...'

આ વાંચીને મેં ગમ્મતના હેતુથી કહ્યું : 'આજે આ કહેવત બદલીએ તો એમ કહેવાય કે ક્યાં પ્રિન્સ ચાર્લ્સ અને ક્યાં દરેડબાપુ ?'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'અલ્યા, એવું કેવું ?'

'બાપા ! ચાર્લ્સનો રોયલ પરિવાર કહેવાય. તેની આગળ સૌરાષ્ટ્રનાં ૧૦ રજવાડાંય શું વિસાતમાં ?'

'પણ દરેડ બાપુને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો સંબંધ હતો.' સ્વામીશ્રીએ આગળ કહ્યું : 'બાપુએ સેવા કરીને આશીર્વાદ લીધા હતા. દરેડ બાપુ પાસે એવા કેટલાય પ્રિન્સ આંટા મારે !'

આ મહિમાની દૃષ્ટિ જોઈને સૌ ચકિત થઈ ગયા. ગુણાતીત ગુરુનો પ્રસંગ થયો, તેને જ ધન્ય કહ્યો છે. સંબંધના મહિમાને કારણે તો તેઓ અનંત દુ:ખી, ગરીબ કે સામાન્ય સ્થિતિના ભક્તો સાથે આત્મીય બની શકે છે.

* * *

યજ્ઞવલ્લભ સ્વામી

અમદાવાદ

જૂન, ૧૯૭૬, ગુરુપૂનમ પહેલાં મેં સ્વામિનારાયણ ભગવાન વિષે અત્યંત આછું પાતળું સાંભળેલું. પ્રમુખ સ્વામી મહારાજ વિષે તો કાંઈ ખબર જ ન હતી. ૧૯૭૬ના મે માસનાં બાળ-યુવા અધિવેશન વિદ્યાનગરમાં થયું, ત્યારે હું સામે જ રહેતો પણ દર્શન કરવા નહીં આવેલો.

જૂન, ૧૯૭૬માં સ્વામીશ્રી વિદ્યાનગર પધારેલા ત્યારે મોટા બજારમાં મ્યુઝીક સેન્ટર પાસેથી સ્વામીશ્રીની ઍમ્બેસેડર પસાર થઈ. અને મેં પ્રથમવાર સ્વામીશ્રીનાં દર્શન (કારમાં બેઠા હતા તે) કર્યાં. અને જાણે સ્વામીશ્રીએ પોતાના ચુંબકીય અસ્તિત્વમાં મને ખેંચ્યો.

મેં પ્રથમ દષ્ટિએ જ નક્કી કરી નાંખ્યું કે ગુરુ કરવા તો પ્રમુખ સ્વામી મહારાજને.

એક સત્સંગીને સામેથી બોલાવીને સ્વામીશ્રી પાસે મને લઈ જવા વિનંતી કરી. ૧૯૭૬માં બોચાસણ ગુરુપૂનમના સમૈયે જઈ સ્વામીશ્રીના હાથે વર્તમાન ધરાવ્યાં, સત્સંગમાં પ્રવેશ કર્યો.

* * *

૧૯૭૭, એપ્રિલ. અમદાવાદમાં ચૈત્ર સુદ ૯, શ્રીહરિ જયંતીનો સમૈયો થઈ ગયો. બીજે દિવસે ઉપવાસના પારણાં હતાં. સવારે સ્વામીશ્રી સભામંડપમાં પૂજા કરવા બેઠા. સખત ગરમી હતી. અમે તો રાત્રે જ પારણાં કર્યાં હતાં તો પણ ઢીલા હતા; જ્યારે સ્વામીશ્રીનાં પારણાં બાકી હતાં છતાં મુખ ઉપર તાજગી અને પ્રસન્નતા હતી.

તે વખતે પૂજા પૂરી કર્યા બાદ સ્વામીશ્રી ગુલાબનાં પુષ્પો ઉછાળીને હરિભક્તો તરફ ફેંકતા. હરિભક્તો આ કૃપા પ્રસાદીને ઝીલી લેતા.

મને તે વખતે સંકલ્પ થયો કે સ્વામીશ્રી મને ફૂલ આપે તો કેવું સારું? પણ પછી તરત થયું કે હું તો નવો તથા નાનો છું તેથી તે કેમ બને?

એટલામાં સ્વામીશ્રી પૂજા પૂરી કરી ઊભા થયા. ત્યાંથી પુજારીના ભંડકિયામાં થઈ શણગાર આરતી કરવા જઈ રહ્યા હતા. અહીં યુવકો આડી કોર્ડન કરી ઊભા હતા. સ્વામીશ્રી મને ઓળખતા ન હતા. છતાં તેઓ બાજુમાંથી પસાર થયા ત્યારે મારો હાથ પકડ્યો અને ગુલાબનાં બે પુષ્પો તેમણે હાથમાં રાખી મૂકેલાં તે મને આપી દીધાં. આ રીતે અંતર્યામીપણે મારો સંકલ્પ પૂરો કર્યો.

* * *

સ્વામીશ્રી નવા યુવકો સાથે ફરે તો તેમને પણ સાચવી લે છે. ઢીલા હોય તો તે પણ સહન કરે છે.

૧૯૭૬માં મુંબઈમાં સ્વામીશ્રી સાથે પધરામણીનો લાભ મળેલો. હું નવો તેથી ખાસ ઝાઝી સમજ ન પડે. પધરામણી બાદ ગાડીમાં બેસવામાં હું જ છેલ્લો હોઉં ત્યાં સુધીમાં તો સ્વામીશ્રી કારમાં બેસી ગયા હોય. હું આવું એટલે ડ્રાઈવર તરફ ખસે. અને હું તેઓની સાથે આગળ બેસી જાઉં. પાછળની સીટ ઉપર મહંત સ્વામી અને બીજા એક સંત અને યુવક હતા.

૨-૩ વખત આવું બન્યું પણ સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ. છેવટે મહંત સ્વામીએ મને પ્રેમથી સમજાવ્યું કે તમારે વહેલા આવી આગળની સીટ ઉપર ડ્રાઈવર પાસે બેસી જવું જેથી બાપા બારી પાસે બેસી શકે, ને તેમને ઊતરવામાં સરળતા રહે...

* * *

૧૯૮૦, ઑક્ટોબર. બોસ્ટન(અમેરિકા)માં સ્વામીશ્રીને મોતિયાનું ઑપરેશન કરાવવાનું હતું. જે સમયે ઑપરેશન શરૂ થવાનું હતું તેના લગભગ ૧ કલાક પહેલાં ન્યુયોર્ક મંદિરમાં થોડાં હરિભક્ત બાઈ-ભાઈઓએ ધૂન બોલાવી. સ્વામીશ્રીનું ઑપરેશન નિર્વિઘ્ને થઈ જાય તે માટે પ્રાર્થના કરી રહ્યાં હતાં.

એકાએક મણિબેન નામના એક મહિલા હરિભક્તનું શરીર કાષ્ટવત્ થઈ ગયું. કેટલાંક બહેનો ગભરાયાં. પરંતુ હસુબહેન આફ્રિકા હતાં ત્યારે થતી સમાધિના સાક્ષી હતાં. તેથી તેમને થયું, આ જરૂર સમાધિમાં ગયાં છે. તેથી તેમને સિંહાસનની પાછળ સૂવડાવી દીધાં ને શરીર કાષ્ટવત્ થઈ ગયું. કેટલાક સમય બાદ તેઓ સમાધિમાંથી જાગૃત થયાં. બધાં પૂછપરછ કરે કે

શું થયેલું તો કાંઈ કહે નહિ.

થોડા સમય બાદ સ્વામીશ્રીની તબિયત જોવા અમારે યુવકોને બોસ્ટન જવાનું થયું. રસ્તામાં કારમાં ગોષ્ઠિ ચાલી. તેમાં મણિબહેનને પૂછ્યું કે તમે સમાધિમાં 'શું દીઠું?' તો કહે : 'બેટા ! મહારાજે કહેવાની ના પાડી છે પણ તને કહું છું. તે સમાધિમાં હું જાણે બાપાના ઑપરેશન થિયેટરમાં હોઉં તેવું દીઠું અને ડૉક્ટરે ઑપરેશન કર્યું તે બધું સાક્ષાત્ દીઠું.'

પોતાના નિષ્ઠાવાન ભક્તોને સ્વામીશ્રી સમાધિ દ્વારા પણ પોતાનું સુખ આપી દેતા હોય છે.

* * *

ઑગસ્ટ, ૧૯૮૦માં સ્વામીશ્રીએ ડલાસ (અમેરિકા) ખાતે રક્ષાબંધનનો સમૈયો કર્યો હતો. સ્વામીશ્રીની આંખે મોતિયા હતા અને ડૉક્ટરોની મનાઈ હતી કે સ્વામીશ્રીની આંખોમાં સીધી ફ્લડ લાઇટ, હેલોજન કે કેમેરાની ફ્લેશ લાઇટ ન મારવી. જો તેમ થશે તો તેઓ બે ઘડી જોઈ શકશે નહિ. અંધકાર લાગશે.

પરંતુ હરિભક્તો ખૂબ ઉત્સાહમાં હતા. ઉત્સવ સુંદર રીતે થયો. છેલ્લે સ્વામીશ્રી દરેકને રાખડી બાંધી રહ્યા હતા. એક એક હરિભક્ત આવે ને સ્વામીશ્રી રાખડી બાંધે. એક કેમેરામૅન દરેકનો સ્વામીશ્રી સાથે ફોટો પાડે. ફોટા સાથે ફ્લેશ પણ સ્વામીશ્રીની આંખોમાં પડે. આ જોઈ સંતો અકળાવા લાગ્યા પણ કાંઈ બોલી શક્યા નહિ.

સ્વામીશ્રી પણ જરાય કંટાળા વિના જાણે કોઈ તકલીફ જ નથી તેમ બધું સહન કરતાં રહ્યાં.

જ્યારે મારો વારો આવ્યો ત્યારે બધા કહે : 'આની પાસેથી સેવા લો.' (રાખડી બાંધ્યા બાદ ઠાકોરજીની ભેટ)

સ્વામીશ્રી કહે : 'એને આખો જ લેવાનો છે. પછી આનો વાંધો નથી.'

* * *

ઑક્ટોબર, ૧૯૭૭માં સ્વામીશ્રી ન્યુયોર્કમાં બિરાજ્યા હતા. સ્વામીશ્રીએ એક આજ્ઞા કરી હતી કે દરરોજ મંદિરે જવું. એક દિવસ આળસ થાય, તો કાયમ આળસ થાય. માટે તેમાં ઢીલ ન કરવી.

સત્પુરુષનાં આવાં સામાન્ય લાગતા વચનો પળાયાં તેથી સાધુ થઈ

શક્યો, બાકી ત્યાંની માયા લાગ્યા વિના રહેત નહીં.

રોજ મંદિરે જવાનો નિયમ. તેથી સાંજે નોકરીથી છૂટી સીધો મંદિરે આવું. અહીં આરતી - કથા બાદ રાત્રે મોડેથી ઘેર સૂવા માટે જ જવાનું થાય. શુક્રવારે રાત્રે મંદિરે રહેવા આવી જાઉં જેથી શનિ-રવિની રજાઓ પણ મંદિરમાં જ પસાર થાય. રવિસભા કરી મોડા ઘેર જવાનું.

આ રીતે ઘરની માયા છૂટી. પરદેશનાં અનેક ફેલફતુર બધાથી રક્ષા થઈ.

સત્પુરુષની એક નાની આજ્ઞા પણ પળાઈ જાય તો ખૂબ રક્ષા થાય, તે સ્વયં અનુભવની વાત છે.

* * *

'જાન્યુઆરી, ૧૯૭૮માં ન્યુયોર્કમાં શિયાળાની ઋતુ હતી. બહાર સ્નો પડતો. -૨૦ સે. સુધી ઠંડી હતી. તેથી એકાદશી નિર્જળા ન કરવી-ફરાળી કરવી તેવો આગ્રહ ઘેરથી થયો. મેં નમતું મૂક્યું ને ફરાળ શરૂ કર્યું.

સ્વામીશ્રીએ અંતર્યામીપણે આ વાત જાણી. થોડા જ દિવસોમાં પત્ર લખ્યો કે 'તું નિર્જળા કરતો હોઈશ, નિર્જળા કરવી. કદાચ બહુ તકલીફ પડે તો પ્રવાહી લેવું પણ ફરાળ ન કરવું.' આથી ફરી બળ મળી ગયું અને ફરી પાછી નિર્જળા એકાદશી શરૂ થઈ ગઈ.

* * *

જુલાઈ, ૧૯૭૮ દરમ્યાન ચાતુર્માસના નિયમોની આજ્ઞા 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'માં આવી. મંદિરના પૂજારી પ્રતાપભાઈ મને કહે : 'તમે ધારણાં-પારણાં કરો.' હું નવો સત્સંગી. કોઈ દિવસ કરેલાં નહિ તેથી મેં ના પાડી કે આવું નહિ ફાવે.

આ પ્રસંગ બન્યે માંડ ૫-૭ દિવસો થયા હશે ને સ્વામીશ્રીનો પત્ર આવ્યો કે ધારણાં-પારણાં કરવાં. મેં તરત સ્વીકાર્યું. ૧ મહિનાનાં ધારણાંપારણાં તથા ૧ મહિના એકટાણાં કર્યાં. આમ વિદેશી ધરતી પર સ્વામીશ્રી અંતર્યામીપણે રક્ષા અને પ્રેરણા કરતા રહ્યા.

* * *

નવેમ્બર, ૧૯૮૦. સ્વામીશ્રી બોસ્ટનમાં આંખનું ઑપરેશન કરાવ્યા બાદ ન્યુયોર્ક મંદિરની પાસે બાલકૃષ્ણભાઈને ઘેર આરામ કરતા હતા.

એક દિવસ સવારે સ્વામીશ્રી પૂજા કરી રહ્યા હતા. એક સંતે કીર્તન ગાયું.

જેમાં કડીઓ આવી : 'મુખના પાનની બલિહારી...'

સ્વામીશ્રી કહે : 'ફરી ગાઓ.'

તેમણે ફરી એ જ શબ્દો ગાયા.

સ્વામીશ્રી કહે : 'બલિહારી' નહિ 'અધિકારી'. આટલાં બધાં કીર્તનોમાંથી આવાં અપ્રચલિત કીર્તનના શબ્દો પણ સ્વામીશ્રીને ઈદં સ્મૃતિપટે હતા. વળી તેઓ મહારાજના મહિમાના શબ્દો કેટલા એકાગ્ર થઈને સાંભળતા હતા!

એમની અંતરની ભક્તિની ઝાંખી થઈ.

* * *

૧૯૭૭ થી ૧૯૮૦ દરમ્યાન (૪ વર્ષ) હું સંબંધીઓના આગ્રહથી અને સ્વામીશ્રીની આજ્ઞાથી યુ.એસ.એ. રહ્યો હતો. સ્વભાવ રજોગુણી અને સત્સંગ ફક્ત દોઢ વર્ષનો જ. ત્યાં કુસંગ સામે ટકવું તે અશક્ય જ હતું. પરંતુ સ્વામીશ્રીએ આજ્ઞા કરી હતી કે તારે દર મહિને મને એક પત્ર લખવો. નહિ તો હું તો તને લખીશ જ !

એટલે હું અત્યંત ગાંડા ઘેલા પત્રો સ્વામીશ્રીને લખતો અને સ્વામીશ્રી પણ ખૂબ જ પ્રેમથી પત્રો લખતા. સ્વામીશ્રી નિયમિત ૪ વર્ષ દરમ્યાન સતત પત્રો લખતા રહ્યા. જો તેમ ન કર્યું હોત તો આજે હું સાધુ બન્યો ન હોત.

સ્વામીશ્રી પત્રમાં એટલી બધી બળની વાતો લખતા કે જેની કોઈ સીમા નહિ.

* * *

૧૯૮૧નો ભગવાન સ્વામિનારાયણનો દ્વિશતાબ્દી મહોત્સવ પૂરો થયો. કેટલાંક નવ દિક્ષીત પાર્ષદોને નગર 'વાઈન્ડીંગ અપ' તથા રાત્રિની સલામતીની સેવા સોંપી હતી. બાકીના તમામ સંત-પાર્ષદો સારંગપુર શાસ્ત્રીજી મહારાજની દેરીની પ્રતિષ્ઠા માટે ગયા હતા.

૨-૪ દિવસો બાદ જ અમને કેટલાક શાહીબાગ મંદિરે બોલાવવામાં આવ્યા. અમને આશ્ચર્ય થયું કે શું હશે? ત્યારે મહંત સ્વામીએ મને જણાવ્યું કે સંસ્થાના એક મુખ્ય કાર્યાલયની રચના કરવામાં આવી છે અને તેમાં તમને 'યુવક પ્રવૃત્તિ'ની સેવા આપવામાં આવેલ છે.

હું આભો બની ગયો કે આપણે સાવ નવા, નાના, બિન અનુભવી તેમ છતાં સ્વામીશ્રી કેટલો વિશ્વાસ મૂકે છે !

થોડા સમય બાદ સ્વામીશ્રીની હાજરીમાં આ વિભાગોની મિટિંગો થઈ. દરેક વિભાગ શું કરશે તેની રજૂઆત કરવામાં આવી.

બહુશ્રુત ભગતે (રાજેશ્વર સ્વામીએ) અનાજ-ધર્માદા વિભાગનો અહેવાલ ૧ કલાક સુધી આપ્યો. સ્વામીશ્રી બહુ જ રાજી થયા. મને થયું હું પણ લાંબો વિગતવાર જ અહેવાલ આપું તો સ્વામીશ્રી રાજી થશે.

સાવ બિનઅનુભવી હોવા છતાં સંસ્થામાં શું શું કરવું જોઈએ તેનો દોઢ કલાકથી વધુ લાંબો રિપોર્ટ આપ્યો હતો. સ્વામીશ્રી શાંતિથી સાંભળતા હતા. હું તો ઉત્સાહમાં હતો તેથી મને કંટાળો ન આવે તે સ્વાભાવિક છે. પરંતુ મારી સાવ નબળી રજૂઆતથી શ્રોતાઓ કેટલી હદ સુધી કંટાળી ગયા હશે તેનો મને ખ્યાલ ન આવ્યો. છતાં સ્વામીશ્રી એક પણ અક્ષર કહ્યા વિના શાંતિથી સાંભળતા રહ્યા.

દોઢ કલાક પછી ડૉક્ટર સ્વામી મને કંઈક કહેવા ગયા કે ટૂંકાવો, પણ મેં તરત જ કહ્યું : 'પૂરું જ થવા આવ્યું છે.' એટલે કોઈ કાંઈ બોલ્યું નહિ. પણ ઘણી વખતે હું કોઈના વક્તવ્યથી કંટાળી જાઉં ત્યારે સ્વામીશ્રીની શ્રોતા તરીકેની આ ધીરજ તાદશ્ય થાય છે અને સહન કરવાનું બળ મળી જાય છે.

સ્વામીશ્રી આપણું ઘડતર કરતા રહે છે તેમાં તેમને ઘણો જ માનસિક ભીડો પડતો હોય છે જે તેઓ સહન કરી લેતા હોય છે, પણ જણાવા દેતા નથી. આપણા ઉપર આ તેમનો જબરજસ્ત ઉપકાર છે. તે જણાતો નથી પણ આપણું ઘડતર ભૂલો વગર થતું નથી; તે બધી ભૂલો સ્વામીશ્રી સહન કરતા રહ્યા છે.

જેમ બાળક તોફાન કરે , ભાંગેફોડે, નુકસાન કરે અને માતા સહન કરે તેવી જ સ્વામીશ્રીની રીત છે.

* * *

૧૯૮૨માં ભાવનગરમાં ઊજવાયેલી સ્વામીશ્રીની જન્મ જયંતી પહેલાં 'યુવા નેતૃત્વ તાલીમ શિબિર'નું આયોજન કરવાનું હતું. તેમાં મુખ્ય કાર્યાલયના સંતોમાં પરસ્પર શિબિરના સ્થળ અંગે ચર્ચા થઈ. મેં કહ્યું : 'મહુવા સુંદર સ્થળ છે.'

રાજેશ્વર સ્વામી કહે : 'ત્યાં બધું (સુવિધા વગેરે) ક્યાં ઊભું કરવું? સારંગપુર રાખવું જોઈએ.' ચર્ચાનો કોઈ સાર નીકળ્યો નહીં. છેવટે સ્વામીશ્રી પાસે જવાનું નક્કી થયું.

અમે ગોંડલ ગયા. સ્વામીશ્રી રૂમની બહાર હતા. સંતો પણ હતા. સ્વામીશ્રીએ પૂછ્યું, 'કેમ આવવું થયું?'

અમે કહ્યું : 'બાપા ! શિબિર સ્થળ માટે.' અને આ અંગત ચર્ચા, જાહેર ચર્ચા બની ગઈ!

સ્વામીશ્રીએ વાત સાંભળી નિર્ણય આપ્યો કે શિબિર મહુવા રાખવી. વાત પતી. પછી બીજે દિવસે રૂમમાં સ્વામીશ્રી એકલા હતા. દર્શન માટે હું અંદર ગયો. સ્વામીશ્રી મને જોઈને હસવા લાગ્યા. અને કહ્યું : 'આપણે મનનું મૂકી દેવું.' એટલા પ્રેમથી કહ્યું કે હું પણ ગળગળો થઈ ગયો. અને સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : 'બાપા ! મને ખબર જ પડતી નથી કે હું મનનું ધાર્યું કરું છું. આપ કૃપા કરજો કે મને સમજાય.' સ્વામીશ્રી હસવા મંડ્યા.

ભૂલ બતાવવાની પણ કેટલી અનોખી રીત સ્વામીશ્રીને હસ્તગત છે !

* * *

યોગી શતાબ્દી માટે સ્વયંસેવકોની નોંધણી પૂરી થઈ હતી. મારે કોઈ કાર્ય અંગે સારંગપુર જવાનું થયું. ત્યાં સ્વામીશ્રી બિરાજમાન હતા. સાંજે આસન કરી લીધા બાદ તેઓએ મને બોલાવ્યો. અને કહે હવે શાંતિથી સ્વયંસેવકોનો રિપોર્ટ આપો. મેં વિગતે બધી વાત કરી. કયા જિલ્લાને કઈ સેવા, કેટલા સ્વયંસેવકો વગેરે રજૂ કર્યું.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે ૫૦૦ સ્વયંસેવકો રીઝર્વ્ડ ફોર્સમાં રાખવા. મેં હા પાડી. ત્યારે મારા મનમાં એમ કે અગાઉના એકેય સમૈયામાં રિઝર્વ્ડ ફોર્સની જરૂર તો પડી નથી તેમ છતાં સ્વામીશ્રી કહે છે તો ૨૦૦ જેટલા વધતા હતા તે રીઝર્વ્ડમાં રાખીશું.

સમૈયો શરૂ થયો ત્યારે ન ધારેલું બન્યું. અક્ષરધામમાં હજારોની લાઇન, ફૂડસ્ટોલ, રસોડું બધે જ ધસારો. ૧૨૦૦૦ સ્વયંસેવકો હતા તેથી ખૂટે તેવી શક્યતા ન હતી પરંતુ અક્ષરધામની લાઈનોમાં સ્વંવસેવકોની ખૂબ જ તૂટ પડતી. તે વખતે રિઝર્વ્ડ ફોર્સ ખરેખર આશીર્વાદરૂપ નીવડ્યો. તે ન હોત તો બીજા કોઈ વિભાગોની ક્ષમતા ન હતી કે પોતાના સ્વંવસેવકો અક્ષરધામ માટે આપી શકે.

આવી દીર્ઘ દૃષ્ટિએ યુક્ત સ્વામીશ્રીની સલાહ આશીર્વાદરૂપ નીવડી.

* * *

શ્રુતિપ્રકાશ સ્વામી
ગાંધીનગર

સ્વામીશ્રી લાંબા સમયનો મોટરપ્રવાસ કરી તા. ૧૧-૧-૮૬ના સાંજે ભૂજ પધાર્યા હતા. પ્રવાસના થાકને લીધે શરીરમાં કસર હતી; છતાં મુખ પર અણસાર સુદ્ધાં આવવા દીધો ન હતો. બીજે દિવસે સવારે શ્રીહરિનાં દિવ્ય કરકમળોથી પ્રતિષ્ઠિત સ્વામિનારાયણ મંદિરમાં દર્શન માટે પધાર્યા. નરનારાયણ દેવ, હરિકૃષ્ણ મહારાજ તથા અન્ય સ્વરૂપોનાં સાક્ષાત્કારનાં ભાવથી દર્શન કરી ઉતારે પધાર્યા. પત્રો લખવા બેઠા. એક પત્ર મારી પર લખ્યો.

'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસનાં જય સ્વામિનારાયણ. તમારો પત્ર મળ્યો. પંડિત માટે પ્રયત્ન ચાલે છે. હજી પત્તો પડતો નથી. આજે ભૂજ મંદિરે દર્શન કર્યાં. તેમાં મહાપંડિત (શ્રીજી મહારાજ) મળ્યા ને કહે : શ્રુતિનો પ્રશ્ન ઉકલી જશે, પંડિત મળી જશે તેમ વાત કરી છે. (ઠાકોરજીનાં) દર્શનમાં આજે મહારાજે પંડિત-પાઘ ધારણ કરી હતી, તે દર્શન કરી, વાત ને પ્રાર્થના કરી છે - તો દયા કરશે.'

લાંબા પ્રવાસની થકાવટ, ઘણા સમય પછી ભૂજ પધારતા હોવાથી સ્થાનિક ભક્તોને સંતોષવામાં પણ સમયની વર્તાતી ખેંચ, નાદુરસ્ત તબિયત, આવતીકાલે દીપચંદ ગાડી વગેરે મહાનુભાવોનાં આમંત્રણથી આવેલ માંડવી પાંજરાપોળના ઉદ્ઘાટનમાં પહોંચાશે કે કેમ - તેની સાહજિક ચિંતા. આમ ત્રિવિધ ચિંતાને પણ સાહજિક નિર્લેપતાથી ખંખેરી સ્વામીશ્રી ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવેલ મૂર્તિઓનાં દર્શનમાં તલ્લીન હોય તે સ્વાભાવિક છે. પરંતુ આવા સમયે કાર્યની દૃષ્ટિએ અતિ સામાન્ય અભ્યાસ માટે સંતો પંડિત શોધે છે તેનો વિચાર કેમ ઉદ્ભવે ? વળી ઠાકોરજી સાથે પણ આ અંગે વાર્તાલાપ તથા પ્રાર્થના કોણ કરે ?

સ્વામીશ્રીનાં વાત્સલ્ય-અમીનું પાન કરી, સૌ કોઈનો માંહ્યલો કબૂલ કરે

કે 'સ્વામી મારા છે.'

* * *

તા. ૧૬-૮-૯૦, લંડન, અહીં ખૂબ જ વિશાળ મંદિર-સંકુલના પાયા નંખાયા બાદ, દરરોજ તે અંગે ખરડો ચાલતો હતો. હરિભક્તો સ્વામીશ્રીને પ્રસન્ન કરવા હોંશે હોંશે પોતાનું ધન અર્પણ કરતા હતા. સ્વામીશ્રીનો આ સિવાયનો સમય હરિભક્તોના સામાજિક, કૌટુંબિક, આર્થિક પ્રશ્નોનાં સમાધાન; સલાહ અને આશીર્વાદમાં ખર્ચાતો. ભારતથી આવતા થોકબંધ પત્રોના જવાબો તો લખવાના હોય જ. પરંતુ આજે બપોરે આરામમાં જતા કહે : 'પંડિતના[1] કોઈ સમાચાર નથી. ક્યાં હશે ? કલકત્તાથી પી.જે. (પુરુષોત્તમજીવન સ્વામી)નો ફોન હતો. કશું જણાવ્યું નથી.'

વસ્તુસ્થિતિ એ હતી કે સ્વામીશ્રીના વિદેશપ્રવાસ પહેલા જ પરમપુરુષ સ્વામી તથા મેં, કલકત્તા અથવા વારાણસી વિશેષ અભ્યાસ માટે જવા આજ્ઞા-આશીર્વાદ લીધા હતા. સ્વામીશ્રી લંડન પધાર્યા. લંડનમાં રથયાત્રાના શુભ દિવસે નિસ્ડન સ્કૂલની વિશાળ ભૂમિ ઉપર મંદિર નિર્માણના શ્રીગણેશ થયા. ત્યાંથી સ્વામીશ્રી ન્યૂયોર્ક (અમેરિકા) પધાર્યા. અહીં તા.૩૦-૬-૯૦ના રોજ ભારતીય સાંસ્કૃતિક મહોત્સવની પૂર્વસંધ્યારૂપ 'કીક ઑફ સેરીમની' ઉત્સવ ખૂબ જ ભવ્યતાથી ઊજવ્યો. અમેરિકાનાં ૨૮ દિવસનાં જ વિચરણમાં હજારો ભક્તોને સુખ આપી ઇંગ્લૅન્ડ પધાર્યા. અહીં પણ ઇંગ્લૅન્ડનાં અન્ય શહેરોમાં વિચરણ કરી ભક્તોને સુખ આપ્યું. આવા વેગવંતા અને ટૂંકા વિચરણમાં પણ તેમના મનમાં દૂર દેશમાં વિદ્યાભ્યાસ માટે મોકલેલ સંતોની ચિંતા હતી. અમારા અભ્યાસ અંગેના સમાચાર સાંભળ્યા બાદ દર દસ-પંદર દિવસે બળ ભર્યો પત્ર વારાણસીમાં સ્વામીશ્રી લખતા રહ્યા.

સ્વામીશ્રી ગમે તેટલી પ્રવૃત્તિમાં પણ પોતાના માનસ-પુત્રોને ભૂલતા નથી. શ્રી રામાનુજાચાર્યના દાદાગુરુ યામુનાચાર્ય ભગવાન વિષ્ણુની સ્તુતિ કરતાં કહે છે :

पिता त्वं माता त्वं दयिततनयस्त्वं प्रियसुहृद्
त्वमेव त्वं मित्रं गुरुरसि गतिश्चासि जगताम् ।

---

૧. શ્રુતિપ્રકાશ સ્વામીને સ્વામીશ્રી ક્યારેક 'પંડિત' કહે છે.

त्वदीयस्त्वद्भृत्यस्तव परिजनस्त्वद्गतिरहं
प्रपन्नश्चैवं सत्यहमपि तवैवास्मि भरः ॥ स्तोत्ररत्न-६०

તમે પિતા છો, માતા છો, તમે કૃપા કરી પુત્રરૂપે અવતરો છો, તમે પ્રિય મિત્ર છો; તમે, બસ ! તમે જ છો મારા મિત્ર, મારા ગુરુ અરે ! સંપૂર્ણ જગતનાં ધ્યેયરૂપ ગતિ તમે જ છો; હું તમારો સેવક છું; તમારો પરિજન છું. આપ જ મારી ગતિ છો. હું આપના શરણે આવ્યો છું. આપનો છું. અરે ! મારા પાલન-પોષણ-રક્ષણની જવાબદારી તમારી જ છે.'

સ્વામીશ્રી જાણે પિતારૂપે પોતાની જવાબદારી નિભાવતા હોય તેમ સૌની ખેવના કરે છે.

* * *

તા. ૭-૧-૯૪, બેંગ્લોર, છેલ્લા દશ મહિનાથી બ્રહ્મદર્શન સ્વામી, ભક્તિસાગર સ્વામી, પ્રભુચરણ સ્વામી, ભદ્રેશ સ્વામી અને રસિકવિહારી સ્વામી સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરવા માટે અહીં રહેતા હતા. તેમના નિવાસસ્થાનની બાજુમાં જ રહેતા પૂર્ણાનંદ ગુપ્તાજીને, સંતોના સહવાસથી સત્સંગનો રંગ લાગ્યો. તેમના પ્રેમભર્યા આગ્રહને વશ થઈ સ્વામીશ્રી પૂર્ણાનંદજીને ત્યાં પધાર્યા. તેમની ઇચ્છા પૂર્ણ કરી. સંતોનું નિવાસસ્થાન સામે જ હતું; સ્વામીશ્રીએ ત્યાં પધારવા સામેથી ઇચ્છા વ્યક્ત કરી. પહેલો માળ અને સાંકડો દાદરો... વળી ખુરશી વગેરેની વ્યવસ્થા ન હતી. સંતોએ પણ સ્વામીશ્રીની તબિયતને ધ્યાનમાં રાખી ના કહી, પરંતુ સ્વામીશ્રી ન જ માન્યા. કારણ એટલું જ કે, આ વિદ્યાર્થીસંતો આજ્ઞા પાળી દૂર દેશમાં રહી અભ્યાસ કરે છે. સ્વામીશ્રીએ ઉપર જવાનો આગ્રહ રાખ્યો. ખુરશી તો જઈ શકે એમ હતી નહીં; નિર્ભય સ્વરૂપ સ્વામી અને નારાયણચરણ સ્વામીના હાથ પર બેસીને ત્રાંસા થઈને ઉપર પધાર્યા. સંતોની પ્રત્યેક રૂમમાં પગલાં કર્યાં. સંતોને ભેટ્યા અને સાથે ફોટો પડાવ્યો. 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ' એ પ્રાર્થનાને સાકાર બનાવી.

* * *

તા. ૧-૩-૯૩, મુંબઈ, આજે સંતો બેંગ્લોર જવા વિદાય થયા. તેના આગલા દિવસે મુંબઈમાં સ્વામીશ્રીએ સંતોને જે વહાલ અને પ્રેમ કર્યો હતો, સામેથી ઇચ્છા વ્યક્ત કરી હાર પહેરાવ્યા હતા તે તો ભુલાય જ કેમ ?

સ્વામીશ્રીને વિદ્યાપ્રેમ તો ઘણો જ છે. પરંતુ સાથે સાથે પોતાના વહાલસોયા સંતો-ભક્તો આજ્ઞા પાળી આ દિશામાં પગરણ માંડે ત્યારે વિદ્યાપ્રેમ પુત્ર-પ્રેમમાં પરિણમે છે; તેનાં પ્રત્યક્ષ દર્શન અને અનુભવ અનેકવાર થયાં છે.

સ્વામીશ્રી સંતો-ભક્તોના બહારના ગુણોને ખીલવવામાં રસ લે છે, પરંતુ તેઓ તો 'કામિલ કાબિલ સબ હુન્નર તેરે હાથ' એમ બધા જ ગુણોમાં પાકા મુર્શિદ છે. અધ્યાત્મ દિશામાં સંતો-ભક્તો પાપા પગલી માંડે તેના માટે જ તેમનો અથાગ પ્રયત્ન અને પ્રેમ હોય છે. પોતાનો આશ્રિત ક્યારેય પણ હિંમત હારે નહીં, આંતર-બાહ્ય સંપૂર્ણ નિરોગી બને તે માટે જે કંઈ કહેવું ઘટે અથવા કરવું ઘટે તે એક આદર્શ ડૉક્ટરની અદાથી કહેતા અને કરતા ખચકાતા નથી.

* * *

તા. ૧૨-૧૨-૧૯૮૪, મુંબઈ શિખરબદ્ધ મંદિરનો પ્રથમ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. સ્વામીશ્રી સૌ હરિભક્તોને દર્શન આપી ભોજન માટે પધાર્યા. ભોજન બાદ એક બાજુ મારો હાથ પકડી આરામ માટે પધારતા હતા.

કનુભાઈ અમીન કહે : 'બાપા ! ગયા વર્ષે એક દિવસ પહેલાં જ પ્રતિષ્ઠા નિમિત્તનો યજ્ઞ હતો, શ્રુતિ સ્વામી મૂંઝાઈ ગયા હતા. વ્યવસ્થા અને ધારણા કરતાં યજમાનોની સંખ્યા બમણી થઈ ગઈ હતી. મૂંઝવણમાં રડી પડ્યા હતા.'

સ્વામીશ્રી કહે : 'એમાં રડવાનું શું ? આ તો રાખના છે, ડામના તો હજુ બાકી છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના જીવનમાંથી ક્યારેય દુઃખ સુકાયા જ નથી. એમના પરિશ્રમ સામું જોઈએ તો આપણે કશું જ કરતા નથી. આપણે તો લાપસીમાં લીટો છે.' સ્વામીશ્રીએ સ્વયં પણ ખૂબ પરિશ્રમ કર્યો છે. પોતાની વાત પણ કહી શકત; આદ્યગુરુઓના મિષે કષ્ટોના સ્મરણ સાથે સ્વામીશ્રીએ વિશિષ્ટ ગુરુભક્તિ અદા કરી. સાથે સાથે સેવાનો સ્રોત હૃદયમાં રમતો કરી દીધો...

* * *

તા. ૨-૧૧-૮૫, સ્વામિનારાયણ નગર, અમદાવાદમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવનો પ્રથમ અને અગત્યનો

મહોત્સવ સંપૂર્ણ થઈ ગયો હતો. સ્વામીશ્રીને પ્રસન્ન કરવા માટે જ સૌ સંતો-ભક્તોએ રાત-દિવસ જોયા વગર સેવા કરી હતી. હજુ ૪૬ દિવસો સુધી મહોત્સવ ચાલવાનો હતો. દરરોજ વિશ્વસ્તરના મહાનુભાવો નગરદર્શન અને પ્રવચન માટે પધારતા હતા. માનવ ઉત્કર્ષના આંતરરાષ્ટ્રીય અધિવેશનનો પ્રારંભ થઈ ચૂક્યો હતો.

આજે સાયં સભામાં પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી નાની પાલખીવાલા નગરની અને નગરના રચયિતા સ્વામીશ્રીની પ્રશંસા કરી હમણાં જ વિદાય થયા હતા. શનિવારની સાંજ હોવાથી મુલાકાતીઓની ભીડ સવિશેષ હતી. ઘણા મહાનુભાવો નગરદર્શન કરી, નગરના પ્રાણ સમા સ્વામીશ્રીનાં દર્શન - આશીર્વાદ પ્રાપ્ત કરવા અને પ્રેરણા મેળવવા અત્યારે આવતા હતા. આજે જ રાત્રિસભામાં ભારત સાધુ સમાજના મહામંત્રી પૂ. સ્વામી હરિનારાયણાનંદજીનું પ્રવચન હતું. તેઓ સ્વામીશ્રી સાથે મુલાકાત માટે પ્રતીક્ષાખંડમાં બેઠા હતા. વ્યવસ્થાપક સંતો પૂ. સ્વામી હરિનારાયણાનંદજીના આગમનની જાણ કરવા માટે સ્વામીશ્રી પાસે આવ્યા.

સ્વામીશ્રી પણ સ્વામી હરિનારાયણાનંદજીને મળીને તુરત જ સભામાં પધારવાના હતા. હું સ્વામી હરિનારાયણાનંદજી આવ્યા તે પહેલાં સ્વામીશ્રી પાસે પહોંચી ગયો.

મેં કહ્યું : 'સ્વામી ! મુંબઈ જઉં છું.'

'શા માટે ? અત્યારે ચાલુ ઉત્સવે ?' સ્વામીશ્રીએ પ્રશ્ન કર્યો.

'મુખ્ય મહોત્સવની વિભાગીય પ્રવૃત્તિ પૂરી થઈ. થાકી ગયો છું. બે દિવસ આરામ કરી પાછો સેવામાં લાગી જઈશ.'

સ્વામીશ્રીએ વહાલ ન કર્યું, આજ્ઞા ન આપી, પરંતુ ઉપદેશ આપ્યો.

સ્વામીશ્રી કહે : 'હજુ તો નાની ઉંમર છે, અત્યારથી થાક શાનો ? આપણે તો સેવા જ કરવાની છે. જ્યાં સુધી આપણા હાથ-પગ ચાલે ત્યાં સુધી બીજો વિચાર જ કેમ આવે ?'

વ્યવસ્થાપક સંતોની મૂંઝવણ વધતી જતી હતી. કારણ કે હરિનારાયણાનંદ સ્વામી આવી ગયા હતા; અન્ય મુલાકાતીઓને પણ મળવાનું હતું; સભામાં સમયસર પહોંચવાનું હતું તે સમયે જ આ શું ચાલી રહ્યું છે ? વાતને ટુંકાવવા માટે વારંવાર સંકેતો અપાતા હતા. પરંતુ 'હરિ

અક્ષર હળવાફૂલ...' સ્વામીશ્રી જાણે કશું જ ન હોય તેમ હળવાશથી પરંતુ કડકપણે મારી આળસ ખંખેરતા હતા. મારા આળસુ વિચારને ભૂંસી નાખવો તે જ તેમના માટે અત્યારે અગત્યનું કાર્ય હતું. સ્વામીશ્રી પ્રવૃત્તિને ભક્તિ-સેવા માને છે. ભક્તિના પંથે થાકે તેને ધ્યેયની પ્રાપ્તિ ક્યાંથી ? વળી સાધુએ તો ભગવદ્‌ભક્તિ માટે જ ભેખ લીધો છે, તેનો 'થાક' શબ્દ પણ સ્વામીશ્રી કેમ સાંભળી શકે ?

સ્વામીશ્રી આગળ કહી રહ્યા હતા : 'આપણાથી થાય તેટલી સેવા કરવી. આ કંઈ પ્રવૃત્તિ નથી. ભગવાનની સેવા છે.'

યુદ્ધનાં સમરાંગણમાં હથિયારો નીચે રાખીને બેઠેલા માત્ર એક અર્જુનને જ શ્રીકૃષ્ણે ઊભો કર્યો હતો. પરંતુ અહીં સેવાયજ્ઞમાં અનેક અર્જુનોને બેઠા કરી સેવામાં જોડવાનો ભગીરથ પ્રયત્ન સ્વામીશ્રીએ આદર્યો હતો. તેમાં કોઈ બેસી જાય તે કેમ ચાલે ?

* * *

તા. ૨૭-૨-૯૩, શનિવાર, મુંબઈ સ્વામીશ્રી પોતાના માનસપુત્રોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. બૅંગ્લોરમાં અભ્યાસ કરવા જનાર સંતોએ જ્યારે સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે અમે હરિકૃષ્ણ મહારાજને (નાની પંચધાતુની મૂર્તિ) પણ અમારી રક્ષા માટે લઈ જઈએ છીએ, ત્યારે સ્વામીશ્રી ખૂબ જ પ્રસન્નતા સાથે કહે : 'ઠાકોરજી લઈ જાઓ છો એ સારું છે. ઠાકોરજીની ભક્તિ કરવાનો વિચાર સારો છે. અમને ગમ્યો. આપણો સંપ્રદાય ભક્તિનો છે. સંતોને ઠાકોરજી હોય એ સારું. ગુણાતીતાનંદ સ્વામી પણ રાખતા. ભક્તિ સંપ્રદાયની રીત રહે તો નાસ્તિકભાવ ન આવે. યોગીજી મહારાજે કેટલી ભક્તિ કરી છે ! શાસ્ત્રીજી મહારાજ પણ રાખતા, આપણી આ રીત છે. એકાદશી હોય ત્યારે ઠાકોરજી માટે પૂરી-શાક કરી લેવું. દૂધ ને ફ્રૂટ ધરાવી દેવું, ઠાકોરજીને ઉપવાસ નહીં કરાવવાના.'

સ્વામીશ્રીએ ભક્તિ-ભાવનાની પ્રશંસા તો કરી પણ સાથે ભક્તિની રીત પણ શીખવી. વિદ્યાર્થીઓને અથવા વિદ્વાનોને તો 'काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम्' કહેવત પ્રમાણે ભણવામાં જ આનંદ હોય. શાસ્ત્રચર્ચામાં જ સમય પસાર થઈ જાય. પરંતુ સ્વામીશ્રીને મન તો ભગવાનની ભક્તિની ગરિમા જ સવિશેષ છે.

સ્વામીશ્રીને પંડિતો તો બનાવવા છે, પરંતુ 'સાધુ જેવી કોઈ પદવી નથી.' એ શ્રીહરિનાં વચનરૂપી એકડો સૌ સંતોને વારંવાર શીખવવો છે. સાધુતા અંગે વાત કરતાં આગળ કહે : 'ખરેખરો અભ્યાસ કરવો, સાદાઈ રાખવી.'

આ પહેલાં તા. ૯-૨-૯૩ના રોજ પણ ઉપદેશવચનો કહ્યાં હતાં. તે વચનો સ્વામીશ્રીની સર્વાંગી સૂઝની પ્રતીતિ કરાવે છે.

સ્વામીશ્રી કહે : 'નિયમચેષ્ટા કરીને સૂવું, અભ્યાસ ઉપર વધારે તાન રાખવું, સંપથી, મહિમાથી હળીમળીને રહેવું. આપણું કામકાજ સાથે મળીને કરી લેવું, કોઈ વહેલો મોડો થાય તો ક્રિયા કરી લેવી. અમે ભણતા'તા ત્યારે હું અને અક્ષરજીવન સેવા કરી લેતા.'

શાસ્ત્રોના વિદ્વાન્ થયા પછી જે મુદ્દાની વાત ભુલાઈ જતી હોય છે અને તેને લીધે જ લક્ષ્યવિહીન જીવન બની જાય છે - તે અંગે સ્વામીશ્રીએ લાલબત્તી ધરી.

સ્વામીશ્રી કહે : 'આપણે બધાં જ શાસ્ત્રો ભણીએ છીએ, પણ સાથે આપણો સિદ્ધાંત દૃઢ રહે એ પહેલું કરજો : પાંચ ભેદ અનાદિ છે તે બધી શ્રીજીમહારાજની સિદ્ધાંતની વાત જ પુષ્ટ થવી જોઈએ. આપણો સિદ્ધાંત મજબૂત થાય અને બીજાને સમજાવીએ એ દૃષ્ટિ રાખીને જ ભણવું. પણ ન્યાયની ઓથમાં એમ થઈ જાય કે મહારાજે કહ્યું તો છે પણ એમની ભૂલ્ય થઈ લાગે છે ! પરંતુ શ્રીજીમહારાજ ભગવાન છે. આપણા સિદ્ધાંતનું દૃઢ રીતે પાલન થવું જોઈએ. એમનું જ્ઞાન પૃથ્વી રહે ત્યાં સુધી પ્રવર્તાવવું જોઈએ; એ માટે આપણે વચનામૃત ને સ્વામીની વાતોમાં ઊંડા ઊતરો.' સ્વામીશ્રીનાં વાક્યે વાક્યે અણિશુદ્ધ જ્ઞાન અને સમજણનો રણકો કંઈક જુદો જ હતો.

ચિત્રકાર ચિત્ર બનાવ્યા બાદ થોડો દૂર જઈ નિરીક્ષણ કરે... કંઈ ખામી તો રહી નથી ને ? દૂરથી કેવું લાગશે ? બાજુમાં ઊભેલાને કેવું લાગશે ?...

સ્વામીશ્રી પણ આદર્શ ચિત્રકારની અદાથી સંતો-ભક્તોના આંતરિક વૈભવને તપાસતા જ રહે છે અને કંઈ ખોટ દેખાય તો તરત ટકોર કરે, ને સારું દેખાય તો પ્રશંસા કરે.

* * *

તા. ૩૧-૮-૮૭, સોમવાર, દિલ્હી. આજે ગુજરાત, રાજસ્થાન અને

ઉત્તરપ્રદેશનાં તીર્થસ્થાનોમાં દર્શન કરી, પાંચ બસો દ્વારા સંતો અહીં સ્વામીશ્રીનાં દર્શન માટે બે દિવસથી આવ્યા હતા. અહીંથી હિમાલયની ચારધામ યાત્રાનો પ્રારંભ થવાનો હતો. આજે સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે અમારી 'ગંગોત્રી' બસના સંતો જઈ પહોંચ્યા. ચિન્મય સ્વામીએ બસમાં અને જે તીર્થમાં મુકામ હોય ત્યાંની બધી જ સેવા જે તે સંતો કરતા હતા તેની વિગત કહી, સ્વામીશ્રી મને કહે : 'તમે શું કરો છો ?'

'સંડાસ-બાથરૂમની સાફસૂફી.'

'ચિન્મય ! પંડિતને આવું સોંપાય ? એ તો મોટા પંડિત કહેવાય !' સ્વામીશ્રીએ મર્મમાં ચિન્મય સ્વામીને કહ્યું.

સ્વામીશ્રીનો મર્મ લોકોત્તર હતો. તેનું રહસ્ય પછીના વાક્યમાં સમજાયું.

સ્વામીશ્રી કહે : 'સારું, આ સેવા સારી, તેનેય માન ન આવે ને ? 'હું પંડિત છું' તે માન આવી જાય તો કરેલું નિષ્ફળ જાય. માટે સંડાસ-બાથરૂમ સાફ કરવું, એ સેવા મોટી !'

સાચે જ સ્વામીશ્રીએ ઉપાસના, સાધુતા, નિર્માનીપણું, ભક્તિ, સમજણ, મમત્વ, પ્રેમ, કર્તવ્યનિષ્ઠા વગેરેના કેટલાય પાઠ વારંવાર ભણાવ્યા છે.

'શરણાગતિ ગદ્ય'માં વૈષ્ણવરાજ રામાનુજાચાર્ય ભગવાનને સંબોધીને કહે છે કે 'पिताऽसि लोकस्य' (હે પ્રભુ ! આપ આ લોકના પિતા છો) સમગ્ર લોકના પિતા ભગવાન છે તે વાત તો સાચી છે, પરંતુ સ્વામીશ્રી અમારા અને ખાસ કરીને મારા પિતા છે તેનો અનુભવ ઘણી વખત થયો છે અને થાય છે.

* * *

નંદકિશોર સ્વામી

સાંકરી

૧૯૭૦માં કંપાલામાં યોગીબાપાએ ચાલુ સભાએ મને આગળ બેઠેલો જોઈને આંગળીના ઈશારે બોલાવ્યો. હું પાસે ગયો, ત્યારે ગળામાં કંઠી તપાસી કાનમાં આંગળી ફેરવતાં ફેરવતાં પ્રેમથી પૂછ્યું હતું : 'કો' થઈશ !'

મને આ વાતમાં કાંઈ સમજ ન પડી તેથી ગુણવંતભાઈ દાણીએ કહ્યું કે 'સ્વામી પૂછે છે કે સાધુ થશો ? '

મેં હા પાડી. આ વાત માત્ર અમે ત્રણ જ જાણતા હતા.

યોગીબાપા ધામમાં પધાર્યા. અમે અભ્યાસમાં જોડાયા ને એ વાત વિસારે પડી ગઈ.

૧૯૭૪માં સ્વામીશ્રી ગુરુપદેથી સૌ પ્રથમ વિદેશયાત્રાએ લંડન આવવાના હતા. મારા અંતરમાં ઘણું કુતૂહલ અને દ્વિધાઓ હતી. કોઈકની પાસેથી સાંભળેલું કે પ્રમુખ સ્વામી મહારાજ બહુ જ સ્ટ્રીક્ટ (કડક) છે. સહેજપણ ભૂલ ચલાવી ન લે... આથી મને થતું કે યોગીબાપા જેવું હેત, એમના જેવો ધબ્બો સ્વામીશ્રી આપશે કે કેમ ? બોલાવશે કે નહીં...

નિયત દિવસે સ્વામીશ્રી પૂર્વ આફ્રિકાથી ઇંગ્લૅન્ડ આવી પહોંચ્યા. અમે ઈઝલીંગ્ટન મંદિરે દર્શને પહોંચી ગયા. સત્સંગ સભામાં સ્વામીશ્રીએ આનંદની છોળો ઉડાડી ! છતાં મારા મનની દ્વિધા ઘટી નહોતી. સભા બાદ લાઈનમાં સ્વામીશ્રીનાં દર્શન કરવા ગયો, ત્યારે અચાનક સ્વામીશ્રીએ ગળામાં હાથ ફેરવી, નીચો નમાવી પ્રેમપૂર્વક પીઠમાં ધબ્બો આપી દીધો. પછી ચાર આંખ એક કરતાં અતિશય હેતથી પૂછ્યું, 'આપણે પેલું કેમ છે ? સાધુ થવાનું ? આપણે સાધુ જ થવાનું છે ને !'

'હા સ્વામી.' મેં હર્ષભર્યા અવાજે કહ્યું.

સ્વામીશ્રી રાજી થયા, ને કહે : 'સારું, સારું. સેવામાં આવી જજો !' મારી દ્વિધામાત્ર મટી ગઈ. જે વાત યોગીબાપા, ગુણુભાઈ ને હું - માત્ર ત્રણ

જ જાણતા, તેને બદલે સ્વામીશ્રીએ એ વાત સામેથી સંભારી ! મને થયું, યોગીબાપા ક્યાંય ગયા નથી. તેઓ છે જ ! અંતર્યામી એવા સ્વામીશ્રી દ્વારા તેઓ જ વિચરી રહ્યા છે... આ પછી તો સત્સંગનો ખૂબ લાભ લીધો.

લંડનમાં સ્વામીશ્રીનો ઉતારો ફિન્ચલીમાં ફૉરવેઝમાં રખાયો હતો. ઘણા યુવકો રાત્રે મોડે સુધી સ્વામીશ્રીની ચરણસેવા કરવાના લોભે રોકાતા. એકવાર હું પણ રોકાયો. ૧૨ વાગે સ્વામીશ્રી પત્રલેખન બાદ આરામમાં પધાર્યા. અમે યુવકો ચરણસેવામાં પહોંચી ગયા. ઘણું મોડું થયું હતું. તેથી બસ મળે તેવી શક્યતા નહોતી. પરંતુ તરત જ બસ મળી ગઈ. હું મધ્ય લંડન પહોંચ્યો અને રેલવે સ્ટેશન પર ટિકિટ કઢાવી પ્લેટફૉર્મ પર પહોંચ્યો, ત્યાં ટ્રેન ઉપડી ગઈ ! બસ-રેલવે-ટેક્સીની બધી જ શક્યતાઓ તપાસી, ફોન કર્યા પણ આજે વાહનયોગ લખાયો જ નહોતો ! મેં ચાલવા માંડ્યું. મળસ્કે ૩ વાગે ઘરે પહોંચ્યો અને સવારે સ્વામીશ્રીની સ્નાન કરાવવાની સેવામાં અને પૂજામાં પહોંચી ગયો. આ વાત જાણીને કોઈએ સ્વામીશ્રી પાસે રજૂ કરી કે ચાલતો ૩ વાગે ઘરે પહોંચ્યો ને વહેલો આવી ગયો. સ્વામીશ્રીએ આ વાત જાણી ખૂબ જ રાજીપો દર્શાવ્યો. પ્રશંસા કરી મને ખૂબ બળ આપ્યું ને પછી પ્રેમથી આજ્ઞા કરતાં કહે : 'તારે તારો સામાન લઈને અહીં આવી જવાનું, ને અહીં રહીને સેવા કરવાની !'

આ મારે માટે મહાઅમૂલ્ય તક બની રહી. સ્વામીશ્રીની નજીક આવવાનો, ઘડતરનો અને સાધુજીવનની દૃઢતાનો ખ્યાલ આ નિવાસ દરમ્યાન દૃઢ થતો ગયો.

આ સેવા દરમ્યાન નામ દઈને, મીઠપથી બોલાવીને, કોઈકવાર કંઈક ન આવડે તો જાતે શીખવાડીને, સ્વામીશ્રીએ જે હેત-પ્રીત આપ્યા છે, તેનું ઋણ ચૂકવવા હું સદા અસમર્થ જ રહીશ.

* * *

સ્વામીશ્રી લંડનથી પ્રથમ જ વાર અમેરિકા જઈ રહ્યા હતા. તેથી વિદાય દિનના ત્રણ દિવસ પૂર્વે સવારે મેં સ્વામીશ્રીને પૂછ્યું, 'બાપા ! આપ તો અમેરિકા જવાના, ને મેં અહીં (મેડિકલ કૉલેજનો) અભ્યાસ છોડી દીધો છે. તો શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'આપણે સાથે જ અમેરિકા આવવાનું છે !'

મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે વચ્ચે માત્ર બે જ દિવસ રહ્યા હતા. પરંતુ સ્વામીશ્રીએ દુર્ગેશભાઈ દવેને આખી વાત સમજાવી. તેમણે ઈમિગ્રેશન વગેરે માટે દોડાદોડી કરી, અને અઠવાડિયાનું કામ બે દિવસમાં સ્વામીશ્રીના આશીર્વાદથી થયું.

અમેરિકામાં દોઢેક માસ દરમ્યાન જે વિચરણ થયું તે અભૂતપૂર્વ હતું. સ્વામીશ્રી પ્રથમ વખત પધારી રહ્યા હતા. આથી મબલખ પધરામણીઓનો પાક ઊતરતો. અમારી નાનામાં નાની વ્યવસ્થાનું સ્વામીશ્રી ખૂબ જ ધ્યાન રાખતા. એ સમયે હરિભક્તોનો સમૂહ ઓછો તેથી ૩ સ્ટેશનવેગન રેન્ટ (ભાડે) ઉપર લીધા હતા.

અમેરિકાના વિચરણમાં ફિલાડેલ્ફિયામાં સવારે ચાર વાગ્યા સુધી સ્વામીશ્રીએ પધરામણીઓ કરી હતી તે પ્રસંગ મેં નજરે નિહાળ્યો છે. આખી રાતનો પરિશ્રમ હોવા છતાં સ્વામીશ્રી સંપૂર્ણ સ્વસ્થ, તાજગીભર્યા અને બ્રહ્મખુમારીથી સભર જણાતા હતા ! સવારે ૪ વાગ્યા સુધી પધરામણી કરી, સ્નાન-પૂજા બાદ બીજા દિવસના રૂટિનમાં કોઈ જ થકાવટની ફરિયાદ વિના જોડાઈ જવું, એ હરિભક્તોનાં હૈયાં પણ હચમચાવી નાખે તેવી ઘટના હતી !

* * *

એકવાર ન્યૂયોર્કમાં અમે કેટલાક હરિભક્તો તથા યુવકો 'એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ' જોવા ગયા હતા. હરિભક્તો ૧૦૨ માળની આ ઈમારતમાં છેક ઉપરના મજલેથી, ચારે તરફની વિશાળ બારીઓમાંથી જો વાતાવરણ સારું હોય તો ૮૦ માઈલ સુધીનો વિસ્તાર દેખાય છે.

અમે પાછા ફર્યા ત્યારે યુવકો અંદરોઅંદર આ બિલ્ડિંગની ખૂબીઓની જ ચર્ચા કરી રહ્યા હતા. રાત્રિ સભામાં સ્વામીશ્રીએ યુવકોને અદ્‌ભુત સમજણ આપી : 'આપણા દેશમાં મકાનો-બંગલાઓ, ધૂળ-રેતી-ઈંટ ને પથરાના હોય, એમ અહીં આપણે જોઈ આવ્યા તે (એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ) પણ ધૂળ-રેતી-ઈંટ ને પથરામાંથી જ બનાવેલું છે. પણ તેમાં આપણને મોહ થાય છે. પણ એક દિવસ એનો પણ નાશ થઈ જશે. લોકો જોઈને રાજી થાય છે, પણ અંતે ધૂળ જ છે !!'

સ્વામીશ્રીએ એક ધારી વાતો કરીને આ બધું જોયાનો વિચાર અને પ્રભાવમાત્ર ટાળી નાખ્યો !

આ લોકના સુખોમાં એક તરફ આટલો વૈરાગ્ય હોવા છતાં પરબ્રહ્મના ધારક એવા આ સંતે વ્યવહારની ઝીણવટ પણ કેટલી બતાવી છે !

ન્યૂયોર્ક પાસે હૉબોકોનમાં આપણા નિષ્ઠાવાન ભક્ત ભગુભાઈના ઘરે સ્વામીશ્રીનો ઉતારો રાખ્યો હતો. સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા પૂર્વે બંગલાની પાછળના ભાગે હરિભક્તો થર્મોકોલની ડીશમાં બુફે ડીનર આરોગતા હતા, ત્યાં દર્શન દેવા પધાર્યા. પાણીની વ્યવસ્થા માટે સૂચના આપી પોતે ઠાકોરજી જમાડ્યા. એવામાં કોઈ થર્મોકોલની ડીશ બતાવવા આવ્યું.

સ્વામીશ્રી રસપૂર્વક જોવા લાગ્યા ને ભગુભાઈને પૂછ્યું, 'આની કિંમત શું ?'

'પાંચ ડૉલરની ડઝન, ને ગ્લાસ બે ડૉલરના ડઝન...'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'આપણા દેશમાં પત્રાવળાં મોટા ને સસ્તા મળે !' પછી કહે : 'આ ડીશ ફરી ઉપયોગમાં ન આવે ?'

'ના સ્વામી.' યુવકોએ કહ્યું : 'આ તો યુઝ એન્ડ થ્રો ! વાપરીને નાખી જ - દેવાની.'

સ્વામીશ્રી કહે : 'દેશમાં તો ધોઈને ફરી વાપરીએ... એવી સરસ ડીશ છે!'

લોકના પદાર્થમાત્ર તૃણવત્ ગણનાર મહાપુરુષ પાસેથી ઠાકોરજીનાં ધનની મમત્વદષ્ટિ પણ વ્યવહારમાં નિપુણ બનાવે તેવી હોય છે, તે અનુભવ વિના ક્યાંથી સમજાય ?

* * *

આ વિદેશયાત્રા બાદ સ્વામીશ્રી સાથે મુંબઈથી વિચરણ કરતાં અમે ભાવનગરમાં યોજાયેલી પારાયણમાં આવી પહોંચ્યા. ઉતારો કુબેરભાઈના ઘરે રાખવામાં આવ્યો હતો. થોડા જ સમયમાં દીક્ષા લેવાની હોઈ મારા મનમાં વિચારો ચાલતા હતા કે સંબંધીજનો મળવા બોલાવે છે તો જઈ આવું... એ દિવસે સાંજે સ્વામીશ્રી એક હરિભક્તના મકાનમાં મેડે જમવા પધાર્યા. અમે સંતો સાથે બધી તૈયારી કરી સ્વામીશ્રીની રાહ જ જોઈ રહ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા. દાદર ચડ્યા ને સામે જ મને ઊભેલો જોયો એટલે મારી પાસે આવીને હસતાં હસતાં અત્યંત વહાલપમાં મારી છાતી પર હાથ ફેરવતાં બોલ્યા, 'શાંતિ છે ને ? સેવા કરો છો ને ?'

મારા મનમાં ચાલતા બધા જ વિચારો આ સ્પર્શમાત્રે અલોપ થઈ ગયા ! અમે હરિભક્તો સાથે પાથરણાં પાથરતા હતા, તેની પણ સૂધબૂધ ન રહી. તેમના જ સ્વરૂપમાં ને વહાલપમાં ખોવાઈ ગયો ! આવી રીતે તો ઘણી વાર નામ દઈને એવી રીતે બોલાવે કે જાણે એ ઉચ્ચાર પર આયખું ઓવારી જઈએ !! આવી શાંતિ સહજ હેતમાં - દૃષ્ટિમાં કે પ્રસાદમાં આપી હોય તેવી કેટલીયે સ્મૃતિઓ હૃદયમંજૂષામાં ધરબાયેલી પડી છે.

* * *

ભાવનગરમાં શ્રીહરિ જયંતીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. એ દિવસે સવારથી જ પધરામણી શરૂ થઈ ગઈ હતી. સ્વામીશ્રીને નિર્જળા ઉપવાસ હતો. બપોરે બે વાગ્યા સુધી પાણીનું ટીપુંયે મોંમાં મૂક્યા વિના, અંગાર વરસાવતી બપોરે સ્વામીશ્રી ઉતારે કુબેરભાઈના ઘરે પધાર્યા ત્યારે આંખો લાલઘૂમ થઈ ગઈ હતી. શરીર તપતું હતું. સ્વામીશ્રી સીધા જ બાથરૂમમાં પધાર્યા. સાંકડી બાથરૂમમાં પોતાના હાથે લોટા વડે ઠંડા પાણીથી સ્નાન કરવા લાગ્યા. સેવકને કહે : 'તું ઠંડાં પાણીની ડોલ રેડતો જા...' એમ ડોલની ધારે સ્વામીશ્રીએ સ્નાન કર્યું. પંદરેક ડોલ વપરાઈ ગઈ ત્યારે કંઈક શાતા વળી. સ્વસ્થ થયા. છતાં અશક્તિ એટલી લાગી હતી કે ધોતિયું માંડ પહેરાયું. અલ્પ વિશ્રામ કર્યો, ત્યારે સંતોએ-હરિભક્તોએ ફરાળ માટે અતિશય આગ્રહ કર્યો. પણ સ્વામીશ્રી જેનું નામ ! એમના નિર્જલ ઉપવાસને કોઈ મહાત કરી શક્યું નહીં ! 'વજ્રાદપિ કઠોરાણિ...' આ સૂત્ર એમણે પોતાના માટે કરીને રાખ્યું છે, અને 'મૃદૂનિ કુસુમાદપિ' આ સૂત્રને એમણે આપણા જેવા હજારો ભક્તોને માટે કરીને રાખ્યું છે !

* * *

૧૯૮૧, સ્વામીશ્રી સારંગપુરથી બોચાસણ ગુરુપૂર્ણિમાના અવસરે જઈ રહ્યા હતા. મોટરમાં કૃપા કરીને મને સાથે લીધેલો. શરૂઆતમાં તો ઘણી જ બળની વાતો કરી. ધંધુકા નજીક પહોંચ્યા ત્યારે સંધ્યા ઢળી ચૂકી હતી. સ્વામીશ્રી ઍમ્બેસેડરમાં આગળ બિરાજ્યા હતા. હું, યોગીચરણ સ્વામી તથા સંતસ્વરૂપ સ્વામી પાછળ હતા. સ્વામીશ્રી જરા પાછળ ફરીને કહે : 'ગોડી આવડે છે ?'

મેં કહ્યું : 'હા.'

'બોલો.' સ્વામીશ્રીએ કહ્યું. મારા હાથમાં હરિકૃષ્ણ મહારાજ બિરાજ્યા હતા. મેં ગોડી શરૂ કરવા જય બોલાવી, ત્યાં સ્વામીશ્રી કહે : 'આરતી, ગોડી, ચેષ્ટા ગમે ત્યાં જઈએ, તો પણ સમયસર બોલી જ લેવા. મહારાજની આજ્ઞા છે. પહેલાં તો સંતો કીર્તન પણ મોઢે ગાતા. ચોપડીની જરૂર જ ન પડે !' પછી ગોડી ઉપાડી. 'સંત સમાગમ...' પોતે જૂની હલકથી માપની લયથી અને ઘંટડી જેવા કોમળ સ્વરથી ગાવા લાગ્યા... આટઆટલી પ્રવૃત્તિમાં ભગવદ્‌ભજનનું સતત અનુસંધાન નિહાળી સાચે જ આશ્ચર્ય થયું !

* * *

તા. ૪-૨-૧૯૮૩નો દિવસ હતો.

સ્વામીશ્રી ખેડા જિલ્લામાં વિચરણ કરતાં કરતાં સુંદલપુરા ગામમાં પધાર્યા હતા. રાત્રે સભા તથા મુલાકાતોમાં સ્વામીશ્રી તથા સંતોને મોડી રાત સુધીનો ઉજાગરો હતો. તેથી બીજે દિવસે તા. ૫-૨-૮૩ ના રોજ સૌ મોડા ઊઠ્યા હતા. સ્વામીશ્રી ઊઠ્યા ત્યારે ૬ નો સમય થયો હશે. ઉતારાની બહારની દિવાલે શૌચાલયમાં જતાં સ્વામીશ્રીએ મારો તથા ધર્મચરણ સ્વામીનો હાથ પકડ્યો હતો. મારે કાને જનોઈ ચડાવેલી જોઈ સ્વામીશ્રીએ ઓસરીનાં ચાર-પાંચ પગથિયાં ચડતાં હાથ પર ખૂબ વજન આપ્યું. થાક અને બેચેની આંખોમાં ને શરીર પર વર્તાતા હતા. ચડતાં ચડતાં જ મને પૂછ્યું, 'હજી નાહ્યો નથી !'

'ના, સ્વામી, મોડું થઈ ગયું.'

સ્વામીશ્રી કહે : 'વહેલા ઊઠી જવું. રોજ નિયમિત રાખવું. ૬ વાગ્યા પહેલાં, રાત્રે મોડું થાય તો મોડામાં મોડું ૬ વાગે ઊઠી જ જવું. જેથી ભજન-ભક્તિ અને સેવા થાય...' એમ કહેતાં સ્વામીશ્રી બાથરૂમમાં પધાર્યા. અમે ઉતાવળે પરવારવા માંડ્યા. અમે પૂજા કરતા હતા ને સમાચાર મળ્યા કે સ્વામીશ્રીને હાર્ટએૅટેક આવ્યો છે !

અત્યંત બેચેની લાગતી હશે, હૃદય વલોવાતું હશે એવી અવસ્થામાં પણ સ્વામીશ્રીએ મને જીવનઘડતરની - નિયમ ઘડતરની તાલીમ આપી છે, તે તો કેમ ભુલાય ?

* * *

હૃદયરોગના હુમલા પછી ગંભીરતામાંથી હજુ ધીમે ધીમે સ્વામીશ્રી તબિયતમાં પ્રગતિ થઈ રહી હતી, તે દિવસોમાં સ્વામીશ્રી વડોદરામાં

અશોકભાઈ પટેલના બંગલામાં આરામના બદલે કથાશ્રવણ અને ભગવદ્ભજનમાં જ સમય વિતાવી રહ્યા હતા. સૂતા-ઊઠતા-બેસતા-દવા લેતા-વાતો કરતા-વાતો સાંભળતા કેવળ હરિકૃષ્ણ મહારાજ... હરિકૃષ્ણ મહારાજ... એમનો જીવનમંત્ર જ જાણે કે અમે અનુભવ્યો હતો.

એકવાર શાસ્ત્રીજી મહારાજનું જીવનચરિત્ર વંચાતું હતું. સ્વામીશ્રી આંખો બંધ કરી પોતાના ગુરુહરિની માનસમૂર્તિ ખડી કરી રહ્યા હતા. કૃષ્ણપ્રિય સ્વામીએ વાંચન બંધ કર્યું ત્યારે કહે : 'વાંચો... વાંચો...'

પછી વંચાયું. તેમાં પ્રસંગ આવ્યો કે શાસ્ત્રીજી મહારાજ વડતાલથી નીકળતા પહેલાં હરિકૃષ્ણ મહારાજનાં દર્શને પધાર્યા અને આર્દ્રભાવે પ્રાર્થના કરી... બરાબર આ જ વખતે એક હરિભક્ત રૂમમાં પ્રવેશ્યા. તેમના હાથમાં વડતાલના હરિકૃષ્ણ મહારાજનો ફોટોગ્રાફ હતો, જે તેઓ પ્રસાદીભૂત કરાવવા લાવ્યા હતા... સ્વામીશ્રી આનંદવિભોર બની એકીટશે એ મૂર્તિનું દર્શનપાન કરતા રહ્યા... પ્રણામ કરી મૂર્તિ પાછી આપી... અને આરતી ઉતારવા આજ્ઞા આપી... 'શ્રવણં કીર્તનં વિષ્ણોઃસ્મરણં...' જેવા ભાગવત પુરાણાદિકના ભક્તિમાહાત્મ્યના શ્લોકો સ્વામીશ્રી જેવા પુરુષ ન હોત તો કેવા નિરર્થક લાગત?

જેમના જીવનમાં ઇષ્ટદેવનું અસ્ખલિત રટણ રહેતું હોય તેવા પુરુષ પોતાના સંબંધમાં આવનાર કોઈપણ વ્યક્તિને અનન્ય ભક્તિ આપી શકે છે.

આ દિવસો દરમ્યાન જ્યારે સ્વામીશ્રીને ઉઠાડવા જાઉં ત્યારે અચૂકપણે અનુભવ્યું છે કે જ્યારે જ્યારે વિશ્રામમાંથી જાગૃત થાય ત્યારે તેઓ બોલી ઊઠે છે : 'મહારાજ... સ્વામી... સ્વામી... સ્વામી... સ્વામી... શાસ્ત્રીજી મહારાજ... યોગીજી મહારાજ... !'

ગમે તેવા નિદ્રાધીન હોય, મધુર નસ્કોરાં બોલતાં હોય, પણ જેવા જાગે કે તરત જ આ જ શબ્દો અચૂકપણે મહિનાઓ સુધી એમના મુખમાંથી સ્વાભાવિક રીતે સરી પડતાં સાંભળ્યા છે !

આ એમની ભગવાનમય પ્રતિભાની સાક્ષી છે.

એમની પરાભક્તિનું માપી ન શકાય તેવું ઊંડાણ છે.

સહજાનંદમાં સહજ-રસબસ સ્વામીશ્રી આપણા અંતરમાં એ રસ ઘુંટાવે તેવી પ્રાર્થના સાથે જેવા નિહાળ્યા તેવા જણાવ્યાનો કંઈક સંતોષ માનું છું...

* * *